પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક
સંસ્થાપક • રવિશંકર રાવળ • આદ્યતંત્રી • બચુભાઈ રાવત

કુમાર

જૂન • ૧૯૯૧
વર્ષ ૬૪મું

તંત્રી
ધીરુ પરીખ
સંપાદક
બિહારીલાલ ટાંક



ચિંતક
શિલ્પી
માર્શલ ફેડરિક્સ

સળંગ અંક
૭૬૧

ભીષણ સૌંદર્ય : પોતાનો પગ ચાટતો વાઘ એ કંઈ બહુ રોચક ચિત્રવિષય ન લાગે, પણ એમાં વાઘના દેહની લચક અને એની પટાદાર સુંવાળી ચામડીની ચમક ચિત્રનો વિષય જ નહિ, ચિત્રકારના કૌશલની કસોટી પણ બની રહે. પુષ્પો, કીટકો, પ્રાણીઓ અને જળજીવોના નિષ્ણાત જપાની ચિત્રકાર ઈટો જાકુચુ (૧૭૧૬–૧૮૦૦)નું ૧૭૫૫ના અરસાનું આ એક રેશમી ખાકીમોનો છે. વૈજ્ઞાનિક કહી શકાય તેવી ચોક્કસ નિરીક્ષણ શક્તિ અને ઊંડા ચિત્રાભ્યાસ માટે એની આગવી ખ્યાતિ રહી છે. ખાકીમોનો, એટલે કે ભીંતે લટકાવવાના ઊભા ચિત્રમાં એણે માત્ર થોડા રંગો અને કાળી શાહીથી રુક્ષ વૃક્ષડાળના વળાંક સાથે રેશમી રૂંવાટીવાળી વાઘની ચામડી તથા તેની ઉપરના કાળા ચટાપટાના વળાંક વડે તેની દેહભંગિની જે સુંદર વિરોધાભાસી તુલના નિરૂપી છે તે તેના કલાકૌશલની દ્યોતક છે. આશ્ચર્ય તો એ છે કે આ ચિત્રકારે વાઘને તો કદી પ્રત્યક્ષ જોયો જ નહોતો. જો જોયો હોત તો ?



'કુમાર'ને વધુ સમૃદ્ધ કરવા માટે અપીલ

ત્રણેક વર્ષના અણધાર્યા વિરામ બાદ 'કુમાર'નો ૭૫૧મો અંક પ્રકટ કરી શકાયો તેનો અમને થયો છે તેટલો આપને પણ આનંદ થયો જ હશે. તે અંકના પ્રાક્ટ્ય સાથે 'કુમાર' માસિકે સાડા બાસઠ વર્ષની મજલ પૂરી કરી નૂતન પગરણ માંડ્યાં છે. ૧૯૨૪માં એનો પ્રથમ અંક પ્રકટ થયો ત્યારથી તે ઉત્તરોત્તર અવનવીન પ્રયોગો કરતું જ રહ્યું છે. એનું કાઠું વિશ્વકોશ સમું છે. કેટકેટલા વિષયો એમાં આવરી લેવાય છે... સાહિત્ય, નૃત્ય, સંગીત, શિલ્પ-સ્થાપત્ય, ઈતિહાસ-ભૂગોળ, ખગોળ, આરોગ્ય, રમતગમત, વિજ્ઞાન, શિક્ષણ, પુરાતત્ત્વ, પશુપક્ષી-જગત, દરિયાઈ અને વન્ય સૃષ્ટિ, ચિંતન અને મનન ! આ બધું જ પાછું સચિત્ર. ઊગતી પેઢીનાં રસરુચિનાં સંમાર્જનમાં અને જીવનઘડતરમાં 'કુમાર' માસિકે સંગીન ફાળો આપ્યો છે એવો સંસ્કારી ગુજરાતી પ્રજાનો અભિગમ રહ્યો છે.

આવું સંસ્કારપોષક અને વૈવિધ્યપૂર્ણ શિષ્ટ વાચન પૂરું પાડી 'કુમાર' માસિકે એની આગવી પરંપરા ઊભી કરી છે. આ પરંપરાનું શક્ય તેટલું જતન થતું રહ્યું છે. આ રીતે ગુજરાતી પત્રકારત્વમાં 'કુમાર'નો ફાળો મહત્ત્વનો રહ્યો છે, એવી અમારી નમ્ર પ્રતીતિ છે.

પરંતુ ૧૯૮૭થી થોડાં વર્ષ એનું પ્રકાશન સ્થગિત કરવું પડ્યું હતું તેનો વસવસો અમારી જેમ 'કુમાર'ના અનેક ચાહકોને રહ્યા કરતો હતો. તેની ઊણપ સૌને સતત વર્તાયા કરતી હતી તેવું અનેકોની મૌખિક-લેખિત પૃચ્છાથી જણાયું હતું. આમ, સહુ 'કુમાર'પ્રેમીઓની સદ્‌ભાવનાના જોર પર શ્રદ્ધા રાખીને 'કુમાર'નું પ્રકાશન પુનઃ આરંભ્યું છે ત્યારે એના પ્રકાશનની નિયમિતતા હવે નંદવાય નહિ અને તે સામગ્રી અને સજાવટ બંને દષ્ટિએ વધુ ને વધુ સમૃદ્ધ થતું રહે તેવા અમારા સક્રિય પ્રયાસો છે. વળી, તેમાંનાં ચિત્રો રંગીન બને તેવો પણ મનસૂબો રાખ્યો છે. કાગળ પણ વધુ સારા વાપરવાથી છપાઈ વધુ ઉઠાવદાર બને તેનો પણ ખ્યાલ રાખ્યો જ છે.

આ બધા માટે 'કુમાર'ને સહાયરૂપ થવા આપના સહકારની અપેક્ષા રહે છે. આ સ્થાનેથી આપને એને સહાયભૂત થવા અમે અન્તઃકરણપૂર્વકની અપીલ કરીએ છીએ. આપ નીચેની રીતે સહાયભૂત થઈ શકો છો :

૧.	વાર્ષિક ગ્રાહક બનીને.	લવાજમ હવેથી	રૂ.	૭૫=૦૦
૨.	આજીવન ગ્રાહક બનીને.	લવાજમ હવેથી	રૂ.	૭૫૦=૦૦
૩.	પેટ્રન સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ.	૧૦૦૦=૦૦
૪.	સંવર્ધક સભ્ય બનીને.	સભ્યફાળો	રૂ.	૫૦૦૦=૦૦
૫.	સ્થાન સમર્પિત કરીને.	અર્ધું પાનું	રૂ.	૨૫૦=૦૦

આપ શિષ્ટ કાવ્યકૃતિ કે ગદ્યખણ્ડ આ પૃષ્ઠ પર મૂકી સુરુચિપૂર્ણ વાચનના પ્રસાર સાથે 'કુમાર'ને સહાયભૂત પણ થઈ શકશો.

૬. 'કુમાર' માટે જાહેર ખબર આપીને-મેળવી આપીને. જા.ખ.ના દર :
આખું પાનું રૂ. ૧૦૦૦, અર્ધું પાનું રૂ. ૬૦૦, પા પાનું રૂ. ૩૦૦

પેટ્રન અને સંવર્ધક સભ્યોને 'કુમાર' આજીવન મોકલાતું રહેશે. તે ઉપરાંત હવે પછી થનારાં 'કુમાર'નાં વિવિધ પ્રકાશનોની ખરીદીમાં વિશેષ વળતરનો લાભ પ્રાપ્ત થઈ શકશે. ઓછામાં ઓછું એક ગ્રાહક બીજો ગ્રાહક બનાવીને 'કુમાર' પ્રત્યેની પોતાની શુભેચ્છા સક્રિય કરે અને શાળા-મહાશાળાઓ તથા નાનાંમોટાં ગ્રંથાલયો 'કુમાર'ના ગ્રાહકો અચૂક બને તેવી પણ હાર્દિક અપીલ છે. આપની રકમ આપ ચેક/ડ્રાફ્ટથી 'કુમાર કાર્યાલય લિ.'ના નામે ૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ એ સરનામે મોકલી આપશો. વાર્ષિક લવાજમ જો બહારગામની બૅંક પરના ચેકથી મોકલો તો બૅંક કમિશનના રૂ. ૧૦=૦૦ ઉમેરીને મોકલવા વિનંતી છે.

તંત્રી

વિજ્ઞપ્તિ

- ગ્રાહકોએ પોતાનું લવાજમ 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના નામે મનીઑર્ડર અથવા ડ્રાફ્ટથી મોકલવું. બહારગામની બેંક પરના ચેકથી મોકલાતા લવાજમમાં બેંક કમિશનના રૂ. ૧૦-૦૦ ઉમેરવા, અન્યથા બેંક કમિશનની રકમ કાપીને એટલા અંકો ઓછા મોકલાશે.
- ગ્રાહકે પોતાનું નામ-સરનામું પૂરું તથા સ્પષ્ટ છૂટા અક્ષરે લખવું. રબર સ્ટેમ્પ સ્પષ્ટ વાંચી શકાય તો જ વાપરવો.
- 'કુમાર'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫-૦૦, પરદેશમાં હવાઈ માર્ગે રૂ. ૨૫૦ તથા આજીવન રૂ. ૭૫૦-૦૦ છે.
- 'કુમાર' દર માસની ૧૫મી તારીખે પ્રકટ થાય છે. ત્યાર પછી ૧૫ દિવસ સુધીમાં તે ન મળે તો પ્રથમ પોતાના વિભાગની પોસ્ટ-ઑફિસમાં તપાસ કર્યા બાદ જ કાર્યાલયને જાણ કરવી. અંક સિલકમાં હોય ત્યાં સુધી તો બીજી નકલ મોકલાય છે, પણ ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું અમારે માટે બંધનકર્તા નથી. ગુમ થયેલો અંક મગાવનારે રૂપિયા ૨.૦૦ના ટપાલ ખર્ચ પેટે પોસ્ટલ સ્ટેમ્પ મોકલવા તથા પોતાનો ગ્રાહક નંબર જણાવવો જરૂરી છે.
- લેખકોએ પોતાની કૃતિ કાગળની એક જ બાજુએ હાંસિયો રાખીને છૂટા અને સ્પષ્ટ સુવાચ્ય અક્ષરે લખી મોકલવી. અન્ય ભાષાના શબ્દોનો ઉપયોગ કર્યો હોય તો તે મૂળ ભાષામાં હાંસિયામાં કે કૌંસમાં દર્શાવવા.
- કૃતિની સાથે જવાબી ટપાલખર્ચ બીડવું નહિ. સ્વીકૃત રચનાનો નિર્ણય એકાદ માસમાં જણાવવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી.

તમામ પત્રવ્યવહારનું સરનામું
'કુમાર કાર્યાલય લિમિ.'
૧૪૫૪, રાયપુર, અમદાવાદ-૧

લવાજમ પૂરું થશે

ઑગસ્ટ ૧૯૯૧થી પુનઃ શરૂ થયેલા 'કુમાર'નો આ ૧૧મો અંક છે. આવતો અંક વર્ષનો છેલ્લો અંક હશે. નવા ગ્રાહકોનું લવાજમ તે સાથે પૂરું થશે. તો નવા વર્ષનું લવાજમ રૂ. ૭૫ તત્કાલ મોકલી આપશો, જેથી આપની ફાઈલ અધૂરી ના રહે.

'કુમાર' **અનુક્રમણિકા** વર્ષ ચોસઠમું

જૂન ૧૯૯૧ · સળંગ અંક ૭૬૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત. પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧ (ફોન. નં. ૩૪૩૭૪૫) મુદ્રક : દર્શન પ્રિન્ટર્સ અમદાવાદ વતી હરેશ પટેલ, કમ્પ્યૂટર ટાઈપ સેટિંગ, પ્રિન્ટોગ્રાફ, ૩૩૪, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
વાર્ષિક લવાજમ રૂ. ૭૫ પરદેશમાં રૂ. ૨૫૦ આજીવન લવાજમ રૂ. ૭૫૦
છૂટક નકલ રૂ. ૮-૦૦ + ટ. ખ. રૂ. ૨.૦૦

વાચકો લખે છે

કુમાર ના સળંગ અંક ૭૬૦, મે ૧૯૯૧ના પાન ૨૪૦ પર છપાયેલી બે બાબતો વિશે વધુ -

૧. આફ્રિકાનું ઑસ્ટ્રિચ (અંગ્રેજી નામ) પંખી એટલે ગુજરાતીમાં જેને શાહમૃગ કહે છે તે.

૨. યૂરોપની હસ્તધૂનનની પ્રથાના આરંભ વિશે બીજી પણ એક વાત આ પ્રમાણે પ્રચલિત છે : જે જમાનામાં બધાં ઘરોમાં હીટરો નહોતાં ત્યારે એ ઠંડા પ્રદેશમાં - ખાસ કરીને શિયાળામાં - મહેમાન ઘરમાં આવે ત્યારે એના હાથપગ સારા પ્રમાણમાં ઠરેલા હોય. આથી મહેમાનોનું સ્વાગત કરતી વખતે યજમાન મહેમાનના ઠંડા હાથ પોતાના હાથમાં લઈ દબાવી ચોળતા અને હલાવતા, જેથી બહાર ઠંડીમાંથી આવેલા મહેમાનના હાથમાં ગરમી આવે. આમાંથી હસ્તધૂનન (Handshake)ની પ્રથા વિકસેલી.

-ચન્દ્રવદન પાઠક (વડોદરા)

¤

આપનું 'કુમાર' મળ્યું. વાંચી આનંદ થયો. હું તો આજીવન સભ્ય થવા માંગુ છું. કમળતળાવડી જેવા 'કુમાર'માં 'નર્મદાયોજના'નો પહેલવહેલો હાથી જોયો પછી તો સરકસના 'તંબૂ' જેવી ચૂંટણીનું સરઘસ જોઈ કયો 'કુમાર'નો વાચક આશ્ચર્ય, આનંદ અને દયા નહિ અનુભવે?

-તનસુખ ઓઝા(ભાવનગર)

¤

છેલ્લા ચારેક માસથી 'કુમાર' વધુ સમૃદ્ધ થતું જતું અનુભવાય છે તે આનંદની વાત છે. 'નર્મદાયોજના' વિશેનો શ્રી પ્રવીણ શેઠનો તેમજ 'વસતી ગણતરી' અને 'ચૂંટણી' વિશેના શ્રી ભરત'કુમાર' ઠાકરના લેખો સમયસરના છે. આવા લેખો પ્રકટ કરવામાં તંત્રીની સૂઝ પ્રકટ થાય છે. તટસ્થ માહિતી પૂરી પાડનાર લેખો પ્રકટ કરી 'કુમાર' સાંપ્રત સમય સાથે કદમ મિલાવે છે તેની પ્રતીતિ થાય છે. આ પ્રકારના માહિતીપ્રદ લેખો સામાન્યજ્ઞાનમાં વધારો કરે છે અને વળી જાહેર પરીક્ષાઓમાં બેસનાર પરીક્ષાર્થીઓને પણ ખૂબ જ ઉપયોગી થઈ રહેશે. 'આવતી કાલના નાગરિકોનું આજનું માસિક' અને 'પૂરા પરિવારનું સુરુચિપૂર્ણ સર્વલક્ષી સામયિક' એ પુરવાર થાય છે. અભિનંદન.

- ગુણવંતલાલ શાહ (અમદાવાદ)

¤

'ઇંગ્લૅન્ડનો રાજા ધારે તો ત્યાંનો કાફલો વેચી નાખી શકે, કારણ કે એ તેની મિલકત ગણાય છે, તેવી જ રીતે કોર્નવોલની ડચી વેચી નાખી શકે, કારણકે એ એની અંગત મિલકત ગણાય છે. ઉપરાંત બધી જ જેલોના કેદીઓને મુક્ત કરી શકે; દળમાંના સઘળા સૈનિકોને નાવિકોને બરખાસ્ત કરી શકે; પાર્લામેન્ટ વિખેરી નાખી એ ધારે ત્યાં સુધી તેને મળતી અટકાવી શકે; બ્રિટાની પાછું મેળવવાના હેતુથી ધારે ત્યારે ફ્રાન્સ સાથે યુદ્ધ જાહેર કરી શકે, વર્ષમાં એક વાર સેંટ ડૅવિડના ઉપાશ્રયમાં ધર્મોપદેશ આપી શકે, કારણ તેના તરફથી તેને વાર્ષિક ૨૫ શિલિંગનું સાલિયાણું મળે છે.

પણ એ ક્યારે પણ જાહેરમાં ધૂમ્રપાન ન કરી શકે!'

ઉપરનો ફકરો 'કુમાર'ના એપ્રિલ ૧૯૩૯ના 'મધુકરી' વિભાગમાં છપાયેલ હતો.

તે સમયે ખરેખર આ પ્રકારની વસ્તુસ્થિતિ હતી? હાલ એમાં શું પરિવર્તન થયેલ છે તે વિષે કોઈ જાણકાર માહિતી આપી શકશે?

-દિનકરરાય ક્ર. ભટ્ટ (ભાવનગર)

¤

એપ્રિલ ૧૯૯૧ના 'કુમાર'માં ડૉ. રશીદ મીર અને હરેશ લાલના પત્રો વાંચ્યા. ખૂબ જ મજા આવી. ચિનુ મોદીની ગઝલ માણી. વિનોદ ભટ્ટનું તો કહેવું જ શું? તલવારની જેમ કલમ ચાલે છે.

-હરદ્વારગિરિ ગોસ્વામી (તળાજા)

¤

વાંચવાનું શરૂ કર્યું ત્યારથી - ૧૯૩૪-૩૫ થી -'કુમાર' અચૂક વાંચ્યું છે. અમે તેના આજીવન ગ્રાહક છીએ. વચ્ચે આર્થિક કારણે એ બંધ પડી ગયાનું જાણી ખૂબ દુ:ખ થએલું, પણ હમણાં તે ફરી શરૂ થયાનું જાણી આનંદ થયો. મારા જેવા ઘણાના જીવન-ઘડતરમાં કુમારે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અહીં અમેરિકામાં સ્વેચ્છાએ શક્ય તે કરી છૂટવાનું મને ગમશે.

-હરીશ સી. રાવલ (સ્ટેમ્ફોર્ડ)

¤

'કુમાર'ના ડિસેમ્બર ૧૯૯૦ના અંકમાં વિનોદ ભટ્ટનો લેખ 'સુખ એટલે જે પડોશી પાસે છે' તે વાંચી સુખ મેળવી લેવા જેવું લાગ્યું. વિનોદ ભટ્ટ આટલા સરસ અને જ્ઞાનસભર લેખો આપે છે તે ચાલુ રહે તેમ કરશો.

-વિનોદચંદ્ર છોટાઈ (મુંબઈ)

¤

'કુમાર' અંક ૭૫૭ મળ્યો. આજકાલ પ્રકટ થતાં વિવિધ રંગબેરંગી મેગેઝીનો ફક્ત skin-deep જ હોય છે. ઉપરનો ચળકાટ ઘણો ભવ્ય દેખાય પણ વાચન છીછરું! મગજમાં ભરવાયોગ્ય ઓછું. આ સંજોગોમાં 'કુમાર' એની આગવી શૈલીએ પુન: પ્રકટ થયું છે એ ગુજરાતી પ્રજા માટે સદ્ભાગ્ય છે.

-રમેશ બી. શાહ (સુરત)

નવા ગ્રાહકો માર્ચથી નોંધાશે

જાન્યુઆરી ૧૯૯૧નો અંક અપ્રાપ્ય છે. હવે ફેબ્રુઆરી ૧૯૯૧નો અંક પણ અપ્રાપ્ય બને છે. આથી નવા ગ્રાહકો માર્ચ ૧૯૯૧થી જ નોંધી શકાશે.

ખેંચે/મનોજ ખંડેરિયા

(ગઝલ)

હવડ વાવની જેવું ઊંડાણ ખેંચે
મને કોઈ અંદરથી અણજાણ ખેંચે.

નથી યાદ છે કોણ, પણ છે પરિચિત;
મને કોનું આછેરું ઓસાણ ખેંચે.

ખીલા જેમ ખોડે ન, ઊખડી જઈશ હું;
મને ક્યાંક આઘેનું પરિયાણ ખેંચે.

કૂવાથંભ બટક્યો હલેસાં તૂટ્યાં પણ
ખબર ના પડે કોણ આ વ્હાણ ખેંચે.

ભરી ભીડ ક્યારેય ખેંચી શકે ક્યાં ?
મને રોજ એકાંતનું તાણ ખેંચે.

અલગ થઈ ન શકવાનો ક્યારેય, દોસ્તો!
હું તો મૂળ, માટીનું ખેંચાણ ખેંચે.

હું તો પાંચસો વર્ષ આગળ છું તો પણ
હજી વાંસે કરતાલ ને માણ ખેંચે.

વર્તમાન/જગદીશ ત્રિવેદી

(વસંતતિલકા- સોનેટ)

પોઢ્યો હતો ગહન કાનનકુંજકાંઠે,
આછી હવા વિહગના સ્વર રમ્ય લાવે,
મધ્યાહ્નની અલસ અંગુલિયે ધીરેથી
સંકોરી શી સ્મરણ-દીપશિખા પ્રશાંત-
આછા ઉજાસ મહીં ભીતર ભાળું-ઓહો
શો ઠાઠ કે છલકતો લહું ખંડ ગારે !

ખૂણે પડી પુગરજે થઈ મ્લાનમુખી
તે મંજૂષા મૃદુલ સ્પર્શ થકી ઉઘાડું :
તો મોરપિચ્છ ફરકે હજીયે લલામ
ને ઓ કદંબ તણી ડાળ પરેથી માર્યું
તે પુષ્પ-પાંખડી ભીની હજીયે સુગંધે !
શા ગુંજરે શ્રવણમાં ઋજુ બંસીબોલ !

શો એ અતીત સ્મરણે ચઢી આજ આવ્યો !
ના, ના, હજી નયન આગળ વર્તમાન !

અંતરના એકાન્તે/ચંદ્રકાન્ત શેઠ

(ગીત)

અંતરના એકાન્તે માનવ એકલો !
પોતાનાથી પોતે કેટલો વેગળો !
હથેલીમાં ચાંદ બતાવે,
અંધારું એને ઉરે સતાવે,
એક મળે ત્યાં બીજું ગુમાવે,
પામવું આગળ,
છોડવું પાછળ,
પોતીકાંથી પોતે દાઝે કેટલો !
હાથ મળે, પણ સાથ મળે નહીં;
પંથ મળે, પણ પાન્થ મળે નહીં;
રંગ મળે, પણ રાગ મળે નહીં;
ઝૂરવું એકલ,
ઝૂઝવું એકલ,
તળાવને તીર તરસ્યો ચાતક જેટલો !
એક રે દીવો આંખમાં બળે,
ઝંખના એની કેમ રે ફળે ?
મનનું માન્યું કેમ રે મળે ?
આંખમાં છલક,
હોઠમાં મલક,
ઝેરનો પીએ જામ જાણી જાણી જેટલો,
જિંદગીનો એનો ઊઘડે ચ્હેરો એટલો !


દીવાલ પર/દિનેશ ડોંગરે 'નાદાન'

(ગઝલ)

ઇચ્છાનો અશ્વ રોજ ફરે છે દીવાલ પર,
થાકીને લોથપોથ મરે છે દીવાલ પર.
આ પોપડા દીવાલથી અમથા નથી ખર્યા,
એકાંત નિત્ય ન્હોર ભરે છે દીવાલ પર.
મધ્યાહ્ને રોજ સૂર્ય-ઝળૂંબે છે છત ઉપર,
સંધ્યા પડે ને રોજ ફરે છે દીવાલ પર.
છે બંધ બારી-દ્વાર ને ઘરમાં હું એકલો,
તિરાડમાંથી કોક સરે છે દીવાલ પર.
ડૂબું છું રોજ-રોજ નદીમાં હું અશ્રુની,
અસ્તિત્વ મારું રોજ તરે છે દીવાલ પર.
'નાદાન' તું હવે છબી થૈને રહી ગયો,
તારા જ તારી ખોજ કરે છે દીવાલ પર.

'માનવ એક રહસ્ય છે'. ડૉરોથિ કારુસોનું આ કથન ગુર્જિએફના જીવનનો પડઘો પાડે છે. ગુર્જિએફનું સમગ્ર જીવન કેટલીક સ્થૂળ ઘટનાઓ સિવાય રહસ્યોની માયાજાળમાં કેદ છે. રહસ્યમય જ્ઞાનની શોધ એનો જીવનમંત્ર હતો અને આથી ગુર્જિએફ સ્વયં એક રહસ્ય બની રહ્યો. એને 'રહસ્યમય ગુરુ' કહેવામાં પુરું ઔચિત્ય રહેલું છે. આ રશિયન કર્મયોગીને ઓસ્પેન્સકીએ (Ouspensky) પૌર્વાત્ય પ્રકારનો માનુષ - A man of oriental type - કહીને એના વ્યક્તિત્વની અલાયદી ઓળખ આપી છે. ગુર્જિએફનો અનુયાયી ઓરગે (Orage) એને Pythagorian કહે છે. Denis Saurat - ડૅનિસ સૌરાત ગુર્જિએફમાં એ 'અલૌકિક શક્તિ' - Supernatural powers - હોવાનું માને છે.

'I am leaving you in a fine mess' - આ ગુર્જિએફના અંતિમ શબ્દો હતા. 'હું લગભગ ગભરાઈ ગયો છું. જિંદગી મારામાં સાગરની જેમ ઊછળી રહી છે'-આ ઉદ્‌ગારો ગુર્જિએફના સાંનિધ્યમાં રહ્યા પછી જ્યોર્જેટ લાબ્લેન્ક (Georgette Lablanc)ને થયેલી અનોખી અનુભૂતિના છે જેનો પ્રતિભાવ ગુર્જિએફે આમ આપ્યો હતો: 'આ તો માત્ર નાનકડી શરૂઆત છે.' (This is only a very small beginning) વળી ગુર્જિએફ કહે છે : 'હું તમને વિકસાવી શકતો નથી. હું પરિસ્થિતિ પેદા કરી શકું છું કે જેમાં તમે તમારી જાતને વિકસાવી શકો.' ગુર્જિએફનું આ કથન એના આંતરમનની શક્તિનું નમ્ર નિદર્શન છે.



રહસ્યમય જ્ઞાનની શોધના આજીવન ઉપાસક અને વ્યક્તિવિશેષ એવા મહાપુરુષ

જ્યૉર્જ ઈવાનોવિચ ગુર્જિએફ

· પ્રફુલ્લ રાવલ

અલબત્ત, ગુર્જિએફનું વ્યક્તિત્વ કોયડારૂપ (enigma) હતું. કોઈએ એને જાદુગર કહ્યો છે. તો કોઈને એ ગૂઢ લાગ્યો છે. કોઈ એના વ્યક્તિત્વની અસરથી અભિભૂત થયા છે. આમ, ગુર્જિએફ મૃત્યુ પામ્યો ત્યાં લગી એનું જીવનવૃત્તાંત રહસ્યમય જ રહ્યું હતું. એના મૃત્યુ પછી લગભગ ત્રણ દાયકા બાદ એના જીવન અને કાર્યની વિગતો ટૂકડે ટૂકડે બહાર આવતી ગઈ.

આ રશિયન મહાત્માનું પુરું નામ જ્યૉર્જ ઈવાનોવિચ ગુર્જિએફ (George Ivanovitch Gurdjieff) હતું. એનો જન્મ ઈ.સ. ૧૮૬૬માં એલેક્ઝાન્ડ્રોપોલના કોકેસસ નામક સ્થળે થયો હતો. સ્તાલિનનું જન્મસ્થળ પણ આ જ હતું. ત્યારે ઍલેક્ઝાન્ડ્રોપોલ એ ગામ ન્હોતું પરંતુ ગામડાંઓનો સમૂહ હતો. જ્યાં વિવિધ સંસ્કૃતિઓનો સંગમ થયો હતો. ગુર્જિએફનાં માતા-પિતાનું ઘર ગ્રીક ક્વાર્ટરમાં હતું અને કોતરોની હદમાં તાર્તરો વસેલા હતા. ત્યાં સ્વપ્નસેવીઓ, કલાકારો, તાર્કિકો, વેપારીઓ અને યોદ્ધાઓ મળતા હતા. ગુર્જિએફના પિતા ગ્રીક હતા અને માતા આર્મેનિયમ હતાં. એના પિતા અત્યંત પુરાણી સંસ્કૃતિના ચાહક હતા. અસંખ્ય દંતકથાઓના જાણકાર હતા. એમને સેંકડો પંક્તિઓ કંઠસ્થ હતી. એ એક શ્રીમંત માલધારી હતા. પરંતુ પરિસ્થિતિવશ એમને વતન ત્યજવું પડ્યું હતું અને કાર્સ નામના નગરમાં સ્થિર થઈને સુથારી કામનો વ્યવસાય શરૂ કર્યો હતો. કાર્સમાં વસવાટ કર્યો ત્યારે એમનું વય ઠીક ઠીક મોટું હતું. છતાં એ સશક્ત તો હતા જ. મધ્યમસરની ઊંચાઈ, મોંમાં ધૂમ્રપાનની પાઈપ અને અસ્તરખાની ટોપી પહેરતા. એ એંશીની વયે પણ સ્ફૂર્તિલા લાગતા.

ગુર્જિએફનું શિક્ષણ એકધારું ચાલ્યું નહોતું. રશિયાની મ્યુનિસિપલ સ્કૂલમાં એ દાખલ થયો હતો, પરંતુ એણે શાળાકીય શિક્ષણ ઝાઝું લીધું નહોતું. અલબત્ત, એની જિજ્ઞાસાવૃત્તિ ભારે સતેજ હતી. વળી, એની આ જિજ્ઞાસાવૃત્તિ વધુ સતેજ થઈ એના પ્રથમ શિક્ષકના સંસર્ગે

એ શિક્ષક એક પાદરી વૈદ્ય હતા. એનું નામ ડીન બોર્શ હતું. ગુર્જિએફના પિતા અને ડીન બોર્શના વિચારોમાં ઘણી સમાનતા હતી. ડીન બોર્શ લગભગ નિયમિત રૂપે ગુર્જિએફના ઘરે આવતા. સુથારી કામ કરતા એના પિતા અને ડીન બોર્શ વચ્ચે વાર્તાલાપ ચાલતો. ઈતિહાસ, અધ્યાત્મ અને પુરાતત્ત્વ-પુરાવિદ્યા વિષે લંબાણપૂર્વક ચર્ચાઓ ચાલતી. પિતાને સુથારીકામમાં મદદ કરતો ગુર્જિએફ આ બંનેની વાત ધ્યાનપૂર્વક સાંભળતો. પછી એમણે સંયુક્ત રીતે ગુર્જિએફને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. વિવિધ ઉદ્યમો અને કલાનું જ્ઞાન ગુર્જિએફને મળ્યું. ધીમે ધીમે પ્રત્યેક બાબતમાં ઊંડો રસ લેવાની મનોવૃત્તિ જગાડી. ગુર્જિએફ પોતે તંત્રજ્ઞ બનવા ઈચ્છતો હતો. પરંતુ ડીન બોર્શ ગુર્જિએફને પાદરી અને ચિકિત્સક બનાવવા ઈચ્છતા હતા. વય વધતાં જિજ્ઞાસુ ગુર્જિએફ ડીન બોર્શને અનેક પ્રશ્નો પૂછતો થયો. ક્યારેક લાંબી ચર્ચા થતી તો ક્યારેક ચર્ચામાં ઉગ્રતા પણ આવી જતી, છતાં એટલું ચોક્કસ કે ડીન બોર્શની પ્રભાવક અસર ગુર્જિએફ પર પડી હતી. આ વયોવૃદ્ધ પાદરીએ રચેલાં ભક્તિગીતો ગુર્જિએફ ભાવપૂર્વક ગાતો.

ડીન બોર્શ મૃત્યુ પામ્યા ત્યારે ગુર્જિએફ તો સત્યની શોધમાં પૂર્વના દેશોમાં રખડતો હતો. પરંતુ જ્યારે લાંબી રખડપટ્ટી કરીને ગુર્જિએફ પુનઃ કાર્સ આવ્યો ત્યારે પોતાના આ પુણ્યશ્લોક શિક્ષકની કબર પાસે તે ખૂબ રડ્યો અને રડતાં રડતાં એ કહેતો હતો કે 'મારા આદરણીય ગુરુ, તમો શાંતિથી પોઢજો ! મને ખબર નથી કે હું તમારી અભિલાષાઓ અને મારા વિષે જોયેલાં સ્વપ્નો પૂરાં કરી શક્યો છું કે પૂરા કરીશ ! પણ એટલી તો હૈયાધારણ રાખજો કે બાળપણ માટે તમોએ જે દશ સિદ્ધાંતો-આદર્શો અમારા માટે નક્કી કર્યા હતા તેમાંથી એક પણ મેં આજસુધી તોડ્યો નથી.'

ડીન બોર્શે ગુર્જિએફનો પરિચય બોગા ચેવસ્કી સાથે કરાવ્યો હતો. પાછળથી એ પણ એના શિક્ષક બની રહ્યા. બોગા ચેવસ્કીના ઘરે વિચારકો અને બૌદ્ધિકો અવારનવાર ભેગા થતા હતા. ત્યાં ગહન વિષયોની ચર્ચા થતી. ગુર્જિએફ એમાં રસ લેતો. આમ, બ્રહ્માંડ અને જીવનનાં અગમ્ય રહસ્યો જાણવાની એની જિજ્ઞાસા સતત વધતી ચાલી. વચ્ચે એનો પરિચય એક અર્ધપાગલ ભવિષ્યવેત્તા સાથે થયેલો. એની આગાહી સાચી પડતાં ગુર્જિએફ મંત્રમુગ્ધ થઈ ગયો. એને રૂબરૂ મળ્યો ત્યારે એની કાજળીવિદ્યાથી એ વધુ પ્રભાવિત થયો. ગુર્જિએફનું મનોમંથન પાંગરતું ગયું. અભ્યાસ વધ્યો. જિજ્ઞાસાવૃત્તિ સતત વધતી ચાલી. કિશોરાવસ્થામાં એ જિપ્સીઓના ટોળામાં ભળી ગયો. પછી ગુર્જિએફે પોતાનું વતન છોડ્યું અને જ્ઞાનની શોધમાં અહીંતહીં રખડવા લાગ્યો. પ્રત્યેક વસ્તુનું રહસ્ય શોધવાની એવી જિજ્ઞાસા હતી. એ જ એનું જીવનધ્યેય હતું, એ જ જીવનકળા હતી. એ ખૂબ રખડ્યો. એણે વિશ્વના મોટાભાગનું પરિભ્રમણ કર્યું. પરિભ્રમણમાં અનેક મહાનુભાવોનો પરિચય થયો. અનેક અસાધારણ વ્યક્તિઓના સંપર્કમાં આવ્યો. 'Meetings With Remarkable Men'માં ગુર્જિએફે છેક બાલ્યકાળથી માંડી પરિભ્રમણ લગી જે વ્યક્તિઓ મળી તેની વાત કહી છે.

પરિભ્રમણમાં ગુર્જિએફનો પરિચય જે અનેક વ્યક્તિઓ સાથે થયો તેમાં પોગોસિયનનું સ્થાન અગત્યનું છે. એક ધર્મશાળામાં બંને સાથે રહ્યા અને ગાઢ મિત્રો બની ગયા. જે રહસ્યો ગુર્જિએફનું મનોમંથન હતું તે પોગોસિયનને જાણવાની જિજ્ઞાસા હતી. લગભગ ત્રણેક અઠવાડિયાના સહવાસ પછી બંને એકસમાન નિર્ણય પર આવ્યા કે કેટલાંક રહસ્યોનું જ્ઞાન પ્રાચીનકાળમાં હતું. પરંતુ આજે એ વિદ્યા નષ્ટ થઈ ગઈ છે. દરમિયાન આકસ્મિક રીતે આર્મેનિયન ભાષાના કેટલાક પ્રાચીન ગ્રંથો મળી આવ્યા. આ ગ્રંથોનું ગહન અધ્યયન કરવાનું ગુર્જિએફને યોગ્ય લાગ્યું એટલે આર્મેનિયાની પ્રાચીન રાજધાનીનાં ખંડેરોના એ સ્થળે ઝૂંપડી બાંધીને ગુર્જિએફ રહ્યો. ત્યાં જ અભ્યાસ કર્યો. વળી, જૂની હસ્તપ્રતોનો ખજાનો પ્રાપ્ત થયો. એમાં ફાધર આરેમને ઉદ્દેશીને લખેલા પત્રો હતા. આ હસ્તપ્રતોના અધ્યયનથી ગુર્જિએફે શોધી કાઢ્યું કે સારમંગ નામક અધ્યાત્મ વિદ્યાની પ્રાચીન સંસ્થા બેબિલોનમાં અસ્તિત્વ ધરાવતી હતી. ટિફિલિસમાં ગુર્જિએફનો સંપર્ક અબ્રામ યેલોવ નામના પુસ્તકવિક્રેતા સાથે થયો. ત્યાં જ પ્રિન્સ યુરીના પરિચયમાં તે આવેલો. પ્રિન્સ યુરી અને ગુર્જિએફ ભારત, તિબેટ અને મધ્યએશિયામાં સાથે રખડ્યા હતા. વિટ્વિસ્કાયાના પરિચયથી ગુર્જિએફને સંગીતનાં મૂળભૂત તથ્યોનું જ્ઞાન લાધ્યું. ગુર્જિએફ સૂફી સંતોના પરિચયમાં પણ આવેલો અને એ સહુ પાસેથી રહસ્યમય જ્ઞાન મેળવેલું. કરબલામાં શેખ દાઉદ યુસુફનો ભેટો થયો હતો. એ સૂફી સંતે ખુદાની આશિકીનો તરીકો સમજાવ્યો હતો. ગુર્જિએફ સૂફી સંતો પાસે 'દરવેશ-નૃત્ય' શીખ્યો હતો. પ્રો. સ્ક્રિડલોવ પાસેથી ગુર્જિએફ 'પ્રકૃતિ, પર્વતો અને કુદરતી સૌંદર્ય મનુષ્યમાં સાચા પરમ તત્ત્વને સહજ જાગૃત કરે છે.' એ સત્ય પામ્યો હતો. હઝરત-બીન-ઈશાનો ઉલ્લેખ ગુર્જિએફના ગુરુ તરીકે કરાયો છે. ૧૮૯૨માં સંત સાયમનની મુલાકાત પણ થઈ હતી. ૧૮૯૮માં ગુર્જિએફ ન્યૂ બુખારા પહોંચ્યો અને ઇસ્લામધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન મેળવ્યું. ત્યાંથી તે મધ્યએશિયાના કોઈ ગુપ્ત સ્થળે પહોંચી ગયો. ત્યાં પ્રિન્સ યુરી સાથે પુનર્મિલન થયું. સોલોવીવ નામનો સાથી ત્યારે એની સાથે હતો.

ગુર્જિએફે રહસ્યમય જ્ઞાનની શોધમાં અનેક પ્રવૃત્તિઓ કરી હતી. એમણે રશિયાના ગુપ્તચર તરીકે કામ કર્યું તેનો હેતુ તો હતો જ્ઞાનની સરળ પ્રાપ્તિનો. રાજકીય દૂત હોવાથી સગવડો મળી રહેતી. તિબેટમાં દશ વર્ષ રશિયાના ગુપ્તચર રૂપે તે રહ્યો. એ જ રીતે 'આર્મેનિયન રાષ્ટ્રિય પક્ષ' ના પ્રતિનિધિ તરીકે ગુર્જિએફે યૂરોપના દેશોની મુસાફરી કરી હતી. ૧૮૯૫માં ગ્રીસના આથાંસ પર્વતની ગુફાઓમાં સત્યની શોધ માટે પહોંચી ગયો હતો.

ગુર્જિએફના પરિભ્રમણનો સવિગત આલેખ મળતો નથી. પરંતુ ઘણી જગ્યાએ ગુર્જિએફ ચારથી છ માસ વસ્યો હોય એવી વિગતો પ્રાપ્ત થાય છે. જ્ઞાનની પ્રાપ્તિ સાથે સાથે એ સતત ઉદ્યમશીલ રહ્યો છે. એણે અનેકવિધ ઉદ્યમો કર્યા છે. સુથારીકામ તો એને વારસાગત આવડતું હતું. એણે જીવનનિર્વાહ ચલાવવા વિવિધ ઉદ્યમો કર્યા. ક્યારેક

મૂર્તિઓ બનાવતો. ક્યારેક ધાતુનાં વાસણો પર ચિત્રો કંડારતો, ક્યારેક કાગળનાં ફૂલો બનાવતો. એણે આશ્ખાબાદમાં તો વિશ્વની ફરતી વર્કશોપ બનાવી હતી. એમાં જીવનનો કોઈ ઉદ્યમ બાકાત નહોતો રહ્યો.

જ્ઞાનની શોધ માટે, સત્યની શોધ માટે ગુર્જિએફની રખડપટ્ટી અને પરિશ્રમ નોંધપાત્ર બની રહે છે. એણે ખૂબ કષ્ટ વેઠ્યું. પોતે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું તે અંગે ગુર્જિએફે ઝાઝું વક્તવ્ય આપ્યું નથી. એના સંસર્ગમાં આવેલી વ્યક્તિઓએ જે કંઈ નોંધ્યું તે જ ઉપલબ્ધ છે. તે તિબેટના વિહારોમાં રહ્યો. પર્શિયાના સૂફીના સંપર્કમાં આવ્યો. બુખારા અને તુર્કસ્તાનના અનેક સિદ્ધો અને દરવેશો સાથે ગોષ્ઠિ કરી. ભારતમાં ભમ્યો. સંતોનો સત્સંગ કર્યો. વિવિધ સંસ્કૃતિ અને વિવિધ વ્યક્તિઓનો પરિચય મેળવ્યો. એણે લગભગ અઢાર જેટલી ભાષાઓ આવડતી હતી. ત્રણત્રણ વાર ઘાયલ થયો હતો. આમ, લગભગ પચીસ વર્ષ રહસ્યમય રીતે રખડીને ૧૯૧૪માં એ રશિયા પાછો ફર્યો. એ વખતે એનું વય અડતાલીસ વર્ષનું હતું. પરંતુ એ કાળે પણ એનામાં અજબ સ્ફૂર્તિ હતી. હિંમત અને શાંતિ શાશ્વતતા પ્રતિ ઢળેલી હતી. 'The Battle of Magi' નામનું અદ્‌ભુત નૃત્ય ટૂંક સમયમાં રજૂ થનાર છે એવી જાહેરાત એણે મોસ્કોમાં પ્રસિદ્ધ કરાવી હતી. આ જાહેરાતથી આકર્ષાઈ અનેક લોકો એની મુલાકાતે આવ્યાં હતાં. દરમિયાન ગુર્જિએફ કોટ અને બનાતની હેટ પહેરીને કાફે બહાર બેસતો. કાળી કોફી અને લેમનનું મિશ્રણ કરીને પીતો. મુલાકાતીમાંના પ્રશ્નકર્તાનો પ્રશ્ન માત્ર આદર્શ કુતૂહલ ન દર્શાવે તો ગુર્જિએફ સહસા એને અન્ય દિશાએ વાળી દેતો અને પ્રશ્નકર્તામાં ગાંભીર્ય વર્તાય તો ગૂઢ વિદ્યા પ્રતિ ખેંચી જતો. ચોક્કસ ચેતના મેળવવાની પદ્ધતિ વિષે કહેતો. ચોક્કસ આંતરિક ઐક્ય અને સ્વાતંત્ર્ય (unity and freedom) દ્વારા ચૈતન્ય પામવાની પદ્ધતિ કહેતો. એની આ પદ્ધતિના પરિણામે થોડાંક અઠવાડિયાંમાં મોસ્કો અને પિટ્સબર્ગમાં ત્રીસેક બૌદ્ધિકોનું વર્તુળ રચાયું. એ વખતે અલૌકિકતાની શોધ માટે ભારતની યાત્રા કરીને ઓસ્પેન્સકી પાછો ફર્યો હતો. તેણે આ સમાચાર વર્તમાનપત્રમાં વાંચ્યા. ઓસ્પેન્સકીને માત્ર વૈજ્ઞાનિક તથ્યોમાં રસ હતો. એ કશાય ચમત્કારમાં માનતો નહોતો. એના અપૂર્વ સંશય છતાં એના મિત્રોએ એને ગુર્જિએફને મળવા માટે સમજાવ્યો અને પછી ઓસ્પેન્સકીએ નોંધ્યું : 'મારી એની સાથેની પ્રથમ મુલાકાતે મારો એના પ્રત્યેનો મત બદલાઈ ગયો.'

૧૯૧૭માં રશિયન ક્રાંતિ થઈ ત્યારે પણ ગુર્જિએફ પોતાના ધ્યેયને વળગી રહ્યો. આ વર્ષમાં એને ત્રણેકવાર સ્થળાંતર કરવું પડ્યું. એ રશિયામાં જ નિરાશ્રિત બન્યો. ગુર્જિએફ ઈઝેન્ટુકી (Essentuki)નામના ગામમાં મકાન ભાડે રાખીને છ અઠવાડિયાં રહ્યો. જીવન મુશ્કેલ બન્યું. હાડમારી ભોગવવાનો સમય આવ્યો. અંતે ૧૯૨૨માં ફ્રાંસમાં સ્થિર થયો. ફ્રાંસમાં પેરિસ નજીક Chateu - du - Prieure ખાતે તેણે 'Institute for the Harnonious Development of Man'નો પ્રારંભ કર્યો. આમ તો આ એની સાતમી સંસ્થા હતી. દુનિયાના અનેક દેશોમાંથી આવીને લોકો ત્યાં સાધના કરવા લાગ્યા. પેરિસમાં સ્થિર થયેલા ગુર્જિએફે માનવીય ઉત્ક્રાંતિ માટેના પાઠો આપવાનું-શીખવવાનું વ્યવસ્થિત કાર્ય શરૂ કર્યું. મહદ્ અંશે ગુર્જિએફ વ્યક્તિગત સંપર્ક બહુ રાખતો નહીં. વળી, એનો સ્વભાવ પણ વિચિત્ર હતો. લોકો એની નજીક જવામાં ડરતાં હતાં. એ કોઈપણનું અપમાન ક્ષણવારમાં કરી નાખતો. વળી, પુનઃ એની સાથે સુમેળભર્યો વર્તાવ કરતો. આ સઘળું ભોજનના ટેબલ પર થતું. એનું મૃદુ, કઠોર અને રૌદ્રરૂપ અવારનવાર બદલાતું રહેતું. એ નૃત્ય અને સંગીતનો જાણકાર હતો. રસોઈકળામાં પ્રવીણ હતો. વૈદક જાણતો હતો. ક્યારેક ભોજન પહેલાં વિદ્યાર્થીઓ ગુર્જિએફના અપ્રસિદ્ધ ગ્રંથ " Beelzebub's Tales to His Grandson'માંથી વાચન કરતા. આ ગ્રંથ રૂપકાત્મક કથા કે પરિકથા જેવો છે. એ ૧૯૫૦માં પ્રસિદ્ધ થવા પામેલો.

પેરિસથી ગુર્જિએફ ન્યૂ યોર્ક ગયો. ન્યૂ યોર્કની ૫૭મી સ્ટ્રીટની હોટેલમાં રહ્યો હતો. ત્યાં ઓરગે એનો અનુયાયી બન્યો. રેમ લાન્ડાઉ ગુર્જિએફને એ હોટલ પર મળ્યો હતો. એની અનુભૂતિ વિશિષ્ટ હતી. એ નોંધે છે : 'And yet I was beginning to feel a distinct weakness in the lower parts of my body, from the navel downwards and mainly in the legs. This feeling grew steadily every second. After about twenty or thirty seconds it became so strong that I know I should hardly be able to get up and walk out of the room' પછીથી ગુર્જિએફ રેસ્ટોરન્ટ ચાઈલ્ડસમાં ૫ એવન્યૂમાં રહેતો હતો અને ત્યાં સાંજના ૬ થી ૭ સહુને મળતો. ગુર્જિએફે રેમ લાન્ડાઉને પોતાનું પુસ્તક 'The Herald of Coming Good' આપ્યું હતું. આ પુસ્તક ૧૯૩૩માં પ્રસિદ્ધ થયું હતું અને એ જ વર્ષમાં ગુર્જિએફે એ પાછું ખેંચી લીધું હતું.

૧૯૨૪માં એને મરણતોલ અકસ્માત નડ્યો. એ અકસ્માત પછી ગુર્જિએફને પથારીવશ રહેવું પડ્યું. એમાંથી એણે 'સહેતુક સજાગપણે વહોરી લીધેલી પીડા આયુષ્ય લંબાવે છે.' એ નવો સિદ્ધાંત તારવ્યો. દરમિયાન એની માતા અને પત્ની ઝરીના બીમાર પડ્યાં. એંશી વર્ષની વયની માતા ૧૯૨૫માં મૃત્યુ પામી. તેની કબર પર ગુર્જિએફે આ મુજબનું લખાણ કોતરાવ્યું હતું :

Ice Repose
La Me're de Celui
Qui Se Vit Par
Cette Mort Force
D'Ecrire Le Livre
Intitulé
Les Opiumistes'.

અર્થાત, 'Here Lies the mother of one sees himself forced by her death to write the book

(અનુસંધાન પૃષ્ઠ ૨૬૭ પર)

સ્ક્વૉડ્રન - ૬૧૭

બાર્નેસ વૉલિસની એક આગવી ખ્યાતિ હતી. બીજા વિશ્વયુદ્ધના આરંભથી જ ઈંગ્લેન્ડના 'બેડરૂમ બોયઝ'માં એની પણ ગણના હતી. યુદ્ધનાં અનેક પરાક્રમો પાછળ બેડરૂમ બોયઝનાં યોજના-આયોજનો ઘણો મોટો ભાગ ભજવતાં. 'આર-૧૦૦' પ્રકારનાં વિશાળ એરશિપનું ડિઝાઈન આ વૉલિસે કરેલું. આમાંના બેલેસ્વી બૉમ્બરે આગળ જતાં અસ્ખલિત ઉડ્ડયનનો વિશ્વવિક્રમ સર્જ્યો હતો. વિશ્વયુદ્ધનાં પહેલાં ત્રણ વર્ષ દરમિયાન બૉમ્બર્સ કમાન્ડમાં પ્રિય થઈ પડેલાં 'વૉલિંગ્ટન' વિમાનો પણ એણે આપેલા ડિઝાઈન પરથી બન્યાં હતાં. પણ ઘણીવાર બને છે તેમ મોટા શોધકોની જેમ વૉલિસ માટે પણ બનેલું. બીજાં લોકો કરતાં આવા પ્રતિભાવંતો હમેશાં બે ડગલાં આગળ હોય છે. સામાન્ય લોકો એમના ખ્યાલોને જલ્દી સમજી શકતા નથી. આથી જ તો વૉલિસે ઈ. ૧૯૩૯માં જ્યારે અંગ્રેજ યુદ્ધસંચાલકો સમક્ષ પોતાની એક ગુપ્ત યોજના રજૂ કરી ત્યારે આરંભમાં કેટલાક અધિકારીઓએ તેને અવ્યવહારુ ધૂની પાગલ લાગ્યો હતો. પરંતુ અમુક વિચક્ષણ ઉપરી-અધિકારીઓ વૉલિસની યોજનાનું મહત્ત્વ સમજી ગયા હતા.

યુદ્ધના આરંભથી જ વૉલિસ કંઈક આગવું વિચારી રહ્યો હતો. એ સમજતો હતો કે આજનાં યુદ્ધ કેવળ બહાદુર માણસો વડે જ જિતાતાં નથી. યુદ્ધનાં વ્યૂહ-આયોજનનું પણ તેમાં ઘણું મોટું મહત્ત્વ હોય છે, અને એ સાથે અનેક પ્રકારની યુદ્ધસામગ્રી બનાવતાં કારખાનાં પર આયોજનપૂર્વક જોરદાર ફટકો મારવામાં આવે તો યુદ્ધ ઘણું ટૂંકાઈ જાય અને હજારો લોકોની જાનહાનિ પણ અટકી શકે.

લોર્ડ બીવરબ્રુકે વૉલિસની વાત હસી કાઢી. પણ સર ટૉમસ મર્ટન દ્વારા ચર્ચિલને તેની જાણ થઈ, અને જે થાય તે ખર્ચ કરીને વૉલિસના પ્રસ્તાવને અજમાવવાના હુકમ નીકળ્યા.

યૂરોપ સામે મહાયુદ્ધ જગાડનાર જર્મનીનો રૂહર વિસ્તાર આવાં કારખાનાંઓનું એક વિશાળ ધમધમતું કેન્દ્ર હતું. કોલસાની અનેક ખાણ અને લોખંડની ફાઉન્ડ્રિઓ હતી. મોહને, એડર સને સોર્પના વિશાળ જળબંધોમાંથી એમને જોઈતું મબલખ પાણી મળતું હતું. જો આ બંધોને તોડી પડાય તો? રૂહર વિસ્તારની બધી ફાઉન્ડ્રિઓ ઠપ થઈ જાય, જો એમને આ દ્વારા મળતું પાણી બંધ થઈ જાય તો. એટલું જ નહિ, બંધ તૂટવાથી તેની પાછળ સંઘરાયેલો બધો જળરાશિ એક સાથે ધસી આવતાં જે ઘોડાપૂર સરજાય તે એ વિસ્તારની કોલસાની ખાણોમાં પણ પેસી જઈ તેને નકામી બનાવી દે, અને એકાએક ધસમસીને ફેલાતાં પાણીના જોસથી એ વિસ્તારનાં બધાં કારખાનાં અને તેની પાસેની વસાહતો પણ તેમાં તણાઈ જઈ નાશ પામે. એટલે વૉલિસ જર્મનીના આ ત્રણ મહત્ત્વના બંધોને ઉડાવી દેવાની યોજના વિચારતો. પણ એ કેવી રીતે શક્ય બને?

એ કાળે રૉયલ એર ફોર્સ પાસે વાપરવા માટે મોટામાં મોટા બૉમ ૫૦૦ રતલી હતા. આ બૉમ બરાબર સફળતાથી વપરાય તો યે મોહને ડેમને તળિયે ૧૧૨ ફુટ જાડી અને કુલ ૧૩૦ ફુટ ઊંચી રેઈનફોર્સ્ડ કોન્ક્રીટની ધીંગી દીવાલમાં બહુબહુ તો એકાદ તિરાડ પડે- ડેમ તૂટે નહિ. એ માટે તો ઓછામાં ઓછો પાંચ ટનનો બૉમ જોઈએ, અને તે યે કામ લાગે યા નયે લાગે. અને એવો શક્તિશાળી ભારે બૉમ બનાવાય તો એટલો બોજ વહન કરી શકે તેવાં મોટાં વિમાનો પણ ત્યારે ક્યાં હતાં? વળી, એના દ્વારા યે બૉમમારો બરાબર ધાર્યા નિશાન પર જ બેસવાની શક્યતા પણ હજારે એકની જ ગણાય. અને એવી સિદ્ધિ એ કાળે હાંસલ થઈ નહોતી. વૉલિસના ખયાલને અમલમાં મૂકતાં પહેલાં તો આવી અનેક મુશ્કેલીઓ હલ કરવાની હતી અને તે પણ એ દિવસોમાં ચાલુ યુદ્ધે.

પરંતુ વૉલિસ, એમ હાર સ્વીકારે તેવો નહોતો. ધીરેધીરે પણ દૃઢપણે એક પછી એક અજમાયશો પાછળ મહિનાઓ ગાળી એણે એક નવો જ ઉકેલ શોધી કાઢ્યો. પેલા ગંજાવર બંધોના મથાળે નહિ, પણ તેના મૂળમાં જ ઘા કરવાનું તેણે વિચાર્યું. આ માટે એક એવો બૉમ બનાવવો પડે કે જે બંધના પાયા પાસે ધાર્યા નિશાન પર પડી ભોંયમાં ખૂંપી જાય અને જ્વાળામુખી જેમ ભયંકર ધડાકા સાથે ફાટે. વિમાનમાંથી ફેંકાય ત્યારે આ બૉમ કલાકે ૨૫૦ માઈલની ઝડપે જવો જોઈએ. તેનું વજન ૯૫૦૦ પાઉન્ડનું હોવું જોઈએ અને તે ભીમકાય બંધની કોન્ક્રીટની દીવાલના પાયામાં જ અથડાવો જોઈએ.

આ બાજુ ચાર એન્જિનવાળાં જંગી લેન્કેસ્ટર વિમાનો પણ વિકસ્યાં હતાં. રૂહર સુધી આવા મોટા બૉમ લઈ જવાની એમની ક્ષમતા પણ હતી. આ વિમાનોની ટુકડીમાં યે આવો ભારે બૉમમારો કરી શકે તેવા જિગરબાજ જવાનો પણ હતા. પણ તેમાંથી આ બંધની ધીંગી દીવાલોની છેક પચાસ ફુટ જેટલે નજીક જઈને ધાર્યા નિશાન ઉપર બૉમમારો કરી શકે તેવા હિમ્મતબાજ અને જોફેસાન કેટલા એ પણ તારવવું જરૂરી હતું. જર્મનો પણ કંઈ બેફામ નહોતા જ. બંધની રક્ષા માટે મહત્ત્વની એવી બધી જ જગ્યાએ વિમાન વિરોધી તોપો સહિત જર્મનોએ પણ પાકો બંદોબસ્ત કરેલો જ હતો. એટલે બંધ ઉપર બૉમ ફેંકવા જનાર વિમાનો જો ત્યાં સુધી પહોંચી યે જાય તો ત્યાં તેમને જર્મન ગોલંદાજોનો પણ સામનો કરવાનો જ હતો. આમ છતાંયે જો તેઓ પોતાનાં નિશાન સુધી પહોંચી જાય તો પાછાં વળતી વખતે જર્મન હવાઈ દળના મોટા કાફલાનો સામનો યે તેમને કરવાનો હતો. કેમકે એ હુમલા દરમિયાન શત્રુઓ પણ સજગ થઈ જઈ પોતાના વિમાનકાફલા દ્વારા એમને ચોક્કસ ઘેરી વળવાના હતા.

એટલે આ એક આત્મઘાતક સાહસ જ હતું. અનુભવી નિશાનબાજ બહાદુરોની જ નહિ, સરફરોસીની તૈયારીવાળા લડવૈયાઓની તેમાં જરૂર હતી. બે-પાંચ-પંદર નહિ, પૂરી ટુકડી તેમાં જોઈતી હતી. આ ખાસ હુમલા માટે એ સૌને વિશિષ્ટ તાલીમ આપવાની હતી,

તેમને દોરવણી આપવાની હતી, અને એમનું નેતૃત્વ કરી શકે એવા કોઈ સવાયા આદમીની જરૂર હતી.

વૉલિસે જર્મનીની યુદ્ધસામગ્રીનાં ઉત્પાદનના માળખાને છિન્નભિન્ન કરી નાખવાના પોતાના ખયાલને રજૂ કર્યો, અને એ દિશામાં આગળ વધવાને લીલી ઝંડી મળી તે પછી યે લગભગ ચાર વર્ષ વીત્યાં હતાં. દરમિયાન યુદ્ધ તો ચાલુ જ હતું, અને તેનું પ્રત્યેક પાસું પણ સંભાળતા જવાનું હતું. સાથી તેમજ શત્રુપક્ષે અનેક પ્રકારની યુદ્ધસામગ્રી, યુદ્ધના અવનવા દાવપેચ તેમજ જાસૂસી જાળ પણ વિકસતી જ રહી હતી. અને જે કંઈ નવી યોજના કે વિકાસ થાય તેની ગુપ્તતા જાળવવાનું તો સૌથી વિશેષ મહત્ત્વ હતું. વૉલિસે મૂકેલી યોજનામાં પણ જે કંઈ કામ થતું તે બધું પૂર્ણતઃ ગુપ્તતા સાથે જ આગળ વધી રહ્યું હતું. ૧૯૪૩ની સાલ ચાલી રહી હતી. રૂહર પ્રદેશ પર હુમલો લઈ જવા માટે તૈયાર કરવાની ટુકડીનું નેતૃત્વ કરી શકે તેવો આદમી પણ શોધી કઢાયો.- વિંગ કમાન્ડર ગાય ગિબ્સન.

'ડિસ્ટિંગ્વીશ્ડ સર્વિસ ઑર્ડર' અને 'ડિસ્ટિંગ્વિશ્ડ ફ્લાઇંગ મેડલ'નું માન એ ધરાવતો હતો. પૂરા ૧૮૩ હવાઈ હુમલાઓનો એને અનુભવ હતો. આમાંના છેલ્લા હુમલામાં ૮૦૦૦ પાઉન્ડના 'બ્લૉક બસ્ટર' બૉમ ફેંકવાનો અનુભવ એને મળ્યો હતો. બાંધી દડીનો દેખાવડો એ નીડર બૉમ્બર પાયલોટ એ કાળના સુખ્યાત લડવૈયા કૅપ્ટન બૉલ જેટલો જ બહાદુર ગણાતો હતો. એકાકી હવાઈ યોદ્ધા તરીકે કૅપ્ટન બૉલની ખ્યાતિ હતી, પણ વિચારપૂર્વક આયોજન કરી સમૂહમાં બૉમમારો કરવાની કળામાં ગિબ્સન ચડિયાતો હતો.

હજી તો સ્ટટગાર્ડ શહેર ઉપર બૉમ ઝીંકીને એ પાછો જ ફર્યો હતો. રસ્તામાં તેનું વિમાન બગડ્યું છતાં બૉમ ફટકારીને નીચાણમાં જેમતેમ ઊડીને એ હેમખેમ પાછો આવ્યો ત્યાં જ એર માર્શલનું તેડું આવ્યું. રૂહર પ્રદેશના જળબંધોના ધ્વંસની જે ગુપ્ત યોજના ચાલી રહી હતી તેમાં 'ખાસ ફરજ'ને માટે એણે એક ટુકડી તૈયાર કરવાની હતી. તેની સંજ્ઞા હતી 'સ્ક્વૉડ્રન-૬૧૭'. હવાઈ હુમલો ક્યાં કરવાનો છે તેની એ વખતે તો ગિબ્સનને પોતાને પણ ખબર નહોતી. એને માત્ર એટલી જ જાણ હતી કે રાતના વખતે અતિ નીચી ઊંચાઈએ ઊડી દુશ્મનોની સંરક્ષણ હરોળોની ભારે ગોલંદાજી વચ્ચે થઈને કોઈ ખાસ લક્ષ્ય ઉપર બૉમમારો કરી અતિ ઝડપે તેમણે પાછા આવવાનું હતું.

ચીવટપૂર્વક ગિબ્સને પોતાના જૂના ગોઠિયાઓમાંથી ખડતલ, કસાયેલા અને વિશ્વાસપાત્ર નવલોહીઆ સાથીઓ ચૂંટી લીધા. આ બધા સ્વેચ્છાએ આ ગુપ્ત સાહસમાં જોડાયા હતા. આમાંના ઘણાખરાને આ પ્રકારનાં ત્રણેક સાહસોનો તો અનુભવ હતો જ. આ સૌ એવા યુદ્ધખેલાડી હતા જેમને ભૂમિ ઉપર રહીને નહિ, પણ હવાઈ હુમલાના છૂપાં અને ભયંકર સાહસો ખેડવામાં જ રસ હતો.

નીચી ઊંચાઈએ ઊડીને બૉમની નિશાનબાજીની રોજેરોજની કવાયત એમણે આરંભી દીધી. એમનું અનુમાન હતું કે તેઓએ સંખ્યાબંધ બ્રિટિશ યુદ્ધવિમાનોનો કચ્ચરઘાણ વાળી નાખનાર જર્મન યુદ્ધજહાજ 'ટરપિઝ' પર હુમલો લઈ જવાનો હશે.

બીજી બાજુ વૉલિસના નવા બૉમ પણ હવાઈ મથક પર આવી ગયા. અગાઉ કદી એમણે આવા બૉમ જોયા નહોતા. એનો આકાર પાતળો અને કંઈક અસ્વાભાવિક એવો લાંબો હતો.

તા. ૧૬ મે, ૧૯૪૩. ચીફ માર્શલ ઑનરેબલ રાલ્ફ કોક્રેનનો હુકમ આવ્યો. સ્ક્વૉડ્રન-૬૧૭નાં ૧૯ વિમાનોને 'ઑપરેશન ડાઉનવુડ' અંગે સૂચનાઓ અપાઈ. એમણે વૉલિસના નવા બૉમ લઈ જઈને જર્મનીના રૂહર પ્રદેશમાં હુમલા કરવાના હતા. એમનાં લક્ષ્ય હતાં ત્રણ મોટા ડૅમ મોહને, એડર અને સોર્પે. મોહને ડૅમનો હુમલો સફળ થયાના ખબરની ટૂંકી ગુપ્ત સંજ્ઞા હતી 'નિગર'. ગિબ્સનની ટુકડીમાં લેબ્રેડોરનો એક પાયલોટ હતો, જે આ પ્રકારના હુમલાઓમાં શુકનિયાળ ગણાતો હતો અને સૌ તેને 'નિગર' નામે ઓળખતા. આ જ રીતે બીજા બે ડૅમ પરના હવાઈ હુમલાની સફળતાના ખબરની પણ સાંકેતિક સંજ્ઞાઓ નક્કી થઈ હતી.

એ જ રાતે ૯-૨૫ વાગ્યે નવા બૉમોથી લદાએલાં ગિબ્સનની ટુકડીનાં લૅંકેસ્ટર વિમાનોનાં એન્જિનોનો ધમધમાટ શરૂ થઈ ગયો. ૯-૨૯ સુધીમાં તો ટુકડીના જવાનો પોતપોતાના વિમાનોમાં ગોઠવાઈ ગયા. ભારેખમ બૉમથી લદાયેલા પોતાના બૉમર વિમાનને ગિબ્સને આગળ લીધું. થોડી જ વારમાં હવામાં અધ્ધર ચડી એ જર્મનીમાં મોહને ડૅમની દિશામાં ઉપાડ્યું. ટુકડીનાં બીજાં વિમાનો પણ તેની પાછળ ફૉર્મેશનમાં ગોઠવાઈને ઊડવાં લાગ્યાં. બીજી બાજુ સોર્પે તરફ હુમલો લઈ જનારી ટુકડી કંટ્રોલ ટાવરના હુકમની રાહ જોતી તૈયાર જ હતી. અને તેની યે પાછળ એક ટુકડી અનામત તરીકે તૈયાર ઊભી હતી.

૧૦-૩૫ વાગ્યે તો ગિબ્સન અને તેના સાથી વિમાનો હોલૅન્ડના કિનારા પરથી ઊડતાં હતાં. થોડી સેંકડો પછી તેઓ ઝુયડર ઝી પહોંચ્યા ત્યાં જ નીચે ભૂમિ ઉપર તેજ-ઝબકારો થયો અને વિમાનવિરોધી તોપનો એક ગોળો એમના એક વિમાન પર ઝીંકાયો, ને તેનો રેડિયો સેટ નકામો કરી નાખ્યો. બીજું એક લૅન્કેસ્ટર જરા વધુ નીચું ઊતર્યું અને તેણે નીચે એક બૉમ ઝીંકી દીધો. એથી હચમચી જવા સિવાય વિમાનને ખાસ કંઈ નુકસાન થયું નહિ. છેક નજીક થએલા એ બૉમ-વિસ્ફોટ તથા પાણીના ધક્કાથી એનું બચી જવું એ એક ચમત્કાર જ હતો. બાકીનાં વિમાનો સહીસલામત આગળ ધપી રહ્યાં હતાં.

દેવળના ઊંચા ઘુમટો, ઊંચાં વૃક્ષો અને જમીન પર ઊભા કરેલા ઊંચા અવરોધોને ટાળતાં અત્યંત નીચી ઊંચાઈએ તેઓ આગળ ઊડી રહ્યા હતા. ક્યાંક તો તેઓ જમીનથી માત્ર ચાળીસ જ ફુટ ઊંચે ઊડતા હતા. અંતે તેઓ હ્રાઈન નદી પર આવ્યા. પોતાનાં વિમાનોને એમણે થોડાં ઉપર લીધાં, પણ નીચેની જર્મન સર્ચલાઈટોએ એમને પકડી પાડ્યાં. તેમાંની બેને તો આ ટુકડીએ ઉડાડી પણ દીધી, પરંતુ નીચેથી આતશબાજી જેમ છૂટતી ગોળીઓએ પણ એમનાં વિમાનોમાં છેદ પાડવા માંડ્યા. જરા દિશા બદલી તેઓ એમાંથી છટકી ગયા. એમની ઉડાનનો હવે છેલ્લો તબક્કો હતો. હજીય તેઓ શક્ય તેટલા નીચે રહી ઊડતા હતા. અંતે છેલ્લી ટેકરી આવતાં તેઓ જરા ઉપર ચઢ્યાં

અને ત્યાં જ તેમને ચંદ્રપ્રકાશમાં ઝળહળતો મોહને ડેમ પાછળનો વિશાળ જળરાશિ નજરે પડ્યો. એ સાથે જ નીચેથી તેમની ઉપર જર્મન ગોલંદાજીની રમઝટ બોલવા લાગી.

સ્ક્વોડ્રન-૬૧૭નાં બૉંબર વિમાનોના રેડિયોમાં ગિબ્સનનો ઠંડો અવાજ ફરી વળ્યો. એ હવે સીધો હુમલો કરવા જઈ રહ્યો હતો.

એણે વિમાન ઘુમાવ્યું અને લગભગ ૨૪૦ માઈલની ઝડપે ઊતરી આવી જળાશયની ઉપર બરાબર ૬૦ ફુટની ઊંચાઈએ વિમાનને સીધું કર્યું : ડેમની ગંજાવર દીવાલ જાણે તેની સામે દોડી આવતી હતી. જેના પર આ હુમલાની સફળતાનો બધો જ આધાર હતો તે પળ હવે આવી પહોંચી હતી.

'લગાવ!' ગિબ્સને એના બોમ-નિશાનબાજને હુકમ કર્યો, અને ઉત્તરમાં 'એ...આ ગયો', કહી સ્પેફોર્ડે એક બોમ ઝીંકી દીધો. તુરત જ ગિબ્સને પોતાના વિમાનને એકદમ ઊંચે ચડાવ્યું, અને પછી પાછળ નજર કરી. નીચે ડેમનાં પાણીનો હજારેક ફુટ ઊંચો જળબંબ ઊંચકાયો હતો. પણ ડેમ હજી સલામત હતો.

બીજું વિમાન- 'એમ ફોર મધર' હવે પડમાં આવ્યું, પણ નીચેથી થતી જર્મન ગોલંદાજીમાં એ ઝડપાઈ ગયું. ગિબ્સને છેલ્લે એને ટુકડીમાંથી છૂટું પડી ઝડપથી ઊંચે ચડતું જોયું. ટુકડીનાં બીજાં વિમાનોને પોતાના જીવલેણ ધડાકાથી બચાવી લેવા તેણે તેમ કરીને એકલા જ શહીદી વહોરી લીધી હતી.

ત્રીજું વિમાન આવ્યું. આ વખતે ગિબ્સને પોતાના વિમાનને ડેમ ઉપરથી જ લીધું કે જેથી નીચેથી એના પોતાના વિમાન પર ગોલંદાજી કરવા જર્મનો પ્રેરાય અને એ દરમિયાન ટુકડીના બીજાં વિમાનો એમનું કામ પતાવે. એક બોમ ફેંકાયો, પણ ડેમ હજી સાબૂત હતો.'પી ફોર પેપ્સી' નિશાન ચૂકી ગયું હતું. 'એ ફોર એપલ' હવે લક્ષ્ય તરફ ધસ્યું. એણે બોમ ઝીંક્યો, અને ફરી એક વાર પાણીનો બંબ ઊછળ્યો અને બેસી યે ગયો. ડેમને હજી યે કંઈ આંચ આવી નહોતી.'

અંતે છેલ્લું વિમાન નીચે સરક્યું. ફરી દુશ્મનોનું લક્ષ વાળવા ગિબ્સન ડેમની નજીક વળ્યો. બોમ છૂટ્યો. અને આ વેળા એ બરાબર નિશાન પર જ અથડાયો. પ્રથમના બોમમારાથી જરા નબળી પડેલી બંધની કોન્ક્રિટની ગંજાવર દીવાલમાં મોટી ફાટ પડી અને એમાંથી લાખો ટન પાણી ભરતીનાં મોજાં જેમ બહાર ધસી આવ્યું.

ગિબ્સનના રેડિયો-ઓપરેટરે, ઈંગ્લેન્ડમાં હેડ ક્વાર્ટરમાં વૉલિસ જેની અધીરાઈથી રાહ જોતો બેઠો હતો તે સંજ્ઞા વહેતી કરી- 'નિગર'.

પણ એ રાતના એમના કામનું આ તો હજી પ્રથમ ચરણ હતું. ગિબ્સને પોતાની ટુકડીમાંનાં બે વિમાનોને હેડ ક્વાર્ટર પર પાછા જવા ફરમાવ્યું, અને બીજાં ચાર વિમાનો સાથે એ બીજી તરફ ઊપડ્યો. હવે એનું નિશાન હતું એડર ડેમ.

ત્યાં પહોંચતાં એમણે જોયું કે ત્યાંનું કામ તો મોહને ડેમ કરતાં યે મુશ્કેલ હતું. એનો અર્થ એ કે એમણે હવામાં સીધી ડૂબકી મારી 'ડાઈવ બૉમ્બિંગ' કરવાનું હતું. અને એમનાં ભારેખમ લેકેસ્ટર વિમાનો, એમાંના જીવલેણ બોમના ભાર વગર પણ એવી હવાઈ કલાબાજી કરી શકે તેમ નહોતાં. એટલી જ મુશ્કેલી નીચેની ઊંચી ટેકરીઓ વચ્ચેની સાંકડી ખીણમાં પેસવાની હતી. જર્મનોનો પણ એવો ખ્યાલ હશે, અને કદાચ એથી જ આ ડેમ પર મોહને ડેમ જેવી ખાસ ભારે સંરક્ષણ વ્યવસ્થા તેમણે નહોતી ગોઠવી.

ટુકડીનું પહેલું વિમાન સીધું નીચે ઊતર્યું પણ એનું નિશાન ખાલી ગયું. પૂર ઝડપે એ ઉપર ચઢ્યું ત્યારે બાજુની ટેકરીની સાથે ઘસાતું સહેજમાં બચી ગયું. પાંચપાંચ વાર તેણે પ્રયત્ન કર્યા, પણ સફળતા મળી નહિ. બીજા વિમાને પણ બે વાર નિષ્ફળ પ્રયાસ કર્યા પછી ત્રીજા પ્રયાસે એણે પોતાની પાસેનો જંગી બોમ છોડ્યો, અને એના ભયંકર વિસ્ફોટમાં જ ફસાઈને એ નીચે પાણીમાં તૂટી પડ્યું. ફરી એક બોમ ઝીંક્યો. એના વિસ્ફોટમાંથી બચવા એ છોડનાર વિમાન નાસીને બચી તો ગયું, પણ ડેમ હજી સલામત હતો.

હવે બચેલા છેલ્લા બોમ સાથેનું છેલ્લું વિમાન એ ખીણમાં ઊતર્યું. ઉપર જર્મન ગોલંદાજી વચ્ચે ઘૂમતા ટુકડીનાં બીજા વિમાનોના પાયલોટ પણ તંગ બની આ જોતા રહ્યા. ત્યાં જ હુમલો કરનાર વિમાનમાંથી ખબર આવી કે 'બોમ ગયો.' અને કાનમાં ધાક પાડી દે તેવી ગર્જના સાથે નીચેના જળરાશિમાંથી પ્રચંડ બંબ ઊઠ્યો. એ બેઠો ત્યારે પાયલોટોએ જોયું કે ડેમની ધીંગી દીવાલમાં ત્રીસેક ફુટનું ખાસ્સું એવું ભગદાળું પડી જઈ તેમાંથી પાણીના ધોધ છૂટતા હતા. શત્રુઓના ખીણપ્રદેશમાં આજની આ એક જ રાતમાં ડેમનાં પાણીના નાયગરા જેવા ધોધ ધસમસતા વહેતા થયા હતા. જર્મન વ્યૂહરચનાનાં બે મર્મસ્થાનો પરના આ બે મોટા ફટકા હતા.

ઈંગ્લેન્ડમાં હેડ ક્વાર્ટરમાં રાહ જોતા વૉલિસ અને બોમ્બર કમાન્ડના કમાન્ડર ઈન ચીફને બીજો સાંકેતિક સંદેશ મળ્યો 'ડિંઘી' બીજા જર્મન ડેમને પણ ઉડાડી દેવામાં મળેલી સફળતાના એ ખબર હતા. થોડા જ સમયમાં ત્રીજા લક્ષ્યસ્થાને સોર્પે ડેમ પરથી પણ સફળતાના સમાચાર આવી ગયા. ત્રણે ડેમના રક્ષણાર્થે વ્યૂહાત્મક રીતે ગોઠવાયેલી વિમાનવિરોધી તોપોની આકરી ગોલંદાજી વચ્ચે હિંમતથી હુમલો લઈ જઈને અનેક રીતે મહત્ત્વના એવા એમના ત્રણ-ત્રણ મોટા ડેમનો મુઠ્ઠીભર બ્રિટિશ બૉંબરોએ ઘાણ બોલાવી દીધો હતો. સર આર્થર હૅરિસે આ વિજયના આટલાંટિક પાર વૉશિંગ્ટનમાં ઉલ્લાસભેર ખબર પહોંચાડ્યાં- 'સર આર્લ્સ પોર્ટર,' ચીફ ઑવ આર. એ. એફ. ઓપરેશન ડાઉનવુડ સક્સેસફુલ.'

થોડા જ સમયમાં સ્ક્વોડ્રન ૬૧૭ના જાંબાજોએ જર્મનીમાં કેવી તારાજી સરજી હતી તેની પૂરી જાણકારી પણ મળવા માંડી. બ્રિટિશ ઈન્ટેલિજન્સ ઑફિસરોએ તુરત કામે લાગી જઈ આ હુમલાઓ દરમિયાન એમનાં 'રેસી'* વિમાનોએ આણેલા ફોટોગ્રાફ્સને જોડીજોડીને એ તારાજીનો અંદાજ કાઢવા માંડ્યો.

---

* રેસી - recce. Reconnaissance - રિકોનિસન્સ વિમાનો. શત્રુ-છાવણીઓની તપાસ અને તેમની હીલચાલ પર ગુપ્ત પણે નજર રાખનાર વિમાનદળ.

(અનુસંધાન પૃષ્ઠ ૨૫૩ પર)

એક વિલક્ષણ વામન તારો

છોટુભાઈ સુથાર

મંદાકિની વિશ્વના એક વામન તારાએ વિજ્ઞાનીઓ માટે મૂંઝવણભરી સમસ્યા પેદા કરી છે. સમસ્યા સર્જનારો તારો લાલ રંગનો એક વામન તારો છે, જે એના વર્ગના અન્ય તારાઓના હિસાબે ભિન્ન પ્રકારનું વર્તન દાખવે છે.

વામન તારા કદમાં નાના તારા હોવા ઉપરાંત ઓછું તેજ દાખવતા નીચા ઉષ્ણતામાનવાળા ઠંડા તારા છે. નારંગી તેમજ પીળા રંગના તારા પણ વામન છે. પણ લાલ વામન તારા કરતાં તે વધુ ગરમ છે. આપણો સૂર્ય પીળા રંગનો તારો છે. પીતવર્ણા વામન તારાઓની સપાટીનું ઉષ્ણતામાન લગભગ ૬૦૦૦°C હોય છે જ્યારે રક્તરંગી વામન તારાઓની સપાટીનું ઉષ્ણતામાન ૩૦૦૦°C યા તેથી પણ ઓછું હોય છે. લાલ, નારંગી અને પીળા તારાઓને અનુક્રમે M, K, અને G વર્ણવર્ગના તારા કહેવામાં આવે છે.

આકાશના મોટા ભાગના તારા વામન તારા હોવાનું મનાય છે. એ સિવાયના અન્ય તારા વિરાટ તારા છે. વિરાટ તારા મોટાં કદ અને ઊંચા ઉષ્ણતામાનવાળા ગરમ તારા છે. વર્ણપટના હિસાબે ગરમ તારા A, B અને O વર્ગના તારા છે. A વર્ગના તારા સફેદ છે, જ્યારે B વર્ગના આસમાની અને O વર્ગના જાંબુડિયા તારા છે. A તારાનું સામાન્ય ઉષ્ણતામાન ૧૦,૦૦૦°C હોય છે, જ્યારે O તારાનું તાપમાન ૨૦,૦૦૦°Cથી માંડી લાખ અંશ સુધીનું યા તેથી વધુ હોય છે.*

વામન અને વિરાટ તારાઓમાં તાપમાન સિવાયનો એક બીજો પણ ફરક છે. વિરાટ તારા Early Type યા યુવા તારા છે, જ્યારે વામન Late Type યા આધેડ કે વૃદ્ધ તારા છે. ઊર્જાનું જલદી ઉત્સર્જન કરનારા યુવા તારા ઝડપથી અક્ષભ્રમણ કરનારા તારા છે, જ્યારે ઊર્જાનું ધીરેથી ઉત્સર્જન કરનારા વામન તારા બહુ ધીમેથી ધરી-ભ્રમણ કરનારા તારા છે.

વામન તારાનું અક્ષભ્રમણ ધીમી ગતિવાળું હોવાનું કારણ એનું ચુંબકીય ક્ષેત્ર છે. વામન તારાનું ચુંબકીય ક્ષેત્ર તારાના દ્રવ્યને અવકાશમાં ધકેલતું રહે છે, અને એ કારણે દ્રવ્યસંપત્તિમાં ઘટતા જતા તારાનું અક્ષભ્રમણ ધીરે ધીરે મંદ પડતું જાય છે.

પણ ઉક્ત વાત યુગ્મતારાઓને લાગુ પડતી નથી. યુગ્મ લાલ વામન તારા એમની કક્ષીય ભ્રમણ ઊર્જાને અક્ષભ્રમણની ઊર્જામાં પલટાવે છે અને એ રીતે ચુંબકીય બ્રેકનો તે સામનો કરે છે. યુગ્મના સાથી તારા એકબીજા પર ભરતી ઉત્પન્ન કરતા હોય છે અને તે કારણે તે બંને એકબીજા સાથે સંકળાયેલા રહી વેગીલા ધરીભ્રમણ વાળા તારા બની રહે છે.

વિજ્ઞાનીઓને મૂંઝવનારો લાલ વામન તારો એકલ તારો છે, જેની અક્ષભ્રમણ ગતિ ઘણી વધારે છે. આપણો સૂર્ય વામન તારો છે. એનો ધરીભ્રમણ વેગ દર સેંકડે ૨ કિલોમીટર છે, જ્યારે ઉક્ત લાલ વામનનો વેગ દર સેંકડે ૭૦ કિલોમીટરક છે! સૂર્ય કરતાં ૩૫ ગણા વેગથી અક્ષભ્રમણ કરનારા ઉક્ત તારાની નામ-સંજ્ઞા ગ્લાઈઝ ૮૯૦ (GLIESE 890) છે. આપણાથી ૬૫ પ્રકાશવર્ષ છેટે આવેલા ગ્લાઈઝનો અક્ષભ્રમણ સમય ૧૦.૩ કલાકનો છે. ધ્યાનમાં રાખવા જેવું છે કે સૂર્યનો ધરીભ્રમણ સમય લગભગ એક માસનો છે.

અક્ષભ્રમણ વેગીલું હોવા છતાં ગ્લાઈઝ યુગ્મતારો નથી એ એકલ તારો છે. અવકાશ સ્થિત અન્ય એકલ વામન તારા વધુમાં વધુ દર સેંકડે ૫ કિલોમીટર જેટલો ભ્રમણવેગ દાખવે છે. આને લઈને પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે ગ્લાઈઝ ૮૯૦ યુવા તારો નહીં હોય ને ? પણ યુવા તારાની પેઠે, એ દ્રવ્ય ગુમાવતો માલૂમ પડ્યો નથી... તો પછી એમ ન સંભવે કે એનો ભ્રમણવેગ ભ્રમપૂર્ણ હોય! પણ ગ્લાઈઝનો વર્ણપટ એનો ઇન્કાર કરે છે. ગ્લાઈઝના વર્ણપટની રેખાઓ અન્ય વામનોની પેઠે સાંકડી નથી પણ પહોળી છે. વર્ણપટ રેખાની પહોળાઈ પરથી તારાનો ભ્રમણવેગ જાણી શકાય છે. ઉપરાંત તારાના પ્રકાશાલેખ (LIGHT CURVE) પરથી તારાની દીપ્તિ(Brightness)માં કેટલો ફરક પડે છે તે જાણી શકાય છે. ગ્લાઈઝની દીપ્તિઘટ ૧/૧૦ વર્ગ જેટલી છે અને તે દર ૧૦.૩ કલાકના આવર્તી સમયવાળી છે. દીપ્તિઘટનું કારણ તારા કલંક (Star Spot) છે. તારાનું પ્રબળ ચુંબકીય ક્ષેત્ર તારાને દોલાર્ચિ તારો (Flare Star*) બનાવે છે અને તે તારાકલંક જન્માવે છે.

તારામાં પ્રબળ ચુંબકીય ક્ષેત્રનો ઉદ્‌ભવ બે બાબતો પર આધાર રાખે છે : ૧. તારાના વાયુનું સંનયન (convection) અને ૨. તારાનું વેગવાન અક્ષભ્રમણ. તારાનો કેન્દ્રસ્થ ગરમ વાયુ સંવહન દ્વારા તારાની સપાટીએ તારકઊર્જા પહોંચાડે છે. બાદમાં ઉક્ત વાયુ ઠંડો પડી પાછો તારાકેન્દ્ર તરફ ધકેલાય છે. તારાના અભ્યંતરમાંથી ઊંચે ઊઠતો ગરમ વાયુ એની સાથે ચુંબકીય ક્ષેત્રને પણ ખેંચતો જતો હોય છે. આ રીતનું ચુંબકીય ક્ષેત્ર તારાના વેગીલા અક્ષભ્રમણ પર આધારિત છે. અક્ષભ્રમણનો વેગ જેટલો વધુ તેટલું તારાનું ચુંબકીય ક્ષેત્ર બળશાળી

* આકાશમાં વિહરતા વિરાટ તારાઓ પૈકી કેટલાક લાલ રંગના પણ હોય છે. આવા વિરાટ તારા તારક-ઉત્ક્રાંતિનું એક સોપાન દર્શાવે છે.

* જ્વાળાનો આકસ્મિક ભભૂકો

બને છે. ગ્લાઈઝમાંના પ્રબળ ચુંબકીય ક્ષેત્રને કારણે તારાની સપાટી પર વિશાળ તારા દોલાર્ચિ ઉદ્ભવે છે. બૃહત્કાય દોલાર્ચિ જન્માવતો ગ્લાઈઝ ક્યારેક થોડી ક્ષણો પૂરતી, ૨ ગણી પાર જાંબુડી (U.V.) દીપ્તિ દાખવે છે. આ દૃષ્ટિએ પણ દોલાર્ચિ દાખવતા તારાઓમાં ગ્લાઈઝ અનોખાપણું દાખવે છે.

ગ્લાઈઝની ત્રિજ્યા સૂર્યત્રિજ્યાના ૩/૫ જેટલી છે, જ્યારે એનું દ્રવ્યમાન સૂર્યદ્રવ્યમાનના અર્ધ ભાગનું છે. ઝડપી અક્ષભ્રમણ, પ્રબળ ચુંબકીય ક્ષેત્ર, ક્યારેક ક્યારેક ઉદ્ભવતી દોલાર્ચિ અને મોટાં તારાકલંક દાખવતો ગ્લાઈઝ તારો કઈ તારાખાણની નીપજ હશે એ પ્રશ્ને ખગોળશાસ્ત્રીઓ માટે સમસ્યા સર્જી છે.

સમસ્યા એ અર્થમાં કે તારાખાણમાં એકથી વધુ તારા જન્મ લેતા હોય છે. ગ્લાઈઝ ૮૯૦ એકલ તારો છે. તો શું એનો ઉદ્ભવ એકાકી તારાના રૂપમાં થયો હશે? અને ત્યારે, એમ માનવા, એને જન્મ આપનાર વાયુ અને ધૂળનું વાદળ ખૂબ નાનું, અને તે પણ અવકાશમાં અટૂલું વિહાર કરનારું કલ્પવું પડે. બીજી મુશ્કેલી ગ્લાઈઝ જ્યાં આવેલો છે તે સ્થળે યા તેની નજદીકમાં અવકાશી વાદળ હોવાનો અણસાર નથી. અને છતાંય એવું વાદળ અદૃષ્ટ હોવાની કલ્પના કરી લઈએ તો પણ એ માતૃવાદળને ધક્કો મારી એને સંકોચાવાની પ્રક્રિયા અર્પનાર કોઈ પરમ સ્ફોટક (Super Nova) તારાની યા તેના અવશેષની કોઈ નિશાની મળવી જોઈએ ને?

પણ એવું કશું જાણવા મળ્યું નથી. એટલે હવે એક જ વાત બાકી રહે છે : ગ્લાઈઝ ભાગેડુ તારો છે; જે અત્યારે કુંભરાશિમાં પહોંચ્યો છે.

ભાગેડુ તારો? ક્યાંથી ભાગી નીકળેલો?

કેટલાક ખગોળવેત્તાઓનું માનવું છે કે ગ્લાઈઝ જેવું ઝડપી અક્ષભ્રમણ કરનારા આધેડ તારા કૃત્તિકા તારાગુચ્છમાં આવેલા છે. કૃત્તિકા આપણાથી ૪૧૦ પ્રકાશવર્ષ છેટે આવેલો અવકાશી (open) તારાગુચ્છ છે. સંભ્રમની વાત કે ક્યાં કૃત્તિકા અને ક્યાં કુંભ? પણ લાખો વર્ષના સમયગાળાની વાત કરીએ તો એમ કહેવું અજુગતું નહીં લાગે કે મૂળે, કૃત્તિકામાં આવેલો ગ્લાઈઝ ૮૯૦ એના જેવા અન્ય વામન તારાઓ કરતાં સહેજ વધુ અવકાશી વેગવાળો હશે અને એના પરિણામ સ્વરૂપ, યા અન્ય રીતનો ધક્કો પામી તે કૃત્તિકામાંથી ભાગી છૂટ્યો હસે. કૃત્તિકા પોતે પણ બહુ જૂનું નક્ષત્ર નથી : ૭૦૦ લાખ વર્ષ પહેલાં જ અવકાશી વાદળમાંથી તે ઉદ્ભવેલું છે.

ગ્લાઈઝની કૃત્તિકામાંથી ભાગી છૂટવા અંગેની એક બીજી અટકળ અર્થપૂર્ણ લાગે તેવી છે. તે નીચે મુજબ છે :

કૃત્તિકા અવકાશી તારાગુચ્છ છે. એના જેવા તારાગુચ્છની દ્રવ્યસંપત્તિ સામાન્ય રીતે ૧૦૦૦ સૂર્યદ્રવ્ય જેટલી હોય છે. કૃત્તિકા ગુચ્છનું હાલનું દ્રવ્યમાન ૩૦૦ સૂર્યદ્રવ્ય જેટલું છે. કૃત્તિકાના તારા સંઘતારા છે, જેમાંના મોટા ભાગના તારા અવકાશમાં એક દિશામાં ગતિ કરી રહ્યા છે. એમ પણ બન્યું હોય કે કૃત્તિકાના અર્ધ ઉપરાંતના તારા જેમના ગતિવેગ વધુ હોય તે કૃત્તિકાને છોડી ગયા હોય, અને ગ્લાઈઝને પૈકીનો એક તારો હોય.

અથવા, અન્ય રીતે વિચારીએ તો, એમ કલ્પના કરી શકાય કે લાખો વર્ષ પહેલાં કોઈ એક મોટું આણ્વિક વાદળ કૃત્તિકાની નજદીકથી પસાર થયું હોય અને એનાથી આકર્ષાયેલા કૃત્તિકાના કેટલાક શિથિલ બંધનવાળા તારા કૃત્તિકામાંથી છટકી અવકાશમાં ભાગી નીકળ્યા હોય અને ગ્લાઈઝ પણ તેમાંનો એક હોય.

કલ્પના લાગે છે તો બંધબેસતી, પણ એની પુષ્ટિ માટેનું કોઈ પ્રમાણ મળવું જોઈએ ને?

અવકાશનું નિરીક્ષણ કરનારાઓને કૃત્તિકાના સભ્ય તારા હોય એવા કેટલાક તારા મળી આવ્યા છે. એ પૈકી AB અસિમીન નામે ઓળખાતો એક તારો વિશેષ ઉલ્લેખયોગ્ય છે. સૂર્યના હિસાબે ઓછા દ્રવ્યમાન વાળા આ તારાનો વર્ણવર્ગ K (નારંગી રંગ)છે અને એનો અક્ષભ્રમણ કાળ ૧/૨ દિવસનો છે. અતિ ઝડપથી ધરીભ્રમણ કરતો આ તારો પ્રબળ ચુંબકીય ક્ષેત્ર ધરાવે છે. એટલું જ નહીં પણ ગ્લાઈઝની પેઠે તારા કલંકો દાખવતો એ દોલાર્ચિ (flare) તારો છે.

આપણી નજદીકના ૭૦ પ્રકાશવર્ષની મર્યાદાની અંદર આવેલા લાલ વામન તારાઓના થઈ રહેલા અભ્યાસ દરમિયાન જ ગ્લાઈઝનું નિરીક્ષણ થયું છે. ગ્લાઈઝની વિચિત્રતાઓએ ખગોળશાસ્ત્રીઓને એના જેવા તારાઓની ઉત્ક્રાંતિ સમજવા જે માહિતી આપી છે, તેના આધારે કૃત્તિકા જેવા અવકાશી તારાગુચ્છોનો વિશેષ અભ્યાસ થઈ શકશે. એટલું જ નહિ પણ સ્થાપિત ઉત્ક્રાંતિ સિદ્ધાંતની વધુ ચકાસણી પણ થઈ શકશે એમ સમજવું રહ્યું. □

અનુસંધાન] સ્ક્વોડ્રન - ૬૧૭ [પૃષ્ઠ ૨૫૧ પરથી

એનું આખરી ચિત્ર માની ન શકાય તેવું અજબ હતું, જોકે વૉલિસને તો તેનો પૂરેપૂરો ખયાલ હતો. સેંકડો ચોરસ માઈલના વિસ્તાર સાથે અગણ્ય કારખાનાંઓ, કોલસાની ખાણો, વીજમથકો અને વસાહતો પર ડેમનાં પાણી ફરી વળ્યાં હતાં. એના ધસમસતા પૂરમાં અનેક મહત્ત્વના પુલો તણાઈ ગયા હતા, સંખ્યાબંધ ફાઉન્ડ્રિઓ ખલાસ થઈ ગઈ હતી. હવાઈ મથકો ઉપર પાણી ફરી વળતાં ઉડ્ડાન માટે એ નિરુપયોગી બનવા ઉપરાંત સેંકડો વિમાનો પણ બેકાર થઈ ગયાં હતાં. જર્મનીમાં રૂહર પ્રદેશમાંની શત્રુની મોટા ભાગની શકિત આ એક રાતમાં જે ધોવાઈ ગઈ હતી. આટલા નાના હવાઈ હુમલા દ્વારા જર્મનીને આટલો મોટો ફટકો અગાઉ ક્યારેય લાગ્યો નહોતો.

આ પરાક્રમ બદલ ગિબ્સનને વિક્ટોરિયા ક્રોસનું માન મળ્યું. ટુકડીમાં બીજા ૩૨ જણને પણ જે માનચાંદ મળ્યા તેમાં પાંચને 'ડિસ્ટિંગ્વિશ સર્વિસ ઓર્ડર', દસને 'ડિસ્ટિંગ્વિશ ફ્લાઈંગ ક્રોસ' અને ચારને 'ડિસ્ટિંગ્વિશ ફ્લાઈંગ મેડલ' એનાયત થયા. રોયલ એર ફોર્સમાં આ એક નવો વિક્રમ હતો.

પણ આ પછી ગિબ્સનને ભૂમિ પરની જ કામગીરી સોંપાઈ. એણે એનો આગ્રહભર્યો વિરોધ પણ કર્યો, પરંતુ તેના ઉપરીઓએ એને સ્પષ્ટ કહી દીધું કે યુદ્ધમાં એના ભાગે જે કંઈ કામગીરી આવે એ કરતાં તો એણે ઘણું મોટું કામ કરી બતાવ્યું હતું. અને તેઓએ પછી ગિબ્સનને રોયલ એર ફોર્સની પરાક્રમ-કથા કહેવા અમેરિકા મોકલી આપ્યો હતો. (સંકલિત)

બિ. ટાંક

નાગ
પરંપરા અને પ્રતીક
કનુભાઈ જાની

(ગતાંકથી પૂરું)

પરાપૂર્વથી ગરુડ-સર્પ શક્તિનાં પ્રતીકો ગણાતાં આવ્યાં છે. છેક અર્વાચીન કાળના યુરપીય સાહિત્ય સુધી આ માન્યતાની અસર છે. નિત્શેના 'Thus Spake Zarathustra'માંના એકાકી ઋષિના ('Solitary Sage'ના) બે સાથીદારો છે ગરુડ અને નાગ. એ એમને 'The proudest and the shroudest among animals' સર્વ પ્રાણીઓમાં સૌથી વધુ ગરવાં ને ગંભીર, કહે છે. સુપરમેનમાં આ બે ગુણો જોઈએ - ગૌરવ અને ગાંભીર્ય. એ બેની એકતા જોઈએ. એ હોય તો જ દુનિયાનું નવનિર્માણ થઈ શકે, એટલા મહત્ત્વની એ બે શક્તિઓ છે એમ નિત્શે માને છે.

તમે લાઓકૂનના શિલ્પનું ચિત્ર જોયું જ હોય. સર્પોને મહાત કરવા મથતા પુરુષાર્થનું પ્રતીક. ગ્રીક પુરાકલ્પનકથાઓમાં એપોલોએ પાયથોન ડ્રેગોનને હરાવ્યાની કથા જાણીતી છે; પછી ભવિષ્યવેત્તાપણું એ નાગ પાસેથી એપોલો પાસે આવ્યું, ને ડેલ્ફી એનુ દેવળ બન્યું. નાગપૂજા ગ્રીસમાં હતી એનાં ઘણાં દષ્ટાન્તો મળે. (મારી વર્ષો જૂની એક દૃઢ માન્યતા - થિસિસ - છે: ઝ્યૂસ ને ડિમિટર તે શંકર-પાર્વતી જેવાં જ! પાછી ઝ્યૂસની લિંગપૂજા પણ થાય! પાછી આ નાગપૂજા પણ ત્યાં ખરી! અન્ય ઘણી મિથ્સ સમાન. એ પરથી એમ માનવા પ્રેરાવાય છે કે પ્રાચીનતમ પ્રાગૈતિહાસિક કાળે જ્યારે પ્રજાઓનાં પરિભ્રમણો ચાલતાં હતાં ત્યારે, કાળે સમુદ્રેથી જે પ્રજા ગ્રીસ તરફ ગઈ એનો એક ફાંટો, સમુદ્રમાર્ગે દક્ષિણભારતે ઊતર્યો હોવો જોઈએ. આ માત્ર ધારણા જ છે; એને પુરવાર કરવા યુરોપમાંના ખ્રિસ્તીઓએ નષ્ટ કરેલા પ્રાચીન લોકધર્મો- પેગનરિલિજ્યન્સ-નો અભ્યાસ, પ્રાચીન પ્રજાતિ-પરિભ્રમણોનો અભ્યાસ, તુલનાત્મક માયથોલોજિ, અને દક્ષિણ તથા યૂરોપમાં આ દૃષ્ટિએ તપાસાર્થે ક્ષેત્રકાર્ય - (ફિલ્ડવર્ક) - આટલું કરવું પડે. એક જણનું કામ છે?) ગ્રીક પુરાકલ્પનકથાઓમાં નાગપૂજાનાં ઢગલાબંધ દષ્ટાંતો મળે. એકાધિક માથાંવાળા સર્પોની કથાઓ પણ. ગ્રીસમાં નાગપૂજાનું કેન્દ્ર હતું Epidaurus. ત્યાં એસ્કયૂલેપિયસ (Esculapius) નું દેવળ છે, ને દેવળની પાસેની ઘટાઓમાં સર્પોને ઉછેરવામાં એસ્કયૂલેપિયસના દેવળમાં પણ એક મોટો સર્પ રાખવામાં આવતો. ગ્રીસમાં સર્પપૂજા છેક ખ્રિસ્તી ધર્મના ફેલાવાના આરંભકાળ સુધી રહેલી. એથેન્સમાં પણ વૃક્ષ અને સર્પ બંનેની પૂજા માટેનું દેવળ હતું. એલેક્ઝાન્ડર નાગપુત્ર મનાતો. યુરોપના અન્ય દેશોમાં પણ સર્પપૂજા હતી.



હર્ક્યુલિસ ઃ બાળ ગૂંગળાવતો બાથથી એક નાગને

સર્પ પૃથ્વીમાંથી સળવળતો ઊઠે છે, તો ગરુડ આભનાં ઊંડાણોમાંથી. એક જળ-થળનો રક્ષક, બીજો અગાધ નિરવધિ આકાશનો. એક સ્થૂળને મારે-જિવાડે; બીજુ મુક્તિનું પ્રતીક. પશ્ચિમમાં આ બેની શત્રુતા પરખાઈ, ભારપૂર્વક રજૂ થઈ એ ખરું; પણ ભારત જેવામાં તો એ બે પ્રકૃતિનાં તત્ત્વોનાં પ્રતીકો છે : એક જીવનના મૂળભૂત પ્રવાહી જળતત્ત્વનું પ્રતીક; એની સામે ગરુડ તે સૂર્યના તાપનું (બળનું) પ્રતીક. સૂર્યનો તાપ જીવનને પી શકે, ઉડાડી શકે, (બાષ્પીકૃત કરી શકે). એટલે ગરુડને કહ્યો છે સુપર્ણ. વળી 'નાગાન્તક'- 'ભુજંગાન્તક' પણ ખરો. ગળી જનાર! 'ગરુડ' શબ્દમાનાં 'ગૃ' ધાતુનો અર્થ થાય 'ગળી જવું.' જે નાગને ગળી શકે એ વિષનેય પચાવે ને ઉતારે પણ! જગન્નાથપુરીમાંના ગરુડના એક સ્તંભને ભેટવાથી વિષદંશ ઊતરે છે એવી લોકમાન્યતા (ને ચાલ) છે. 'વિષ' એટલે ફેલાવું, તે પરથી 'વિષધર' અને 'વિષ્ણુ' બંને શબ્દો આવ્યા ! પણ 'વિષ્ણુ' તો અનેક વિરોધોનો સમન્વય! પોઢણ અનન્તશેષ (નાગ) પર ને વાહન ગરુડનું! બંને પરસ્પરના વિરોધી; અહીં એકરૂપ.

વિષ્ણુકથામાં નાગકથા આવે જ. ત્રીજા વરાહાવતારમાં પૃથ્વીને કાળીનાગની ચૂડમાંથી બચાવી. વિષ્ણુપુરાણ અનુસાર પૃથ્વી પર જ્યારે રાક્ષસોનો આતંક ફેલાયો, દેવો ત્રાસ્યા, બ્રહ્મ સમક્ષ પૃથ્વીસહિત ફરિયાદે ગયા, ત્યારે ક્ષીરસાગરશાયી એ શેષ-શાયીએ પોતાને માથેથી બે વાળ ખેંચી કાઢ્યા - એક કાળો અને એક ધોળો. કહે, 'વસુદેવની રાણી દેવકીની કૂખે મારો કૃષ્ણ કેશ આઠમા સંતાનરૂપે અવતરશે અને કંસરૂપે અવતરેલા કાલનેમીને હણશે; કૃષ્ણ કેશ કૃષ્ણ જ કહેવાશે, દુષ્કૃત્યોને ઠેકાણે કરશે.' આમ કૃષ્ણ જન્મ્યા, અને શુક્લ કેશ તે બલરામ. એ બેને મારવા કંસે આકાશપાતાળ એક કર્યાં, પણ સફળ ન થયો. (લોકકલ્પના દુરિતને ક્યારેય જીતનું દેખાડતી નથી.) કૃષ્ણની બાળલીલા સાથે સંકળાયેલી કથાઓ સૌ જાણે છે. તેમાંય કાલીય-મર્દન-કથા કયા ભારતીયથી અજાણી હોય? એકલી એ એક જ કથાને લઈને થયેલી

રચનાઓ કોઈ ભેગી કરે - અરે, કોઈ એક જ ભાષાની - તો ય હજારોની સંખ્યામાં થવા જાય.

કાલીનાગને નાથતા કૃષ્ણના ચિત્ર ને શિલ્પોની જોડાજોડ મૂકો હાયડ્રાને પૂરો કરતા હરક્યૂલિસનું કે પાયથનને પૂરો કરતા એપોલોનું કે જેને લઈને લેસ્સિંગે સૌન્દર્યમીમાંસા માંડી તે લાઓકૂનનું. એક સાત વર્ષનું બાળક અહીં (ભારતની કૃષ્ણકથામાં) નાગને નાથે છે. નહિ બળ વાપર્યાનો ભાવ મુખ પર, નહિ ભયનો ભાવ, નહિ બળ નાથ્યાનું અભિમાન! અસત્‌ને જાણે સહજ ભાવે સત્‌ જ નાથે. સત્‌ એ જ એની સજજતા.

વળી, નાથવાનું ખરું પણ ખતમ કરવાની વાત નથી! (તું પાપ સાથે નવ પાપી મારતો) પણે (ખાસ કરીને લાઓકૂનમાં) ચીસ છે, વેદના છે, સામનો છે, માનવદ્વારા એ દુરિતને ડામવા અપ્રતિમ બળનો પ્રયોગ થઈ રહ્યાની પ્રતીતિ છે, એ ભાવોના મૂર્તીકરણની અદ્‌ભુત કળા છે. બંનેમાં વાત તો કાળને, નાગને, અસત્‌ને નાથવાની જ છે. એકમાં એ કાર્ય જાણે સદેહે દેવત્વ કરે છે; બીજામાં એ સાચા અર્થમાં પુરુષાર્થ છે. પણ કલાકારો, કવિઓ-સાહિત્યકારોને પણ ગમતું આ વસ્તુ છે બંને સ્થળનું. એકમાં યુદ્ધ છે, સંઘર્ષ છે; બીજામાં આ 'બાળ' ખેલ કરે છે, એની ફેણ પર નૃત્ય કરે છે. શિવનું તાંડવ તેમ કૃષ્ણનું આ નર્તન, આપણા કલાકારો, કથાકારો, શાસ્ત્રકારોનું એક માનીતું વસ્તું. એમને મન એ ઘર્ષણ (કે સંઘર્ષ) નથી, નર્તન છે! લીલા! પૂર્વના અને પશ્ચિમની માનસિક અભિગમમાં આટલો ભેદ. સાચો-ખોટો એ વાત બાજુએ રાખીએ; ભેદ છે એ હકીકત નોંધપાત્ર. આ નોંધતાં નોંધતા ક્યારેક પશ્ચિમી વિદ્વાનો પણ અભિભૂત થઈ, આપણી જ ઢબે (!) સ્તુતિ ગાવા બેસી જાય છે - (નાગદમનના) નરસિંહ બનીને! હેન્રિક ઝિમ્મર (Heinrich Zimmer : શું ઉચ્ચાર થતો હશે?) - એને, આમ તો, વાત ચર્ચવી છે આ વિષયના પૂર્વ-પશ્ચિમના આલેખન-અભિગમ-ભેદની - એમના પુસ્તક 'Myths And Symbols in Indian Art And Civilization'માં. (Ed. Joseph Compbell; Harper..., N.Y.; 1962) પણ કાલીયમર્દનની વાત કરતાં કરતાં એમનું ગદ્ય (જો કે અમસ્તુંય, ચર્ચાનું ગદ્ય પણ કેવું-કેટલું સર્જનાત્મક ને સજીવ હોઈ શકે એના એક સારા નમૂના તરીકે પણ એ આખું પુસ્તક વાંચનીય છે! ખાસ તો ગદ્ય.) સ્તોત્ર જેવું બની જાય છે. કૃષ્ણ પાતાળે ગૂમ! માતા ચોધાર આંસુએ વિલપે. બલરામ પોતાના લઘુબંધુને બે હાથ જોડીને વિનવે : 'તું હવે આ બાળરમત છોડ, મને ખબર છે તું કોણ છે તે. તારાપણું પ્રકટાવ. લીલાની હવે ખમૈયા કરો ભાઈ !' ઝિમ્મરની વાણી ચાખીશું? કહે છે : You have played the babe and the boy; you have enacted the human weakness. Display now your infinite power; arise and conquer the mighty fiend.'

The words rang in Krishna's ears...Over his face there moved a smile..., with a burst, he released his limbs from the serpent coils, and, springing free, placed his foot on the serpent head...continued his dance...' (85) અને છેલ્લે એને ખતમ કરવાને બદલે વરદાન આપે છે! અનન્ત-ત્વ બક્ષે છે, શેષ બનાવે છે - વિષ્ણુનું પોતાનું શયન. દુરિતથી નિશ્ચિન્ત થવાય તો જ દેવત્વ ફેલાય.


આ કથાનાં તારણો આમ કાઢી શકાય : યમુનાસ્થળની કોઈ ઘટના હશે, એમાં ત્યાંની કોઈ માથાભારે અઘટિત શક્તિને કોઈએ આમ નાથી હશે, ઠેકાણે આણી હશે. અથવા કોઈ આદિમ નાગસંપ્રદાયમાંથી આ કથા આવી હોય, ને પછી વિષ્ણુકથામાં પેલી આદિમકથા ભળી ગઈ હોય.

એપોલોએ ડેલ્ફીમાંના નાગને નાથ્યાની કથા ગ્રીક માયથોલોજિમાં છે. ત્યાં એ નાગ પાયથોન પહાડની બખોલોમાં ભરાઈ રહે. એનો ઉચ્છ્‌વાસ એમાંથી જે નીકળે એ, ત્યાંના દેવળની એક પૂજારિણી પાયથીઆના શ્વાસમાં ભળે, એનાથી એને ભાવિકથનની શક્તિ મળે! એપોલોએ એ નાગરાક્ષસ (dragon-demon)ને પૂરો કર્યો અને ત્યાં પોતાની આણ સ્થાપી. ત્યાં સૂર્યદેવ (એપોલો)ની વિવેકશક્તિની આણ સ્થપાઈ ખરી, પણ પેલી ભવિષ્યકથનની પરંપરા તો ચાલુ રહેલી. ત્યાં એપોલોએ પેલા નાગને પૂરો કર્યો એમ કૃષ્ણ અહીં કરતા નથી. માત્ર એને દૂર દરિયે જવા ફરમાવે છે. જેથી એના શ્વાસોચ્છ્‌વાસો પણ હવાને પ્રદૂષિત ન કરે. એની આણ ને ફડક ન રહે. કૃષ્ણે સંહારક શક્તિને તો રહેવા દીધી જ, એનો નાશ ન કર્યો; એના પર વિવેક ને વિનમ્રતાના અંકુશો રહે એમ કર્યું.

કૃષ્ણ એટલે ગોપ-ગોપી માટે અનર્ગળ પ્રેમ, ને કાલીય જેવા માટે અંકુશ. કૃષ્ણાવતારનું રહસ્ય ઝિમ્મર આમ કહે છે : 'For the human AVATARA is a blending of opposites. Such a blending are we ourselves, though unaware of our twofold nature : we are atonce the illimited, unconditioned, devine Self, and the shrouding attributes of personality - experience and ego-consiciousness.' (89) માનવ-અવતાર-માત્રમાં આવું બે પરસ્પર વિરોધી વૃત્તિઓનું સહત્વ હોય. આપણામાંય તે દુર્વૃત્તિ ને દિવ્યવૃત્તિ બંનેનો સહવાસ! ભલે આપણને એનું ભાન ન હોય પણ, આપણે એક તરફથી છીએ નિરવધિ, અનન્ત, નિર્લેપ, અનર્ગળ, દિવ્ય; બીજી તરફથી સાવ માટી-મેલા, અહમ્‌-આચારી! સાંકડા ને સ્વાર્થી. આ બીજો નાગ પેલા આગલા સાગરમાં જઈને ગૂંચળું વાળીને બેસી જાય, ને ઉપર દિવ્યતા જ પથારી જમાવીને બેસે - કેવળ વિવેક - તો જ જગત ચાલે.

કૃષ્ણ-બલરામની કથામાંના સર્પતત્ત્વના અનુસંધાનમાં હજી એક વાત નોંધવાની : બલરામ જાતે પાછા હતા શેષાવતાર! એમના દેહવિલયની કથામાં એ વાત સ્પષ્ટ બને છે. કૃષ્ણાવતારનું બંધુકૃત્ય પૂરું

(અનુસંધાન પૃ. ૨૬૩ પર)



પ્લાટ્સબર્ગથી શિકાગો

કૅનેડાના મોન્ટ્રિયલ શહેરમાં કેટલોક સમય હતો. ત્યાં એક દિવસ પ્લાટ્સબર્ગથી સુરેશ પટેલનો ફોન આવ્યો, 'તમારે પ્લાટ્સબર્ગ આવવાનું છે. હું તમને લેવા આવીશ.' પ્લાટ્સબર્ગ ઉત્તર-પૂર્વ યુ.એસ.એ.માં છે, પણ મોન્ટ્રિયલથી મોટરગાડીમાં માત્ર બે-અઢી કલાકના અંતરે છે. મારી પાસે બહુ દિવસો ન હતા. મેં એને કહ્યું કે મારે બે દિવસ પછી સિરેક્યુસથી વિમાન પકડી શિકાગો જવાનું છે. એનો આગ્રહ રહ્યો કે મારે એક દિવસ માટેય પ્લાટ્સબર્ગ જવું, ત્યાંથી ડ્રાઈવ કરીને એ મને સમયસર સિરેક્યુસ પહોંચાડશે. પુત્રવધૂ ઇન્દુએ કહ્યું કે સુરેશભાઈને બોલાવવાની જરૂર નથી. આપણે બધાં પ્લાટ્સબર્ગ સાથે જઈશું.

સદ્‌ભાગ્યે દૂર આફ્રિકાથી ઇન્દુના ભાઈ અનિલ, જે વિમાની ઈજનેર છે, તે આ દિવસોમાં મોન્ટ્રિયલ હતા. વચ્ચે એક દિવસ અમે ક્વીબેક પણ જઈ આવ્યાં. પછી એક સવારે પ્લાટ્સબર્ગ જવા નીકળ્યાં. સુરેશ અમદાવાદમાં ફાર્મસીની ઉપાધિ મેળવી, અમેરિકામાં એ જ વિષયમાં પીએચ. ડી. થયો છે અને એક પ્રસિદ્ધ કંપનીમાં જોડાયો છે. એના બીજા ભાઈઓ અને માતાપિતા લોસ ઍન્જેલિસમાં રહે છે. મારા પુત્રો મધુ-આનંદનો એ ભાઈબંધ.

પ્લાટ્સબર્ગ અમેરિકાના ન્યૂ યોર્ક રાજ્યમાં જ આવેલું છે, ઉત્તર-પૂર્વી કિનારા ભણી. કૅનેડાની સરહદે જ કહેવાય. રસ્તે એક વાર અમે થોડાં ભૂલાં પડ્યાં, પણ એથી તો આ ખેતીવાડીની દૃષ્ટિએ સમૃદ્ધ વિસ્તારનો ખ્યાલ આવ્યો. પ્લાટ્સબર્ગ ચેમ્પલેઈન સરોવરને કિનારે છે. સુરેશનું ઘર લેકશોર રોડ પર આવેલું છે. ધારણા કરતાં અમે થોડાં મોડાં પહોંચ્યાં. સુરેશ અને સ્મિતા રાહ જોતાં હતાં. આ વિસ્તાર એવો છે કે ત્યાં ભાગ્યે જ બીજાં ગુજરાતી કુટુંબો છે, લાગે કે સુરેશ-સ્મિતા ઘણાં એકલાં પડી ગયાં છે. અમારું આગમન એમને મન ઉત્સવ જેવું હતું.

થોડી વારમાં તો અમે ચેમ્પલેઈન સરોવરની સન્નિધિમાં પહોંચી ગયાં. પહેલાં થોડાં છાયાદાર વૃક્ષ, પછી ખડકાળ કિનારો અને પછી દૂર-સુદૂર ઝાંખી દેખાતી ટેકરીઓ સુધી વિસ્તીર્ણ જળ. કેટલાંક સહેલાણીઓ સ્વચ્છ ખડકો પર અર્ધ ઉઘાડાં બેસી જળ પરથી વહી આવતી શીતલ લહરીઓનું સેવન કરી રહ્યાં હતાં. અહીં તડકે બેસવા છતાં તડકો તો લાગે નહિ. અમે જુદા જુદા ખડકો પર એવી રીતે ગોઠવાયાં કે ખડકની સાથે અમારા ચરણને પણ સરોવરની લહરીઓ પલાળતી રહે.

પછી તો અમે સરોવરને કિનારે કિનારે ચાલ્યાં. જુદે જુદે સ્થળેથી એને જોયું. ઇન્દુ લોકોને મોન્ટ્રિયલ પાછા જવાનું હતું, તે પહેલાં તેમને પ્લાટ્સબર્ગમાંથી થોડી ખરીદી કરવાની હતી. કૅનેડાવાસીઓને અમેરિકામાંથી ખરીદવાનું સસ્તું પડે છે. અમે સુરેશને ઘેર પાછાં આવ્યાં. થોડુંક જમી લીધું. પછી ઇન્દુ આદિ ખરીદી કરવા નીકળ્યાં. સુરેશે કહ્યું, 'આપણે ઓઝેબલ નદીનો ધોધ જોવા અને એના ધસમસતા પ્રવાહમાં નૌકાયાત્રા કરવા જઈએ.' નદીતટે પહોંચ્યા ત્યારે નૌકાયાત્રાનો સમય પૂરો થઈ ગયો હતો, એટલે નિરાંતે આજુબાજુ ફર્યા. ઓઝેબલના ધોધનાં દર્શન કર્યાં. પુલ ઉપર ઊભા રહી નીચે કોતરોમાં ઊતરતા જતા નદીના પ્રવાહને જોતાં રહ્યાં. અહીં બધે જ્યાં જ્યાં લગાર પણ દર્શનીય સ્થળ હોય તો એની જાળવણી તો થાય, એના સૌંદર્યને પ્રવાસીઓ ભરપૂર રીતે કેમ માણી શકે, એની સુવિધાઓ પણ કરી રાખી હોય. સાંજ પડવામાં હતી. અમે ફરી ચેમ્પલેઈન સરોવરને કિનારે.

રાત્રે પ્લાટ્સબર્ગ શહેરમાં આંટો મારવા નીકળ્યાં. કેટલી બધી શાંતિ માર્ગો પર પણ ! ક્યાંક બારમાંથી થોડો શોરબકોર કે સંગીતની સુરાવલિ સંભળાય. સુરેશ-સ્મિતાની એ ફરિયાદ રહી કે 'મારે ત્યાં ઓછામાં ઓછું એક અઠવાડિયું તો રોકાવું જ જોઈએને! કહે, 'પહેલે તો અમે બે એકલાં હતાં, હવે નાની નેહલ છે, એટલે સમય જાય છે. શિયાળામાં તો આ ઘરના આંગણ સુધી માત્ર બરફ. આ સરોવર નદી બધું બરફમય.'

રાત્રે મોડે સુધી વાત કરતાં રહ્યાં. પરંતુ વહેલી સવારે જાગવાનું હતું. સિરેક્યુસ અહીંથી ત્રણસો-સાડાત્રણસો માઈલ દૂર હશે. ત્યાં મને ઉતારી, સુરેશને પાછા આવવાનું. સ્મિતાએ લાંબા રસ્તામાં જરૂરી ખાદ્યસામગ્રી અને પેયો લઈ લીધાં હતાં. માર્ગ નંબર ૮૭ એટલે મોન્ટ્રિયલથી આલ્બેનીથી ન્યૂ યોર્ક લઈ જાય. વચ્ચેથી અમારે સિરેક્યુસ માટે ફંટાવાનું.

આ ડ્રાઈવ મનમાં રહી ગયો છે. ચારે બાજુ લીલાછમ પર્વતો, વચ્ચે ઊંચોનીચો વહેતો મુલાયમ માર્ગ. સુરેશે કહ્યું, 'આ વિસ્તાર એડિરોન્ડેસ વિસ્તાર તરીકે ઓળખાય છે.' આકાશમાં થોડાં વાદળ હતાં, પણ એકંદરે તડકાવાળો દિવસ. નદી-ઝરણાં આવતાં જાય, સરોવર આવતાં જાય. અઢીસો જેટલાં નાનાંમોટાં સરોવરો છે! જંગલછાયા પહાડ તો ખરા જ. મને થયું કે બસ આ છે અમેરિકા - પ્રાકૃતિક. ક્યાંક વાંચ્યું હતું : યૂરોપ-એશિયાના દેશોને પોતાનાં પ્રાચીન નગરો કે કલાવારસા માટે અભિમાન છે, પણ અમેરિકા તો એમની તુલનામાં તરુણ રાષ્ટ્ર કહેવાય. અમેરિકા પાસે એવો હજારો વરસનો કલાવારસો કે પ્રાચીન ઈતિહાસ-પ્રસિદ્ધ નગરો નથી, પણ અમેરિકા પાસે કુંવારાં જંગલો છે, આદિમ અરણ્યાનિ છે, વિશાળ સરોવરો છે, નદીઓ છે, એમ ને એમ હજારો હજારો લાખો વરસથી સચવાયેલાં છે.

માર્ગ વચ્ચે હડસન પસાર થઈ, જેને જોઈ હતી ન્યૂ યોર્ક નગરને પાદરે. પછી તો મોહોક (Mohowk)નામની એક નદી રસ્તાની સમાંતર વહેતી સાથે થઈ. ઢળતો માર્ગ અને એ પ્રમાણે નદીનો પ્રવાહ. ક્યાંક ગામ પસાર થાય, એનું ઊંચું ચર્ચ ડોકિયાં કરતું હોય. પર્વતતળેટીમાં ગાય તો નયનમાં વસી જાય ! બધેય ગ્રીન ગ્રીન. કેટલી બધી પરિવર્તમાન સુંદર દશ્યાવલિ ! આવે વખતે બહુ વપરાતા અંગ્રેજી શબ્દો વાપરીને કહું તો - Breath taking beauty. સુરેશે કહ્યું, 'વચ્ચે એક ગામમાં આપણે થોડો વિરામ લઈશું.' ઉર્નોવ ગામ. ડૉ. મુકેશ છોટાભાઈ. દંતચિકિત્સક. સુરેશના સગા થાય. એના ગામ નિસરાયામાં પરણેલા. ડૉક્ટર મને જોઈ રહ્યા : 'તમને જોયા છે, વિદ્યાપીઠમાં. મારા પિતાનું નામ છોટુભાઈ. તમે રઘુવીરને ત્યાં આવતા.' એકદમ પરિચય થઈ ગયો. એમનું ઘર, ઘરનું આંગણ ઘણું મોટું. ઘર એક અમેરિકન પાસેથી ખરીદેલું. પેલાએ ટેસ્ટથી બંધાવેલું. સુરેશે ડૉક્ટરને ફોન કરેલો, એટલે જમવાનું પણ એમણે તૈયાર રાખેલું.

પછી કહે : 'અહીંથી સુરેશ-સ્મિતાને પાછાં જવા દઈએ. હું તમને સિરેક્યુસ મૂકી જઈશ. અહીંથી હજુ સિરેક્યુસ ૭૫ માઈલ જેટલું છે. જવા- આવવાના એને દોઢસો માઈલ થાય. તમને હું વિમાનમાં બેસાડીશ, વિમાન ઊપડશે, પછી હું પાછો આવીશ.' મને થયું, કેવો અકારણ સ્નેહ ડૉક્ટર બતાવી રહ્યા છે!

વિમાન મોટે ભાગે તો સમયસર હોય. સાંજ વેળા હતી અને મને વિમાનમાં બારી પાસે બેઠક મળી હતી. હવે ઉપરથી નીચેની ધરતી જોતાં કાલિદાસના દુષ્યન્તના શબ્દો જ યાદ આવે - 'અહો ઉદાર રમણીયા પૃથિવી.' શરૂમાં તો ઘર ગ્રામ વૃક્ષ માર્ગ નદી દેખાતાં રહ્યાં; પછી શરૂ થયું એક વિરાટ સરોવર, એનો વાંકોચૂકો કિનારો દેખાયા જ કર્યો, અને પછી વચ્ચે વાદળનાં શ્વેત વિરાટ પુષ્પો. વળી, નીચે ધરતી ગ્રીન ગ્રીન.

ત્યાં બીજું સરોવર. કેવો સુંદર કિનારો ! ભૂરાં જળ. એ સરોવર પણ પસાર થઈ ગયું અને પછી તો વાદળ જ વાદળ. નીચે કાંઈ દેખાતું નહોતું. પણ શિકાગો આવવામાં હતું. શિકાગોના ઓ'હારા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દુનિયાના તમામ એરપોર્ટ કરતાં સૌથી વધારે વિમાનોનું ચઢાણ-ઊતરાણ થાય છે. આવા એરપોર્ટ પર ક્યાંક ભૂલા તો નહિ પડી જવાય, એવી હળવી ભીતિ ઊઠી હતી.

વિમાન એકદમ પ્રવેશદ્વાર પાસે આવી ઊભું. ચાલતાં ચાલતાં બહાર આવું છું, તો સામે ઊભો હતો વિક્રમ. ડૉ. વિક્રમ પટેલ, શ્રી નટુભાઈ અને એમનાં પત્ની. એક પરમ આશ્વસ્તિનો ભાવ.

આ મહાનગરમાં પ્રમાણમાં વિક્રમનું ઘર એરપોર્ટથી બહુ દૂર ન ગણાય. થોડીવારમાં શિકાગોના સ્કોકી પરગણાના એક ઘરમાં. શિકાગો વિષે અમેરિકન કવિ કાર્લ સેન્ડબર્ગની એક કવિતા છે :



Hogbutcher for the world
Toolmaker, stocker of wheat
Player with rail roads
City of big shoulders.

આ કવિતા શિકાગો નગરનું અભિનંદન કરતી નથી લાગતી. ક્યાંક વાંચ્યું હતું - શિકાગોમાં દુનિયાનું મોટામાં મોટું કતલખાનું છે. પહેલી પંક્તિમાં એનો પ્રતિઘોષ છે. એનાં બીજાં વિશેષણો ઉદ્યોગ કે ખેતીપ્રધાનતાનો નિર્દેશ કરે છે. છેલ્લી પંક્તિમાં કદાચ એનાં ઊંચાં ઊંચાં સ્કાઈસ્ક્રેપર્સ ભવનોનો નિર્દેશ વાંચી શકાય.

સ્કાઈસ્ક્રેપર્સની બાબતમાં ન્યૂ યોર્ક અને શિકાગો વચ્ચે સ્પર્ધા છે. ન્યૂ યોર્કના એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ, વર્લ્ડ ટ્રેડ સેન્ટરની ઊંચી ઇમારતોનું સ્મરણ કરાવે તેવી જોન હેન્કોક ટાવર કે સીઅર્સ ટાવરની ગગનગામી ઊંચાઈઓ આપણને વામનકદના બનાવી દે છે, પણ પછી થાય કે વિરાટ એવી આ ઊંચાઈઓનું નિર્માણ પણ આ વામને જ કર્યું છે ને !

અમેરિકનાં નગર વિષે એવું કહેવાય છે કે એનાં બે ત્રણ મોટાં નગર જુઓ, એટલે બસ. પછીનાં નગરોમાં કંઈ નવું નહિ લાગે. બધાં એકસરખાં લાગશે. અમેરિકાનાં બહુ નગરો મેં જોયાં નથી, તેમ છતાં વાત કંઈક અંશે સાચી લાગે, જો તમે એના માત્ર મુખ્ય માર્ગો કે મ્યૂઝીઅમો કે ઊંચી ઇમારતો જ જુઓ. નહિતર દરેક નગરને પોતાની કશીક આગવી ઓળખ છે. હડસન અને ઈસ્ટ નદી અને આટલાન્ટિકથી ઘેરાયેલું ન્યૂ યોર્ક અને મિશિગન સરોવરને કાંઠે વસેલું શિકાગો જુદાં નગર લાગે. સાનફ્રાન્સિસ્કો તો અતુલનીય છે. પ્રશાન્ત મહાસાગરને કિનારે પથરાયેલું લોસ એન્જેલિસ પણ એવું રમણીય. એની હોલીવુડ વિસ્તારની ટેકરીઓ બીજે ક્યાં લાવવી?

શિકાગો નામનો વ્યુત્પત્તિગત અર્થ જોયો તો તે પણ અભિનંદનીય નથી. ચુસ્ત વૈષ્ણવ હોય તો તે એ નામનો અર્થ જાણ્યા પછી એ નામ હોઠે લાવવામાં પણ અચકાય. Chicago અર્થાત્ Che-cau-gou - એનો અર્થ બતાવવામાં આવે છે જંગલી ડુંગળીની ગંધ!

અમેરિકામાં એટલે કે અમેરિકનોમાં જે એક ક્રેઈઝ જોવા મળે છે તે દુનિયામાં દરેક બાબતમાં મોટામાં મોટા થવાની. શિકાગોની વાત કરીએ તો 'મોટાઈ'માં એના કેટલાક વિક્રમો છે, જેની વાત ડૉ. વિક્રમે મને કરી :

દુનિયાની ઊંચામાં ઊંચી ઈમારત : સીઅર્સ ટાવર - શિકાગોમાં
દુનિયાનું ઊંચામાં ઊંચું નિવાસી ભવન : લેક પોઈન્ટ ટાવર - શિકાગોમાં
દુનિયાનું ઊંચામાં ઊંચું નિવાસી/ઓફિસ ભવન : જોન હેન્કોક સેન્ટર - શિકાગોમાં
દુનિયાનો મોટામાં મોટો ફોલ્ડિંગ પુલ : ઓન વોકર ડ્રાઈવ - શિગાકોમાં
દુનિયામાં વધારેમાં વધારે ચઢાણ-ઊતરાણવાળું એરપોર્ટ : ઓ'હારા ઇન્ટરનેશનલ એરપોર્ટ - શિકાગોમાં

શિકાગોમાં ચારેક દિવસ રહ્યો. અમે રોજ સવારે નીકળી પડીએ. સાંજે પાછા આવ્યા પછી રાત્રે પણ નીકળી પડીએ. ક્યારેક પ્રજ્ઞા સાથે હોય, ક્યારેક પ્રજ્ઞાનાં બા-બાપુજી અને ભાઈ પણ. મોટે ભાગે હું અને વિક્રમ. ક્વચિત્ શિકાગો યુનિવર્સિટીના કેમ્પસ પર ભ્રમણ કરીએ. હમણાં રજાઓ હોવાથી વિભાગો બંધ છે, છતાં રજાઓમાં વિવિધ કાર્યક્રમોથી કેમ્પસ જીવંત છે. આ કેમ્પસ પર ભમતાં શિકાગો ક્રિટિક્સ - એટલે કે 'નવ્ય વિવેચન'ના કેટલાક અગ્રણી હસ્તાક્ષરો - આ યુનિવર્સિટીમાં કામ કરે છે કે કરતા-તેમનું સ્મરણ થાય. યુનિવર્સિટીના સાહિત્ય ભવનમાં ગયાં. પ્રાંગણમાં નિરાંતે બેઠાં. ઊંચી ઊંચી વૃક્ષવીથિકાઓની છાયામાં ચાલવાનું ગમ્યું. અમેરિકા વિષે જે કહેવું હોય તે કહો, પણ એની યુનિવર્સિટીઓ એટલે તીર્થધામો. સ્વચ્છ, સ્ફૂર્તિપ્રદ, સરસ્વતી ત્યાં વહે છે. ત્યાં સંગીત ભવને યોજેલા કાર્યક્રમનું બોર્ડ જોયું. Summer Nights at the University of Chicago... અને પછી તો અનેક વિભાગના અનેક કાર્યક્રમ.

આ યુનિવર્સિટી ઓફ શિકાગો ઉપરાંત આ નગરમાં બીજી યુનિવર્સિટીઓ છે : રુઝવેસ્ટ, ધ પોલ, લોયોલા, નોર્થવેસ્ટર્ન, ઈલિનોય. પ્રજ્ઞા લોયોલામાં ભણેલી એટલે એને માટેનો પક્ષપાત જણાઈ આવે. પણ મને શિકાગો યુનિવર્સિટીના કેમ્પસ ઉપરાંત લેકમિશિગનને કાંઠે આવેલ નોર્થ વેસ્ટર્નનું કેમ્પસ એની પ્રાકૃતિક પૃષ્ઠ ભૂમિને કારણે ગમી ગયું

એક સાંજે અમે સૌ જતાં હતાં શિકાગોનું પ્રસિદ્ધ બહાઈ સેન્ટર જોવા. ત્યાં વચ્ચે આવ્યો આ યુનિવર્સિટીનો પરિસર. સરોવર-કિનારાના ખડકો અને સરોવરથી યુનિવર્સિટી વિસ્તાર શોભે છે. સાંજ હતી. ઠંડો પવન. ચાલતાં ચાલતાં જોયું એક ખડકની છાયામાં એક તરુણ યુગલ છે, છાત્રો જ હશે. આછું પાથરણું છે, ત્રણચાર ચોપડીઓ બાજુમાં છે, બિઅરના મગ છે - બંને જણ પ્રેમ કરી રહ્યાં છે. એમના એકાંતમાં ખલેલ ન પડે એમ સરકી આવ્યો. પણ દૃશ્ય મનમાં અંકાઈ ગયું. બે જણને નિબિડપણે પ્રેમ કરતાં જોવાં એ એક સુભગ દૃશ્ય નથી શું? તેમાં આ સરોવર, એને કાંઠેની શિલાની છાયા, સાંજના પવનની લહરીઓ... □

અનુસંધાન] દાદુરની દુનિયા [પૃષ્ઠ ૨૭૮ પરથી

આ દેડકાની કેટલીક જાતો તેમની પીઠ ઉપર ઈંડાંનો સમૂહ લઈને ફરે છે. દેડકાની આ જાતિ યુરોપ, ઉત્તર આફ્રિકા, પૂર્વ એશિયા, હિમાલયના ઉત્તરીય ભાગથી શરૂ થઈ જાપાન સુધી અને આપણે ત્યાં ઉત્તર પ્રદેશમાં ટારાઈ જિલ્લામાં જોવામાં આવે છે. ખાસ કરીને ખૂબ ભેજયુક્ત જંગલોમાં આ દેડકાં વિશેષ જોવા મળે છે.

-પ્રો. મહેન્દ્ર પરીખ

શ્રી વિઠ્ઠલભાઈ પટેલ - સંસ્કાર પારિતોષિક

૧૯૯૧ના વર્ષ દરમિયાન શ્રેષ્ઠ ઠરનાર વાર્તા, ચરિત્ર, કાવ્ય અને અન્ય લેખ એમ પ્રત્યેક કૃતિને રૂ. ૧૨૫-૦૦નું પારિતોષિક અપાશે.

ઇતિહાસમાંથી માણસ કશું જ શીખતો નથી...

વિનોદ ભટ્ટ

ફ્રેન્ચ ઇતિહાસકાર જુલસ મિશલેત વિદ્યાર્થીઓ સમક્ષ ભાષણ કરી રહ્યો હતો એ જ સમયે બળવાને કારણે સત્તાધીશ ચાર્લ્સ ૧૦માને હાંકી કાઢવામાં આવ્યો, ફિલિપની રાજાશાહી તૂટી પડી. બહાર બંદૂકોના મોટા ધડાકા સંભળાવા લાગ્યા. આ અવાજોથી વિદ્યાર્થીઓ અસ્વસ્થ થઈ ગયા, ઊંચાનીચા થવા લાગ્યા, એટલે જુલસે વિદ્યાર્થીઓને કહ્યું: 'મિત્રો, એ લોકો ઇતિહાસ સર્જી રહ્યા છે, આપણે તે લખીશું...' આડકતરી રીતે આ ઇતિહાસકારે ઇશારો કરી દીધો છે કે બંદૂકના આ ભડાકાઓના અવાજને આધારે જ આપણે ઇતિહાસ લખવાનો છે. આ વાત બેન્જામીન ફ્રાન્કલીને જરા જુદી રીતે કરી છે. ફ્રાન્કલીનના મત પ્રમાણે ઇતિહાસકારોને શું બન્યું છે એની સાથે ઝાઝી નિસબત નથી, પણ તે અંગે તેમણે શું કલ્પ્યું છે એની સાથે તેમને વધારે લેવાદેવા છે.

ઇતિહાસ એટલે આમ તો કબરોની કથા, જેમાં સત્ય પણ ઢબુરાઈ ગયું હોય છે. સફળ ઇતિહાસકારને સાચા ઇતિહાસ કરતાં સારા ઇતિહાસમાં વધુ રસ પડે છે. જહાંગીરને તેની આત્મકથા 'તુઝુક-એ-જહાંગીરી' લખવામાં મદદ કરનાર ઇતિહાસકારના નોંધવા પ્રમાણે જહાંગીરે ૧૭,૧૬૭ પ્રાણીઓનો શિકાર કર્યો હતો, જેમાં ૮૬ વાઘ, ૪૧ ચકલીઓ, ૧૦ મગરમચ્છ અને ૩૨૭૬ કાગડા હતા. (જહાંગીરે મારેલ મચ્છર-માખીઓનો આ સંખ્યામાં સમાવેશ થતો નથી.) આ વાંચતાં કોઈકને પ્રશ્ન એ થશે કે આટલા બધાં પ્રાણીઓ મારવામાં તેણે કેટલાં વર્ષ લીધાં હશે? - ને તો પછી રાજ્ય કરવાનો, દારૂ પીવાનો ને નૂરજહાંને ખુશ રાખવાનો સમય તેને ક્યારે મળ્યો હશે!

એવા જ બીજા એક ઇતિહાસકાર અમીર ખુસરોએ કરણની પુત્રી દેવળદેવીનો અલાઉદ્દીના પુત્ર ખિઝરખાન સાથેનો પ્રેમકિસ્સો આલેખ્યો છે. પણ સમય પ્રમાણે મેળ બેસાડવા જઈએ તો જ્યારે બંને એકબીજાંના પ્રેમમાં ગળાડૂબ હતાં એ વખતે ખિઝરની ઉંમર માંડ દસ વર્ષની હતી ને દેવળની આઠ વર્ષની. ખિઝર વીસ વર્ષની ઉંમરે ગુજરી ગયો ત્યારે તેને એક પુત્ર પણ હતો, જે દસ વર્ષનો હતો - આવું બધું ઇતિહાસમાં બની શકે, તેને સ્થળકાળ નડતાં નથી.

પોતાના ચૌદમા બાળકના જન્મ બાદ અવસાન પામેલ મુમતાઝના વિરહમાં, તેના પ્રેમની યાદ રૂપે શાહજહાંએ જે તાજમહેલ બંધાવ્યાનું કહેવાય છે તે તાજમહેલમાં પોતે રહ્યો હોવાનું બાબરે પોતાની આત્મકથા 'બાબરનામા'માં નોંધ્યું છે. ઇતિહાસકાર સ્મિથે પણ લખ્યું છે કે બાબર તાજમહેલમાં જ ગુજરી ગયો હતો. - જો કે પોતે તાજમહેલમાં ગુજરી ગયો હોવાનું બાબરે પોતાની આત્મકથામાં લખ્યું નથી. (તૈમુર લંગે તેની આત્મકથામાં લખ્યું છે. પોતાની આત્મકથા 'મલફૂઝાત-ઈ-તિમુરી'માં તૈમુરે આ પ્રમાણે લખ્યું છે : 'હું અતરારના ગામમાં આવ્યો અને અવસાન પામ્યો.)

ઇતિહાસ લખનારાઓને બાપડાને સો વાતોનો ખ્યાલ રાખવો પડે છે, ખાસ તો પોતાનાં પેટનો. રાજા રાજી રહે તેવો ઇતિહાસ લખવો પડતો હોય છે. જે ઇતિહાસકાર અમીર ખુસરોની આપણે આગળ વાત કરી તેણે ફિરોઝશાહ ખીલજી અને રજપૂતો વચ્ચે જે ખૂનખાર યુદ્ધ થયેલું તેનો આંખદેખ્યો અહેવાલ આ રીતે આપ્યો છે: 'ઘમાસાણ યુદ્ધ થયું, દસ હજાર સૈનિકોનો કચ્ચરઘાણ નીકળી ગયો ને શાહી ફોજમાંથી માત્ર એક જ સૈનિક સાધારણ ઘવાયો ...' ઇતિહાસમાં ને હિન્દી ફિલ્મોમાં જ આવાં દશ્યો જોવા મળે.

ઇતિહાસ વાંચતી વખતે આપણે સત્યને તડકે મૂકી દઈએ તો આપણને ખાસ મુશ્કેલી નહીં પડે. સત્યના આગ્રહીઓના સ્વાસ્થ્ય માટે ઇતિહાસ-વાચન હાનિકર્તા છે. એમ તો સત્યવાદી હરિશ્ચંદ્રની વાર્તા પોતે જ એક ઇતિહાસ-કથા છે. કદાચ એટલે જ ઇતિહાસ માટે કહેવાયું છે કે ઇતિહાસ એ એક એવી હકીકત છે જે અંતે ખોટી ઠરે છે ને ખોટી દંતકથાઓ છેવટે ઇતિહાસ બને છે. આનું કારણ એ છે કે ઇતિહાસ સર્જનારા ને લખનારા જુદા જુદા હોય છે. જે લોકોને ઇતિહાસ યાદ રાખવાનો કંટાળો આવે છે એ લોકો ઇતિહાસ સર્જતા હોય છે. દાખલા તરીકે જવાહરલાલ નેહરુ. તેમણે જેલમાં બેસીને પોતાની એક માત્ર સુપુત્રી પ્રિયદર્શિનીને પોસ્ટલ ટ્યુશન આપવા ઇતિહાસ લખ્યો. આ ઇતિહાસ ગોખવા કે યાદ રાખવા કરતાં સર્જવો બહુ સહેલો છે એમ જણાતાં વડાપ્રધાન થયા બાદ પ્રિયદર્શિની ઉર્ફે ઇન્દિરાજીએ કેવા ઇતિહાસનું નિર્માણ કર્યું એ પ્રજા સારી પેઠે જાણે છે. ભારતના બંધારણની ય સાડાબારી નહોતી રાખી. તેમણે કટોકટી જાહેર કરી એ ગાળામાં દિલ્હીના એક પુસ્તક-વિક્રેતાની દુકાનમાં જઈ ગ્રાહકે પૂછ્યું : 'તમારે ત્યાં ઇન્ડિયન કોન્સ્ટિટ્યૂશન છે?' જવાબમાં દુકાનદારે ખૂબ જ ધીમા અવાજે કહ્યું : 'સોરી, વી ડોન્ટ કીપ પીરિઓડિકલ્સ...'

ઇતિહાસ એટલે ઇતિ + હ: + આસ, એટલે કે 'આ પ્રમાણે ખરેખર હતું!' આપણા જન્મ પહેલાં જે કંઈ બની ગયું છે અને તેના સાક્ષી આપણે ક્યારેય થઈ શકવાના નથી - એ જ ઇતિહાસ છે. ઇતિહાસની ગઈ કાલ આજ કરતાં હંમેશા વધુ સારી હોય છે. શાહજહાંના યુગને સુવર્ણયુગ તરીકે આજે આપણે ઓળખીએ છીએ, પણ એ જમાનાનાં લોકોને એ કાળ એટલો સોનાનો નહીં જ લાગ્યો હોય!

પણ ઇતિહાસકારો અખબારોમાં જાહેરખબર આપનાર પેલા એજન્ટ જેવા છે. એક માણસને પોતાનું મકાન વેચવું હતું. તે મકાન લે-વેચ કરનાર એજન્ટને મળ્યો. એજન્ટે છાપામાં જાહેરાત આપી, જે વાંચીને તે માણસે પેલા એજન્ટને જણાવ્યું કે તમે જાહેરાતમાં લખ્યું છે એટલું બધું સારું મારું મકાન હોય તો મારે તે નથી વેચવું. ઇતિહાસકારો અર્ધસત્ય ને સફેદ જૂઠથી ભરેલી ઘટનાઓને સત્ય તરીકે

ઉપસાવવામાં પોતાની તમામ શક્તિઓ ખરચી નાખતા હોય છે. જે શાહીથી ઈતિહાસો લખાયા છે તે માત્ર વહેતા પૂર્વગ્રહો જ છે એવું માર્ક ટ્વેઈને કહ્યું છે. આનો આદર્શ દાખલો આપવો હોય તો કવિ ફિરદૌશી છે. ફિરદૌશી હતો તો મૂળે કવિ, પણ કામ તેણે ઈતિહાસકાર જેવું કર્યું. કવિ ફિરદૌશીએ મહમ્મદ ગઝનવીની પ્રશસ્તિ કરતું મહાકાવ્ય 'શાહનામા' લખ્યું. બાદશાહ સાથે કવિને એવો કરાર થયો હતો કે એક પંક્તિ દીઠ તેને એક સોનામહોર ચૂકવવામાં આવશે. પોતાની ગરીબી હટાવવાની આવી સુવર્ણ તક ફરી નહીં મળે એમ માની કવિએ ૬૦,૦૦૦ પંક્તિઓવાળું મહાકાવ્ય ફટકારી દીધું, જેમાં બાદશાહની ભરપેટ પ્રશંસા કરતાં કવિએ લખ્યું હતું કે બાળક પોતાના હોઠ દૂધથી ધોવા માંડે ત્યારથી ઘોડિયામાં જ પહેલો શબ્દ 'મહમૂદ' બોલે છે. મહાકાવ્ય લખાયા પછી બાદશાહે પ્રધાનવાળી કરી, ફરી ગયો. સોનાને બદલે રૂપાના સિક્કા જ મળશે એમ જણાવ્યું. આથી કવિએ ખીજઈને 'કસીદા' - ૧૦૦ લીત્તનું એક કાતીલ કાવ્ય લખ્યું જેમાં કોબ્રાનું વિષ છાંટેલું હતું. બાદશાહ તો એ જ હતો, પણ કવિનો મિજાજ ફરી ગયો હતો. કવિ ફિરદૌશીએ બાદશાહ માટે આમ લખ્યું : 'હલકા કુળમાં જન્મેલા પાસેથી કશી આશા રાખશો મા; કેમ કે સીદીઓ કંઈ ધોયે સફેદ થતા નથી. ગુલામનો પુત્ર અંતે તો કોઈ કામનો નહીં, પછી ભલેને તેનો બાપ સિંહાસને અડી બેઠો હોય!' - આ પ્રકારના ઈતિહાસ-લેખનની જાણ હોવાને કારણે જ ઔરંગઝેબે ઈતિહાસના લેખન-પ્રકાશન પર પ્રતિબંધ મૂક્યો હતો. તેણે ભવિષ્યવાણી કરવા પર પણ મનાઈ ફરમાવી હતી. તેને ભૂત અને ભવિષ્યકાળમાં બહુ રસ નહોતો.

જો કે તો પણ તેના સમયમાં ઈતિહાસ તો લખાયા હતા ને ઈતિહાસકારો ભૂતકાળ પણ નહોતા બની ગયા - જીવતા રહ્યા હતા. આલમગીરનામું ઔરંગઝેબના જીવન પર લખાયું હતું, જે તેની આંખ તળેથી પસાર થયા પછી જ પ્રસિદ્ધ થયું હતું. 'મુસાઅરે આલમગીરી'નો સર્જક મુસ્તઅદખાન સાહી બાદશાહ ઔરંગઝેબને ત્યાં ઊંચા હોદ્દા પર હતો ને આ ઈતિહાસ લખાયા પછી પણ એ જ હોદ્દા પર ટકી રહ્યો હતો- એ પરથી જણાઈ આવશે કે આ ઈતિહાસ કેવો હશે ! મુન્તખિબુલ્લુખાન' નામનું પુસ્તક ખાફીખાને બાદશાહ ઔરંગઝેબના અવસાનનાં દસ વર્ષ પછી લખ્યું હતું - શક્ય છે બાદશાહની આંખ મીંચાઈ જવાને લીધે આ ઈતિહાસકારને બે આંખની શરમ ખાસ નડી નહીં હોય, ને આકિલખાન નામના એક અમીરે 'વાકિયાતે આલમગીરી' નામક પુસ્તક બાદશાહની હયાતીમાં, પણ તેનાથી છુપાવીને લખ્યું હતું.

આવાં બધાં કારણોસર જ ઈતિહાસ માત્ર મનોરંજન માટે વંચાય છે, તેને ગંભીરતાથી લેવાતો નથી, ખુદ ઈતિહાસ-લેખકો પણ તેને એટલી ગંભીરતાથી જોતા નથી. નેપોલિયન પહેલાએ ઈતિહાસ સર્જેલો ને નેપોલિયન ત્રીજો ઈતિહાસ લખતો. જૂલિયસ સીઝર પર ઈતિહાસનું પુસ્તક લખવા અગાઉ તેણે ઘણા ઈતિહાસવિદોનો સંપર્ક સાધ્યો હતો. રોમનો ઈતિહાસ લખનાર જર્મન ઈતિહાસકાર થીઓડોર મોમસનની સલાહ પણ તેણે લીધી હતી. નેપોલિયન ત્રીજાનું લખેલું આ પુસ્તક પ્રકટ થયું ત્યારે મોમસનના એક મિત્રે આ ઈતિહાસ-ગ્રંથ વિશેનો નિખાલસ મત જાણવા મોમસનને પૂછ્યું, 'આ પુસ્તક કેવું છે, મારે મારા દીકરાને ભેટ આપવા માટે તે ખરીદવું છે_' 'દીકરાની ઉંમર કેટલી છે?' મોમસને પૂછ્યું.

'૧૪ વર્ષ_'

'તો ઠીક. તેને અવશ્ય આપ, એક વર્ષ વીતી જશે પછી આ ઈતિહાસ માટે તે ખાસ્સો મોટો થઈ જશે.

આપણે ઈતિહાસનો વાંચવાથી વધારે ઉપયોગ કરતા નથી. આ ઈતિહાસમાંથી આપણે ક્યારેય કશું શીખતા નથી. એટલે જ કહેવાયું હશે કે ઈતિહાસ આપણને આપણે જે ભૂલો કરવાના છીએ તે કરતાં શીખવે છે. ઈતિહાસની જરૂર આપણને તેના પુનરાવર્તનમાં નહીં, પણ પુનરાવર્તનથી બચવા માટે હોય છે. પણ ઈતિહાસમાંથી આવો બોધ લેવાની આપણી વૃત્તિ જ નથી. ચંદ્રકાન્ત બક્ષીના ઈતિહાસ પરના એક પુસ્તકનો હવાલો આપીને કહી શકાય કે ૧૯૪૫ થી ૧૯૭૬ સુધીમાં વિશ્વમાં ૧૨૦ યુદ્ધો લડાયાં છે. ૧૬૦૦ થી ૧૬૯૯ સુધીનાં ૯૯ વર્ષમાં ૩૩ લાખ માણસો માર્યા ગયા, ૧૭૦૦ થી ૧૭૯૯ સુધીમાં ૫૨ લાખ માણસો ખતમ થઈ ગયા, ૧૮૦૦ થી ૧૮૯૯ સુધીમાં ૫૫ લાખ માણસો યુદ્ધમાં હોમાઈ ગયા ને ૧૯૦૦ થી ૧૯૪૫ સુધીમાં ૬ કરોડ ૪૯ લાખ જણા નાશ પામ્યા- આ બધાની જાણ હોવા છતાં સદ્દામહુસેને બબ્બે વાર મોટાં યુદ્ધો કર્યાં. જબ્બર ખુવારી નોતરી. પોતાના જ ઈતિહાસનું પુનરાવર્તન કરીને સદ્દામે બમણું નહીં, સો ગણું નુકસાન વેઠ્યું.

આ પરથી લાગે છે કે ઈતિહાસથી કોઈને ફાયદો થતો નથી. હા, નુકસાન ચોક્કસ થયું છે. ઈતિહાસે હિટલરને જન્મ આપ્યો છે. ખુદ હિટલરે જ તેની આત્મકથા 'માઈન કેમ્ફ' (મારું કામ)માં નોંધ્યું છે કે તે સ્કૂલમાં ભણતો ત્યારે એક બટકો માસ્તર ઈતિહાસ ભણાવતો. ક્લાસમાં માસ્તર હંમેશા જર્મનોની ગૌરવગાથા ગાતો ને યહૂદીઓ તરફ પારાવાર ધિક્કાર વરસાવતો. કહેતો કે એ બદમાશોને કચડી નાખવા જોઈએ. જ્યાં સુધી આ દુષ્ટ યહૂદીઓ ખતમ નહીં થાય ત્યાં સુધી જર્મન પ્રજા આગળ નહીં વધી શકે.

જર્મન પ્રજા મહાન છે ને મહાન થવા જ સર્જાઈ છે, પણ તેની મહાનતાની આડે યહૂદીઓ જ આવે છે_અને આની પ્રચંડ અસર હિટલરના કુમળા મગજ પર થઈ. યહૂદીઓ માટે તેના લોહીમાં તિરસ્કાર ભળ્યો. આમ, હિટલર ઈતિહાસની સરજત બન્યો ને પરિણામે ૬૦ લાખ યહૂદીઓને તેણે રહેંસી નાખ્યા. જ્યારે ગાંધીજી બનવા માટે કોઈ ઈતિહાસની જરૂર પડતી નથી.

જો કે ઇમર્સન તો ત્યાં સુધી કહે છે કે ઈતિહાસ છે જ નહીં, જીવનચરિત્રો જ છે. (બાય ધ વે, મારા એક નવલકથાકાર મિત્ર ક્લાસરૂમમાં ઈતિહાસને બદલે આત્મકથા ભણાવતા, આ કારણે કેટલાક વિદ્યાર્થીઓએ ઈતિહાસ છોડી પોલિટિક્સ ભણવા પર પસંદગી ઉતારી હતી.) ઈતિહાસના પાયા એટલા બધા તકલાદી છે કે સાવ ક્ષુલ્લક ગણાતી ઘટનાઓ ઈતિહાસને બદલી નાખે છે. પેટમાં ચૂંક ઊપડવાને

(અનુસંધાન પૃ. ૨૬૩ પર)

અમારાં મંજુબહેન

કમલા પરીખ

તો આ છે અમારાં મંજુબહેન. તમો ક્હેશો કે કોણ આ મંજુબહેન? તો આવો ઓળખાણ કરાવું. જુઓ, તમને એ હાથ જોડી નમસ્તે કરશે અને હળવું હસીને શરમાઈ જશે. મંજુબહેન અમારે ઘેર છૂટક કામ કરવાં આવે છે. ઝાડું, પોતાં, વાસણ, કપડાં બધું જ કામ કરે, પણ અમે એમને કદી કામવાળાં બહેન તરીકે ગણ્યાં નથી. અમારા કુટુંબના સભ્યસમાન રહ્યાં છે. અમારું કુટુંબ એટલે પતિ, પત્ની અને એક દીકરી, અને ચોથા સભ્ય ગણીએ તો આ અમારાં મંજુબહેન.

પાતળી દેહયષ્ટિ, સપ્રમાણ ઊંચાઈ, શરીરે ઘઉંવર્ણ અને પેલો સદાય હસતો ચહેરો : આ એમની બાહ્ય ઓળખાણ. ચરણમાં તો હરિણી-શી ચપળતા હોય, અને એવી ચપળતા ન રાખે તો એમને પરવડે નહીંને? આઠ-દસ ઘેર કામ કરવાની દોડાદોડ હોય ત્યાં ગજગતિ ચાલે જ કેમ? પહેલાં તો અમારા ઘર નજીક રહેતાં, પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી દૂર રહેવા ગયાં છે. છતાંય કામ કરવા આ તરફ આવે અને તે પણ પદયાત્રા કરતાં. કોણ જાણે અત્યાર સુધી કુલ કેટલાય માઈલો તેઓ ચાલ્યાં હશે! જાતે રજપૂત છે. તેર વર્ષની ઉંમરે તેમનાં લગ્ન થયાં. તેમના પતિ એસ. ટીમાં બસ ડ્રાઈવર હતા, પરંતુ અકસ્માતમાં તેઓ ઘવાયા. અકસ્માત બાદ બે વર્ષ જીવ્યા અને વિધાતાના પેલા ક્રૂર પંજાએ મંજુબહેનનું સૌભાગ્ય તેમની બાવીશ વર્ષની ઉંમરમાં ઝૂંટવી લીધું, યૌવનમાં હજુ પગ પૂરો સ્થિર થાય તે પહેલાં જ. તેમના કુટુંબ પર જાણે આફતોનાં વાદળો ઊતર્યાં. તેમાં વળી નવ વર્ષના એ પરિણિત જીવનમાં તેઓ ત્રણ પુત્રીઓનાં માતા પણ બની ચૂકેલાં. આમ, ચાર વ્યક્તિઓ નોંધારી થઈ ગઈ! માતા-પિતાએ તેમને હૂંફ આપી અને પિયરના માળામાં તેઓ દિવસો વિતાવવા લાગ્યાં. તે દરમિયાન લોકોનાં ઘરકામમાં મન પરોવી આપકમાણીથી જીવવાની ધગશ મેળવી. હાલ તેમને છત્રીસ વર્ષ થયાં છે. બે ભાઈઓ વચ્ચે અટૂલી પડેલી આ એક જ બહેન. પણ સ્વમાનથી જીવવા કમર કસી કામમાં વ્યસ્ત બની આપબળે આગળ આવવા પ્રયત્ન કરતાં રહ્યાં.

પ્રભાતનો સૂર્ય હજુ આળસ મરડી ઊભો થાય તે પહેલાં મંજુબહેન આળસ ખંખેરી ઊઠી ગયાં હોય. ઘરનું થોડું કામ પતાવી પેલાં ચરણ બીજાનાં કામ કરવા પ્રયાણ શરૂ કરી દે_ચારે બાજુ પ્રભાતી પ્રકૃતિ ખીલી ઊઠી હોય પણ એમને એ જોવાનો કે માણવાનો વખત ક્યાંથી હોય? તેમની પ્રકૃતિ તો ઘરકામ માટે જલદી પહોંચાય તેમાં જ પ્રવૃત્ત હોય.

તેમની ચાલમાં કેટલી બધી ત્વરા? એક ઘરનું કામ પતાવ્યું કે દોડ્યાં છે બીજાને ઘેર. પહેલાં તો ત્રણે પુત્રીઓને પણ સાથે કામમાં મદદગાર થવા લાવતાં, પણ હવે બે પુત્રીઓ પરણાવી સાસરે વળાવી છે. એક પુત્રી જ પરણાવવાની બાકી છે. તેને સાથે લાવે છે. મા-દીકરી બંનેએ કામ માટેનાં ઘર વહેંચી લીધેલાં છે. આ પુત્રી પણ તારુણ્યમાં પ્રવેશ કરી ચૂકી છે. તેમની બીજા નંબરની દીકરી બાળલકવાને લીધે એક પગે ખોડંગાતી, તેના લગ્નની તેમને બહુ ચિંતા રહેતી. ઘણીવાર ક્હેતાં પણ ખરાં કે ભગવાન બધી વીટંબણાઓ એક જ માણસને કેમ આપતો હશે? તેમના દિલમાં ઘૂંટાતું છતાં ગોપિત રહેતું આ દર્દ ક્યારેક શબ્દોમાં આ પ્રમાણે પ્રકટ થઈ જતું. પણ તેમની તે દીકરીને પણ સારું સાસરું મળી ગયું છે અને ત્યારે પેલી ઉક્તિમાં વિશ્વાસ જાગે છે કે 'જેનું કોઈ નથી તેનો ઈશ્વર છે.' તેઓ બધાનાં કામ પતાવે ત્યારે વહેલી સવારે ઊગેલો પેલો સૂર્ય અસ્તાચળ તરફ લગભગ પહોંચી ગયો હોય, પંખીઓ માળા તરફ પ્રયાણ કરતાં ઊડતાં હોય અને અમારાં મંજુબહેન પણ ઉતાવળાં ઉતાવળાં પુત્રી સાથે ઘરને રસ્તે ચાલ્યાં જતાં દેખાય. અમે સાંજે લટાર મારવા નીકળીએ ત્યારે અમને ઘણીવાર રસ્તામાં ભેટી જાય. અમે પૂછીએ ' કેમ, ઘેર ચાલ્યાં?' તો ક્હે 'હોઉ !' અને પછી પેલું હાસ્ય ચહેરા પર ફરી વળે. મોઢા પર ક્યાંય કામનો થાક કળાવા ના દે.

અમે પતિપત્ની ઘણીવાર એમના વિષે ચર્ચા કરીએ કે મંજુબહેન આટઆટલા સંઘર્ષોમાં પણ સદાય હસતાં રહે છે અને ક્યાંય દુઃખની લકીર દેખાવાં દેતાં નથી. કેટલાં સહનશીલ અને ઉમદા છે? તત્ત્વજ્ઞાન જેવા શબ્દનું પણ જેને જ્ઞાન કે ભાન નથી તે સાચાં તત્ત્વજ્ઞાની જેવાં લાગે છે. હું ઘણીવાર તેમને પૂછું કે તમે હંમેશાં હસતાં રહો છો તે એવો કયો કીમિયો તમને લાધ્યો છે? ત્યારે તેમનો જવાબ સાંભળવા જેવો હોય છે. તેઓ ક્હે, 'જન્મારો દુઃખ તો લખેલું જ છે ને ! તેને યાદ કરી, શોગીઓ ચહેરો કરી, દુઃખને યાદ કરવા કરતાં હસીએ તે શું ખોટું છે' 'વાહ! તેમનો ઉત્તર જાણે ગીના-પચાવેલા કોઈ જ્ઞાનીનો હોય તેવું લાગે; અને ત્યારે પેલી પંક્તિઓ યાદ આવી જાય, 'પ્રસન્નતાને કદી ન ત્યજીએ/પ્રસન્ન સહુ સ્થિતિમાં રહીએ.' ભાગ્યે જ તેઓ ઉદાસીન દેખાય - પછી ભલેને હૈયે જવાળામુખી જલતો હોય. તેમની કામ પ્રત્યેની નિષ્ઠા પણ ગજબની. માથાઉતાર કામ કરવાનું તેમને બિલકુલ ગમે નહીં. સમજે બધું. કોણ તેમનું ઓછા પગારે શોષણ કરે છે તે બધું જાણે, પરંતુ કામચોરી જેવો શબ્દ તેમના લોહીમાં ક્યાંય વણાએલો નહીં. મન મૂકીને કામ કરે અને તે પણ હસતાં વદને. મને ઘણી વખત થાય કે મેં પચીસ પચીસ વર્ષ સુધી કોલેજના વિદ્યાર્થીઓને ભણાવ્યા, પણ ખરો ગુરુમંત્ર તો મંજુબહેન પાસેથી શીખવા મળ્યો; અને તેઓ મારાયે જાણે ગુરુ બની ગયાં. સદા હસતા રહેવાનો તેમનો સ્વભાવ મને કેટલું બધું શીખવી ગયો? બીજો તેમનો સદ્‌ગુણ તે અમુક સમયે ચૂપ થઈ જવાનો. જો આપણે તેમના પર ગુસ્સે થયાં હોઈએ તો તેઓ બિલકુલ જવાબ આપે નહીં, ફક્ત ચૂપકીદી સાધી

લે અને આપણા ગુસ્સાના પારાને શૂન્ય ડિગ્રી પર લાવી મૂકે. આ પણ એક કેળવવા જેવો ગુણ! તે જાણે કે ગુસ્સાનો ઊભરો થોડીક ક્ષણોમાં ઊતરી જવાનો છે એટલે આપણને શાંત થવાની તક આપે. અને સૌથી મહત્ત્વનો એમનો ત્રીજો ગુણ તે એમની પ્રામાણિકતા. છેલ્લાં પંદર વર્ષથી મારે ઘેર કામ કરે છે, પણ હજુ સુધી એક પણ વસ્તુ ખોવાઈ નથી. તેમને ઘર સોંપીને જઈએ તો જરાય ચિંતા નહીં. તમને થશે કે મંજુબહેન અમારા કરતાં ઉંમરમાં ઘણાં નાનાં છે છતાં પણ તેમને અમે માનવાચક સંબોધનથી કેમ બોલાવીએ છીએ? પણ મેં અગાઉ કહ્યુંને કે તેઓ અમારા કુટુંબના સભ્ય બની ગયેલાં છે અને તેમનામાં રહેલા સદ્ગુણો, નમ્રતા અને ભોળપણે તેમને માનવાચક સંબોધન માટે અધિકારી બનાવ્યાં છે.

તેમણે ક્યારેય પગારવધારાની માંગણી કરી નથી, પણ જેમ જેમ મોંઘવારી વધતી ગઈ તેમ તેમ અમે તેમના માગ્યા વગર જ પગાર વધારતાં ગયાં. આજે તો મારી દીકરી પરણી ગઈ છે અને અમે બે જ રહ્યાં છીએ છતાં પગાર કાપી લેવાના અમદાવાદીવેડા અમે નથી કર્યાં. અરે, ઉપરથી પગાર વધારી આપ્યો. અમે એ જ વિચાર કરીએ કે આપણે મોંઘવારી-વધારો માગીએ તો મંજુબહેને શું ગુનો કર્યો? તેમની તબિયત બગડે ત્યારે દવા પણ આપવાનું ચૂકાય નહીં તેનું ખાસ ધ્યાન રાખીએ. કોઈ વાર તાવ ચઢ્યો હોય તો ગૅલરિમાં ટૂંટિયું વાળી સૂઈ જાયં. મને જ્યારે ખબર પડે ત્યારે ઠપકો આપી, ઘરમાં લાવી, દવા આપી તેમને સુવાડી દઉં. આટલાં બધાં ને સંકોચશીલ.

કોઈ વખત મહેમાનો ઘરે આવ્યા હોય ત્યારે સ્વાભાવિક રીતે તેમનું કામ વધી જાય, પણ ક્યારેય મોઢા પર કંટાળો ના વરતાય. ઊલટું કહે કે મહેમાનો કોને આંગણે આવે? હા, પણ એક વાત કહી દઉં કે એમના ઘેર વારંવાર મહેમાનો આવતા જ હોય ત્યારે મારી પાસે હૈયાવરાળ વેરે કે જુઓને આ મહેમાનો બેચાર દિવસથી પડાવ નાખીને પડ્યા છે, જવાનું નામ જ નથી લેતાને? આની પાછળનું કારણ સમજી શકાય તેમ છે. આટલી મોંઘવારીમાં મહેમાનોની આગતાસ્વાગતાનો ખર્ચ અને સવારથી સાંજ સુધી કામ કરી થાકી ગએલાં તેઓ ઘરે પહોંચે તયારે મહેમાનોની વણઝાર જોઈને સ્વાભાવિકપણે આવા જ ઉદ્ગાર નીકળી જાય. પણ મારે ત્યાં જમવાના સમયે મહેમાન અચાનક આવી ગયા હોય તો પોતે જમવાની ના પાડી મહેમાનોને સાચવી લેવાનું કહે.

પ્રભાતમાં ઘરમાં પ્રવેશ કરતાંની સાથે જ તેમનો અવિરત વાણી-પ્રવાહ શરૂ થાય. એમનું પહેલું વાક્ય હોય, 'કેમ છો બહેન?' 'આવી ગયાં?' એમ કહીને હું ઉત્તર આપું. પણ જો જવાબ ના મળે તો ઘરમાં બધે ફરી વળે. મને સૂતેલી જુએ કે બધું જ કામ પડતું મૂકી મારી પાસે બેસી જાય. માથું, હાથ, પગ દબાવી આપે પછી જ કામે લાગે અને ત્યારે મને તેમનામાં નર્સનાં દર્શન થાય. બોલો, આવાં મંજુબહેનને તમે શું કહેશો? બળેવ હોય કે દિવાળી, હોળી હોય કે જન્માષ્ટમી કે પછી કોઈ પણ તહેવાર હોય, મંજુબહેન રજા ના પાડે.

અમને ઘણી વખત થાય કે આમને તહેવાર ઊજવવાની ઇચ્છા થતી નહીં હોય? આપણે તો છાશવારે રજા ભોગવીએ છીએ, આમને મન નહીં થતું હોય? આ બાબતની તેમને પૃચ્છા કરીએ તો જવાબ મળે કે ઘરે રહેવા કરતાં કામ કરવા આવીએ છીએ તે સારું લાગે છે અને આનંદ આવે છે. છે ને પેલી તત્ત્વજ્ઞાનીની દૃષ્ટિ?

અનાજ-મસાલા ભરવાની સીઝનમાં તો મંજુબહેન ખૂબ જ વ્યસ્ત હોય. આ વધારાનાં કામો હોય એટલે બીજા કામમાં ઝડપ લાવી દોડાદોડ કરી મૂકે. પીપ સાફ કરવાં, તડકે મૂકવાં, અનાજ ઝાટકવું, વીણવું, દીવેલ નાખી મ્હોવું અને ધક્કાફેરા ખાઈને અનાજ પીપમાં ભરવું - આ બધું કામ કરે ત્યારે એક ગુણ અનાજના રૂપિયા ૨૦ મળે ! ત્યારે થાય કે આપણે એકવીસમી સદીમાં જવાની વાત કરીએ છીએ, પણ હજી સુધી પેલી પુરાણી ગુલામી પ્રથાની પકડમાંથી બહાર નથી નીકળી શક્યાં. એક કિલો ધાણાજીરુ ખાંડવાના મંજુબહેનને રૂપિયા પાંચ મળે. પણ મહેનત કેટલી? બેત્રણ કલાક એ કામમાં જાય અને પૈસા આપતી વખતે કંજૂસાઈ કામ કરાવનારના મગજ પર સવાર થઈ જાય. તેઓ ઘણી વખત કહે છે કે જો આ બેઠાખાઉ શેઠાણીઓનાં કામ મૂકી દઉંને તો તેમના બાર વાગી જાય ! હું પણ તેમના શબ્દોમાં સાથ પુરાવું કે જુઓને પોતાની જાતને શેઠાણી માનતી બહેનોને એક દિવસ હાથે મૂકેલી મેંદી ઉખાડી નાખવાનો વખત આવવાનો છે. એ સાંભળીને તે હસી પડે અને તાળી પાડી ખુશ થતાં કહે કે તો તો બહુ મજા પડે. પણ અમારો સંબંધ શેઠાણી-નોકરાણીનો નથી તેવું તે વારંવાર કબૂલ કરે. અમે તો એકમેકનાં સુખદુઃખનાં સાથીની જેમ વર્તીએ છીએ. કામ ઉપરાંત અનાજ સાફ કરીને સાંજે લોથપોથ થએલાં ઘેર પહોંચે ત્યાં પણ કામમાં હાથ બટાવવો પડે. સવારથી સાંજ સુધી સખત અને સાચી મહેનતથી કમાણી કરે પણ પેલા નરસૈયાના વૈષ્ણવની જેમ 'પરધન નવ ઝાલે હાથ રે' એ સદ્ગુણથી ભર્યાં ભર્યાં હોય. જાણે સૂવા માટે જ ઘેર જતાં હોય તેમ લાગે. હું તેમને કહું છું કે તમારી ત્રણેય દીકરીઓ પરણી જાય પછી આ ઘરનાં બારણાં તમારે માટે હંમેશાં ખુલ્લાં જ છે, જરૂરથી રહેવા આવી જજો. અરે, તેમની તબિયત સારી ના હોય અને થોડું કામ હું કરી લઉં તો તેમને ના ગમે, મને ઠપકો પણ આપી દે.

સુખદુઃખનાં સાથી પણ તેઓ બની જતાં. તેઓ જ્યાં રહે છે ત્યાં પડોશમાં કોઈને દવાખાને કે હૉસ્પિટલમાં જવાનું હોય તો બધાં કામ પડતાં મૂકી તેની સાથે જાય. પોતાની તબિયતનો પણ વિચાર ના કરે. ક્યારેક મનની વાતો કરવા પણ બેસી જાય. દીકરીઓની માતા અને વળી ઉપરથી વૈધવ્ય- આ સંજોગોમાં હૈયાનો ક્યારેક ભાર વધી જાય ત્યારે મારી પાસે હળવો કરે. અમારાં મંજુબહેનને દાળભાત ખાધા વગર ચેન ન પડે. એટલે અમારે કોઈ દિવસ સાદી કોરી રંસોઈ બનાવવાની હોય તો આગલા દિવસે દાળભાત વધારે બનાવી રાખું અને ફ્રીજમાં મૂકું. પોતે જમતાં હોય અને કોઈ માગવા આવે તો પોતાનામાંથી થોડું આપી દે. પરંતુ રજપૂત જાતના હોવાથી સ્વમાનશીલ

જબરાં. કોઈ શેઠાણીએ તેમને ઠપકો આપ્યો હોય, ખોટું શોષણ કર્યું હોય કે કંઈક અપશબ્દ કહ્યો હોય કે ખોટી કચકચ કરી હોય તો કામ છોડી દે અને ફરીથી તે તરફ ક્યારેય ડોકાય નહીં. અમારે ઘેર એમને બધી છૂટ. ગરમીની ઋતુમાં ઘરમાં પ્રવેશી પંખો ચાલુ કરી થોડીવાર હવા ખાય, ઠંડું પાણી પીએ પછી કામ શરૂ કરે. ફિલ્મ જોવાનાં પણ ભારે રસિયાં. અમે પહેલા માળ પર રહીએ છીએ. એટલે પીવાનું પાણી સાંજે નીચેથી ભરવાનું હોય. મંજુબહેનને પાણી ભરવાના અલગ પૈસા આપીએ છીએ. ત્રણચાર ડોલ પાણી ભરવાનું હોય પણ શનિ-રવિ તેઓ પાણી ભરવા ન આવે. કારણ? સાંજે બંને દિવસે ટી.વી. પર ફિલ્મ આવતી હોય. અમે રજા આપીએ, કારણ કે એમના જીવનમાં બીજો કયો આનંદ છે? ફિલ્મ જોવાથી તેઓ ખુશ થતાં હોય તો બે દિવસ હાથે પાણી ભરવાનું અમે સ્વીકારી લઈએ.

એકવાર મને કહે કે મારાથી ભગવાનનું ભજન થતું નથી. અને મને તરત જ ટાગોરની ગીતાંજલિનું પેલું કાવ્ય યાદ આવી ગયું કે પરમાત્માને શોધવા માળાના મણકા ફેરવવાથી કે એકાંતમાં બેસી જવાથી કાંઈ નહીં વળે. તેને શોધવો હોય તો કામ કરતા મજૂરોનાં પ્રસ્વેદબિંદુમાં શોધ. આ થયો ગીતાનો કર્મયોગ. મેં મંજુબહેનને તે સમજાવ્યો કે તમે સવારથી સાંજ સુધી જે કામ કરો છો તે ભગવાનનું ભજન જ છે. ભગવાન પામવા માટે મંજીરા વગાડવા, તીર્થયાત્રા કરવી, વ્રત-ઉપવાસ કરવા, સાધુઓ પાછળ દોડવું તે મહત્ત્વનું નથી. જે પરિસ્થિતિમાં પ્રભુએ તમને મૂક્યાં છે તેને સ્વીકારી હસતા ચહેરે તમે જે ફરજ બજાવી રહ્યાં છો તે જ સાચું ઈશ્વરભજન છે. અને તેઓ તરત જ સમજી ગયાં. કોઈ ગામમાં એક સ્ત્રી સતી થઈ ત્યારે પણ તેઓ બોલી ઊઠેલાં કે સતી થવાથી પુણ્ય મળતું હશે? મેં તેમને ત્યારે પણ સમજાવેલાં કે ખરાં સતી તો તમે છો. તમારા પતિના મૃત્યુ બાદ ત્રણેય દીકરીઓને સંઘર્ષ વેઠી ઉછેરવી, પરણાવવી, યુવાનીમાં વૃત્તિઓને કાબૂમાં રાખી, સંકુચિત સમાજમાં જીવવું અને જીતવું એ જ સાચું સતીત્વ છે.

આમ તો એક રીતે જોઈએ તો હું અને મંજુબહેન એક જ ગાડીના મુસાફર છીએ. મારી દીકરી પરણાવી અને હું એકલી પડી, મંજુબહેન પણ ત્રીજી દીકરી પરણાવશે એટલે એકલાં પડશે; પણ મને તે મોટીબહેન ગણે છે. તેથી અને તેમની નિષ્ઠા અને નિર્વ્યાજ પ્રેમને લીધે મારે ઘેર રાખીશ એવી મારી અદમ્ય ઇચ્છા છે. કદાચ એમ પણ ના હોય કે પૂર્વજન્મમાં અને બંને બહેનો હોઈએ ! □

અનુસંધાન] અતીતમાં અવગાહન [પૃષ્ઠ ૨૭૫ પરથી

જરૂર? (૬) અને પુરુષોમાં જ આવી કુટેવો હોય છે એવું કાંઈ નથી. સ્ત્રીઓને પણ આ બધું એટલું જ લાગુ પડે છે. નખ કરડવાની ટેવ પણ આપણી સામાજિક કુટેવોમાંની એક છે. વાતો કરતાં અથવા કોઈની વાતો સાંભળતાં, મોંમાં આંગળીઓ નાખીને અને તમારાં દાંતનું દર્શન સૌને કરાવતા જઈને કરડકરડ કરવાની શી જરૂર? (૭) અને એવી જ બીજી કુટેવ નાકના ગૂંગા કાઢવાની! હાથમાં હીરાની વીંટી પહેરી હોય, ને એ જ વીંટીવાળી આંગળી વડે ગૂંગા કાઢતાં બાઈસાહેબ એ વીંટીને લજવતાં હોય ત્યારે કેવી ચીતરી ચડે તેનો ખ્યાલ કરો!

('કુમાર' અંક ૨૭૭માંથી)

અનુસંધાન] નાગ-પરંપરા અને પ્રતીક [પૃષ્ઠ ૨૫૫ પરથી

થયું. એક સાગરતટે બેઠા છે. વિચારમાં ડૂબેલા છે. ત્યાં એમના મુખમાંથી એક મોટો નાગ નીકળ્યો, ને સાગર ભણી ચાલ્યો. બળદેવજીનો દેહ પડ્યો. સાગરમાંથી સર્પો નીકળ્યા ને નાગરાજને સત્કારતા સ્તુતિ કરવા લાગ્યા. સાગર પોતે સર્પરૂપે પ્રકટ થઈ પ્રાર્થના-પ્રશસ્તિ-સત્કારમાં જોડાયો. એમ એ 'અનન્ત'માં મળી ગયા. અવતારકૃત્ય થયું પૂરું.

પશ્ચિમની આવી કથાઓમાં શત્રુતા જાણે શમતી જ નથી. સ્વર્ગપતિ ઝ્યૂસનો પુત્ર હિરેક્લસ ઘોડિયામાં હતો ત્યારે ધરતીની એક દેવી હિરાએ સર્પ મોકલેલો; એને આ બાળે પૂરો કરેલો, ને મોટો થતાં તો એણે અજેય મનાતા સાત માથાના હાયડ્રાને, એકેએક માથું ખેંચી ખેંચીને, પૂરો જ કરેલો. ઈસુએ પણ એક સર્પના મસ્તકને છૂંદેલું, જો કે એમને એ ડસેલો - એવો ઉલ્લેખ છે (ઝિ. ૮૯). પશ્ચિમમાં મોટે ભાગે સર્પાદિ શક્તિઓને Blind Force - દુર્દમનીય (કે અદમનીય) અંધ-બળો ગણવામાં આવે છે, પાર્થિવ શક્તિઓ; જ્યારે ભારતમાં આવાં બળો પણ દૈવી શક્તિનાં જ પરિણામો રૂપે લેખાય છે. અંધબળનો નિષેધ નથી; પણ એને પણ પળોટવાની વાત છે - ને ન જ પળોટાય ત્યાં ન-છૂટકે 'દુષ્કૃતો'નો વિનાશ કરવો પડે, એનોય નિષેધ નથી. (નાગને 'દુષ્કૃત' કહેવાય? પર્યાવરણ-રક્ષણમાં એનું પ્રદાન હશે જ. એ વાત, ને આપણે ત્યાંની જાણીતી અર્વાચીન નાગજાતિની વાત અહીં લીધી નથી.) આપણી નાગકથા પ્રતીકાત્મક છે, ચોક્કસ રહસ્યો ધ્વનિત કરે છે.□

અનુસંધાન] ઈતિહાસમાંથી માણસ કશું. . . [પૃષ્ઠ ૨૯૦ પરથી

કારણે નેપોલિયન વોટરલૂની લડાઈ હારી ગયો. ઈતિહાસકારો કહે છે કે ક્લીઓપેટ્રાનું નાક થોડું ચપટું હોત તો મીસરનો ઈતિહાસ જુદી રીતે લખાયો હોત.

ઈતિહાસ સર્જનાર કરતાંય લખનાર વધુ સમર્થ છે. ઈતિહાસકાર કોઈપણ નાયકને ખલનાયક યા ખલનાયકને નાયક બનાવી શકે છે. ડાહ્યાને બેવકૂફ કે બેવકૂફને શાણો ચીતરી શકે છે. કહે છે કે ઈતિહાસકારોએ મહમ્મદ તઘલખને ચીતર્યો છે એટલો બધો પાગલ તે નહોતો કે સિકંદરના ફૅમિલિ હિસ્ટોરિઅન કર્ટિયસે તેને હાઈલાઈટ કરેલો એટલો તે બહાદુર નહોતો, ને જહાંગીરની તે તેના ન્યાયના ઘંટની જેટલી દાંડી પીટવામાં આવે છે એટલો તે ન્યાયી નહોતો. ટૂંકમાં કોઈપણ ભલા માણસને દુર્જન કે વાઈસેવર્સ બનાવવાનું કામ ઈતિહાસકાર માટે સાવ આસાન છે. આમસભામાં ચર્ચિલે સરકારની અમુક નીતિની ઝાટકણી કાઢવા માંડી. પછી સ્ટેન્લી બાલ્ડવિનનો ઉલ્લેખ કરતાં ચર્ચિલે જાહેર કર્યું : 'ઈતિહાસ એ વાતની શાખ પૂરશે કે માનનીય સભ્યશ્રી આ બાબતમાં ખોટા હતા...' પછી સ્હેજ અટકીને ઉમેર્યું: 'હું જાણું છું કે તેમ જ થશે, કારણ કે આ ઈતિહાસ હું લખવાનો છું.'

કદાચ એટલા માટે જ કહેવાયું છે કે ઈતિહાસ એ બીજું કશું નથી, રખિયાની ડોલ છે_ □

મેદવૃદ્ધિ

માધવ ચૌધરી

શરીરમાં હોવો જોઈએ તેના કરતાં વધારે પ્રમાણમાં મેદનો સંચય થાય તેને મેદવૃદ્ધિ કે મેદોરોગ કહે છે. અત્યંત મેદસ્વિતાને અથવા વધુ પડતા વજનને આયુર્વેદ એક રોગ માને છે. વ્યાયામ અથવા પરિશ્રમ ન કરનારને, દિવસે ઊંઘનારને, કફકારક પદાર્થોનું સેવન કરનારને અને ભારે, પૌષ્ટિક તેમજ મધુર આહારનું અતિ સેવન કરનારને મેદવૃદ્ધિ થાય છે.

મેદ અતિ પ્રમાણમાં વધવાથી અન્ય ધાતુઓના માર્ગ બંધ થતાં શરીરમાંની બીજી ધાતુઓ પુષ્ટ થઈ શકતી નથી અને મેદનો વધુ ને વધુ સંચય થાય છે. મેદસંચય જેમ જેમ વધુ થતો જાય તેમ તેમ મેદસ્વી વ્યક્તિઓ કાર્ય કરવાને અશક્ત થતી જાય છે. આવી વ્યક્તિઓને ખોટી ભૂખ-તરસ વધારે લાગે છે અને ઊંઘ પણ વધારે આવે છે. મેદસ્વી જનો મહેનતનું કાર્ય કરી શકતા નથી અને થોડા શ્રમથી પણ હાંફવા માંડે છે.

મેદ - ચરબી અને માંસ - ની શરીરમાં અતિ વૃદ્ધિ થતાં નિતંબ, પેટ અને સ્તનના ભાગો પ્રમાણ વગર ગમે તેમ વધી જાય છે અને શરીર તદ્દન બેડોળ દેખાય છે. વળી, મેદસ્વી લોકોની જીવનશક્તિ, મૈથુનશક્તિ અને પ્રજનન શક્તિનો હ્રાસ થાય છે. તદુપરાંત શરીરમાં મેદ ઘણો વધી જતાં વાયુ વગેરે વિકારો, પ્રમેહપિડિકા, જ્વર, વિદ્રધિ અને વાતરોગોમાંના બીજા ભયંકર વ્યાધિઓ પેદા થાય છે. મેદવૃદ્ધિ સામાન્યતઃ ઘણાં સુખી લોકો અને બેસી રહેનાર લોકોને થાય છે. વળી, પુરુષો કરતાં સ્ત્રીઓમાં મેદવૃદ્ધિ વધારે પ્રમાણમાં જોવામાં આવે છે.

ત્રિકટુ, ત્રિફળા ગુગળ, વાવડિંગ, શિલાજિત વગેરે દ્રવ્યોનું સેવન, મધ અને લીંબુના પ્રયોગો, પંચકર્મ, ઉકાળેલું પાણી પીવું, જમ્યા પહેલાં પાણી પીવું, ગરમ પાણી વડે સ્નાન કરવું અને ભૂખ કરતાં થોડું ઓછું ખાવું અર્થાત્ ઊણોદરી દ્વારા મેદવૃદ્ધિ ઘટાડી શકાય છે. મેદવૃદ્ધિ વાળાઓએ લૂખો ખોરાક લેવો. મેદવૃદ્ધિ ઘટાડવાના હાથવગા ઉપચાર અત્રે આપ્યા છે.

સર્વસામાન્ય મેદવૃદ્ધિ

૧. અરણીનાં પાનનો રસ પીવાથી શરીરની સ્થૂળતા (મેદ-ચરબી વગેરે) ઓછી થાય છે.

૨. બીલી, કાંક્ચ, સીવણ, અરણી અને અરડૂસાનાં મૂળ (બૃહદ્ પંચમૂળ)નો ઉકાળો કરી, ઠંડો કરી, તેમાં મધ મેળવીને પીવો.

૩. અઘેડાના બીનું બારીક ચૂર્ણ કરી, સરખે ભાગે ઘઉંનો લોટ મેળવી તેની ભાખરી બનાવી ખાવી.

૪. ત્રિફળાં (હરડે, બહેડાં, આમળાં) ગોમૂત્ર સાથે લેવાં

૫. હરડે, બહેડાં, આમળાંનો કવાથ કરી, ઠંડો થવા દઈ, મધ સાથે પીવો.

૬. ત્રિકટુ (સૂંઠ, મરી, પીપર)નું ચૂર્ણ (માત્ર) લેવું.

૭. તમાલપત્રનો ક્ષાર, ચોખાના ઓસામણમાં મેળવી, તેમાં હિંગ નાખીને પીવો.

૮. એક પાકા લીંબુના રસમાં બમણું મધ મેળવીને ચાટવું.

૯. પાકાં લીંબુનો રસ અને મધ પચીસ-પચીસ ગ્રામ લઈ, બસો ગ્રામ થોડા ગરમ પાણીમાં મેળવી ભોજન કર્યા બાદ તરત જ પીવાથી એકાદ-બે માસમાં મેદની ઉત્પત્તિ બંધ થાય છે અને મેદવૃદ્ધિ મટે છે.

૧૦. કોકરવરણું (થોડું) ગરમ પાણી (ઠંડુ નહીં જ) ચાલીસ ગ્રામ અને મધ વીસ ગ્રામ મેળવીને સવાર-સાંજ પીવું.

૧૧. પ્રાતઃકાળમાં મધ અને થોડું (સહેજ) ગરમ પાણી મેળવીને પીવું

જૂના ચોખા, મગ, કળથી, કોદરા, જંગલી કોદરા, તેમજ લેખન બસ્તિઓનું સેવન, વધુ પડતો શ્રમ, ચિંતા, મૈથુન, મુસાફરી, મધનું સેવન, જાગરણ વગેરે મેદવૃદ્ધિ કે મેદોરોગમાં પથ્ય છે. મેદવૃદ્ધિવાળાં જનો માટે જવ અને સામો ખાવો એ અતિશય પથ્ય છે. □

ઈશાવાસ્ય ઉપનિષદ

મંત્ર ૧૭-૧૮

પંદરમા મંત્રમાં હિરણ્મય આવરણ દૂર કરવાની પ્રાર્થના ને તે પછી સોળમાં મંત્રમાં 'સોઽહમસ્મિ'ની અનુભૂતિ, આનંદ. તે પછી પણ સાધક કર્માશય અને કર્મવિપાકને સ્વીકારી એ પ્રમાણે થતી ગતિના નિરૂપણે, અભીષ્ટ પ્રાપ્તિ માટે, સર્વ કર્મનાં જ્ઞાતાને તે તરફ દોરી જવા પ્રાર્થના કરે છે.

વાયુરનિલમમૃતમથેદં ભસ્માન્તં શરીરમ્
ૐક્રતો સ્મર કૃતં સ્મર ક્રતો સ્મર કૃતં સ્મર ॥ ૧૭ ॥
અગ્ને નય સુપથા રાયે અસ્માન્ વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્
યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો ભૂયિષ્ઠાં તે નમઉક્તિં વિધેમ ॥ ૧૮ ॥

વાયુ - પ્રાણવાયુ, માતરિશ્વા; અનિલમ્ - સૂત્રાત્મા, વિશ્વપ્રાણ; અમૃતમ્ - શાશ્વત; અથ - તથા; ઈદમ્-આ; ભસ્માન્તમ્-અન્તે ભસ્મ થનાર; શરીરમ્-શરીર; ૐ-પરાત્પર બ્રહ્મ; ક્રતો-હે ક્રતુ, સંકલ્પ પ્રધાન પુરુષ; સ્મર-સ્મરણ કર; કૃતં-કરેલાં કર્મ; - આ પછીની દ્વિરુક્તિ પુનઃ પુનઃ સ્મરણ માટે.

પ્રાણવાયુ (લિંગ શરીર) સૂત્રાત્મમાં એકરૂપ થઈ અમૃતત્ત્વને પ્રાપ્ત હો. તથા આ સ્થૂલ શરીર ભસ્મ થઈ પંચભૂતમાં ભળી જાય. હે સંકલ્પ પ્રધાન પુરુષ તું ૐ-પરમાત્મા-નું સ્મરણ કર, પોતાનાં કર્મોનું સ્મરણ કર, હે ક્રતુ, તું તારાં અનુષ્ઠિત કર્મોનું પુનઃ પુનઃ સ્મરણ કર. ૧૭

અગ્ને - હે અગ્નિ, હે ચિન્મય ઈશ; નય - લઈ જા, દોરી જા; સુપથા - સન્માર્ગ દ્વારા, અર્ચિમાર્ગ દ્વારા; રાયે- અભીષ્ટ પ્રાપ્તિ માટે ; અસ્માન્ - અમને; વિશ્વાનિ-સર્વ; દેવ-હે દેવ, વયુનાનિ - કર્મો; વિદ્વાન્-જાણનાર; યુયોધિ-દૂર કર, નષ્ટ કર; અસ્મત્- અમારું જુહુરાણમ્- પ્રવંચક, અમૃતત્ત્વ વારક; એનઃ-પાપ; ભૂયિષ્ઠાં - ભૂયોભૂય, અનેકાનેક; તે-તને; નમઉક્તિં-નમસ્કાર વચન, નમસ્કાર; વિધેમ-વદીએ છીએ, કરીએ છીએ.

હે અગ્નિ, હે દેવ, હે ઈશ અમારાં સર્વ કર્મોને જાણનાર, અમને અભીષ્ટની પ્રાપ્તિ માટે ઉત્તરાયણ પથે અર્ચિમાર્ગે દોરી જા. અમારાં જે કંઈ પ્રવંચક અમૃતત્ત્વની આડે આવનાર પાપ હોય તેને તું નષ્ટ કર. અમે તને વારંવાર નમસ્કાર કરીએ છીએ.

પ્રાણ હો અનિલે લીન, લીન હો દેહ ભસ્મમાં;
હે ક્રતુ સ્મર તું બ્રહ્મ, બ્રહ્મને કૃતને સ્મર. ૧૭
હે અગ્નિ! દોર શુચિમાર્ગથકી અમોને,
તું દેવ સર્વ અમ ઈપ્સિત જાણનાર;
જો હોય કિલ્બિષ કંઈ કર દૂર એને,
હે જાતવેદ, અમ વંદન વારવાર. ૧૮

રાજેન્દ્ર શાહ

લઘુકથા

રેલગાડી

હરીશ ભીલ

આખાય ભાટ્રોડમાં સીસાનું પાત્ર બધાને હળવું કરી દેનારું. સીસાના મોઢાના કે કપડાના કોઈ ઠેકાણા ન હોય. એકદમ નિજાનંદી માણસ. એકવાર વગરવાંકે મારા મિત્રને જોરદાર લાફો પડી ગયેલો.

સીસો કોઈ પણના કહેવાથી રેલગાડીનો સરસ પાવો વગાડી દે. કૂકડોય બોલાવી દે. ને તરત જ કૂ..કૂ...છુ...કના ભેળસેળીઆ અવાજમાં કૂકડાની જેમ ઠેકતો દોડવા લાગે.

રેલગાડી જોવી એને એટલી ગમે કે એ રોજ રેલવે સ્ટેશન આવે. હું નિશાળે જતો હોઉં ત્યારે અચૂક એ રસ્તામાં મળે જ ને હું ય સીસા પાસે...

સીસો રેલગાડીને જુએ એટલે બધું ભૂલીને રેલગાડીના પાવા સાથે એના પાવાના સૂરને હવામાં ભેળવી દે. ઝીણી આંખો કરી રેલગાડીના દરેક ડબ્બાને પસાર થતો જોઈ રહે અને આનંદમાં આવી નાચે.

વર્ષો પછી ગામમાં આવતા સીસાને ન જોયો. બાને પૂછ્યું ત્યારે જાણ્યું કે, રેલગાડી બંધ પડી ગઈ છે. □

ટિકિટ-જગત

૧. ગ્રેટ બ્રિટન - ૧૮૪૦
દુનિયાની પ્રથમ ટિકિટ પેની બ્લેક લંડનમાં પ્રાપ્ય છતાં કિંમત રૂપિયા ૩,૦૦૦

૨. અમેરિકા - ૧૮૪૭
પ્રથમ પોસ્ટ માસ્ટર જનરલ બેંજામીન ફ્રૅંકલીનની તસવીરની ૫ સેન્ટની ટિકિટ કિંમત ૮૦૦ ડૉલર

૩. મોરિશસ - ૧૮૪૭
વાદળી રંગની ૨ પેન્સની ટિકિટ, જેની કિંમત મેરીના પૌંડ ૨,૪૦,૦૦૦ વપરાયેલીના પૌંડ ૧,૪૦,૦૦૦

૪. ભારત સિંધ ડાક- ૧૮૫૨
આ ૧/૨ આનાની ટિકિટ થોડા વર્ષો પહેલાં ૬૦ હજાર ડૉલરમાં વેચાઈ.



પ્રેષક - મનસુખલાલ એન. સાના (ગોંડલ)

અંગ્રેજી સાહિત્યનું આચમન

મધુસૂદન પારેખ

'ધ મેડલ' (The Medal)

ડ્રાયડનની ત્રણ કટાક્ષ કૃતિઓમાંની સમર્થ 'એબ્સોલમ એન્ડ એકિટોફેલ' (Absolam and Achitophel) પ્રકટ થઈ તે અરસામા શૈફ્ટ્સબરી (Shaftesbury) ઉપર રાજદ્રોહના આરોપસર કોર્ટમાં કેસ ચાલતો હતો. ડ્રાયડને પોતાની કૃતિમાં તેને જ કટાક્ષનું નિશાન બનાવ્યો હતો. એટલે એ કૃતિનું પ્રકાશન થયું ત્યારે ચારેકોર ઉત્તેજના વ્યાપી ગઈ હતી. પણ સંજોગોવશાત્ શૈફ્ટ્સબરી આરોપમાંથી છૂટી ગયો અને એનો ઉત્સવ મનાવવા વ્હિગ પક્ષના લોકોએ એની તસવીરને ચાંદ (Medal) લગાવીને તેનું બહુમાન કર્યું.

રાજસત્તાનો મહિમા કરનારા ડ્રાયડનને મધ્યમવર્ગનું આવું લોકસત્તાવાદી વલણ ન ગમે એ સ્વાભાવિક હતું. એને એમાં અરાજકતા અને અંધાધૂંધીનો ભય દેખાતો હતો. પણ શૈફ્ટ્સબરીની મુક્તિ એ લોકસત્તાનો વિજય ગણાયો.

ડ્રાયડનને શૈફ્ટ્સબરી સાથે શત્રુતા તો હતી જ અને વળી એ રાજકવિ અને રાજદરબારનો ઈતિહાસ લેખક હતો. એટલે રાજાશાહી માટે જ તેને ઝૂઝવાનું હતું.

શૈફ્ટ્બરીનું 'મેડલ' દ્વારા સન્માન થયું એટલે ડ્રાયડન જોરદાર, અંગત દ્વેષથી છલકાતી કટાક્ષકૃતિ દ્વારા શૈફ્ટ્સબરી પર તૂટી પડ્યો - એણે 'ધ મેડલ' (The Medal-૧૬૮૨) નામથી પોતાની કૃતિ પ્રકાશિત કરી. કટાક્ષકૃતિઓમાં ખંડન-મંડનનો ખેલ ડ્રાયડનને બરાબર જચી ગયો હતો. શૈફ્ટ્સબરીની તેણે 'ધ મેડલ'માં ભરપેટ નિંદા કરી. એ રીતે કટાક્ષકૃતિને બદલે એ ભાંડણકૃતિ (invective) પ્રકારની બની ગઈ. શૈફ્ટ્સબરીને એ કેવી રીતે સંબોધે છે તે જુઓ!

But thou, the pander of the people's hearts,
(O crooked soul and serpentine in arts!)

ડ્રાયડને વીંઝેલા ચાબખામાં ભારોભાર ડંખ હતો. દ્વેષવૃત્તિની તો તેનામાં કમી હતી જ નહિ. કવિ ઓલ્ધામ પાસે (Oldham) એ વિશેના પાઠ તે બરાબર ભણ્યો હતો. તેમ છતાં એના નિંદાત્મક લખાણમાં પણ એની કુશળતા છતી થયા વિના રહેતી નથી.

ડ્રાયડન ચાર્લ્સ બીજાના દરબારમાં રાજકવિ તરીકે નિયુક્ત થયો. તે ઘટના તેના સમકાલીન કવિઓમાં ઈર્ષાનું કારણ બની હતી. ડ્રાયડનને અને તે સમયના અન્ય કવિઓને એકબીજાનો તેજોવધ કરવામાં લિજ્જત આવતી હતી. ડ્રાયડનનાં હિરોઈક નાટકોની લોર્ડ બકિંગહામે (Buckingham) 'ધ રિહર્સલ' નાટક દ્વારા ઠેકડી ઉડાવી હતી. ડ્રાયડનને તેણે તેમાં મિ. બેઈઝ (Mr. Bayes) તરીકે નિરૂપ્યો હતો. આમ, કવિઓ વચ્ચે એકબીજાની પ્રતિભા ખંડિત કરવાની પ્રવૃત્તિ સાહિત્યક્ષેત્રે ચાલ્યા જ કરતી હતી.

'ધ મેક ફ્લેક્નો' (The Mac Flecknoe - ૧૬૮૨)

ડ્રાયડને 'ધ મેડલ'માં શૈફ્ટ્સબરીને નિંદાથી નવાજ્યો તેના પ્રત્યાઘાત રૂપે - પ્રત્યુત્તર રૂપે ટૉમસ શેડવેલે (Thomas Shadwell) 'મેડલ ઑવ જહોન બેઈઝ' (Medal of John Bayes) પ્રકટ કરી; અને સેટલે (Settle) પણ એ જ સાલમાં (ઈ. ૧૬૮૨) 'એબ્સોલેમમાં સીનિયર ઓર એકિટોફેલ ટ્રાન્સપોઝ્ડ' (Absolam Senior or Achitophel Transposed) પ્રકાશિત કરી. આ બંને કૃતિઓમાં નરી ભાંડણલીલા જ હતી. ડ્રાયારડનને તેમાં સજ્જડ વળતો અંગત પ્રહાર કરવામાં આવ્યો હતો. (અહીં ગુજરાતી સાહિત્યમાં પણ એકબીજાની ખંડનવૃત્તિ કરવાની સાહિત્યિક પ્રવૃત્તિ સ્મરણમાં આવે. વિશેષે કરીને રમણભાઈ નીલકંઠના 'ભદ્રંભદ્ર'નું સ્મરણ થાય. તેમની એ કટાક્ષમય નવલકથાએ સનાતની વર્ગને પ્રબળ આઘાત પહોંચાડ્યો હતો અને તેના પ્રતિકારરૂપે અંબાલાલ ત્રવાડીએ 'ભ્રમણચંદ્ર ભદ્રંભદ્ર' નવલકથા બહાર પાડી હતી. બીજી પણ એક નિર્માલ્ય કૃતિ 'ભદ્રંભદ્રના ભેદુનો ભવાડો' એ જ અરસમાં પ્રકટ થઈ હતી.)

ડ્રાયડને આ કૃતિઓ રચનારા પર પણ બરાબર વેર લીધું. શેડવેલને વેધક કટાક્ષોનું નિશાન બનાવી તેણે 'મેક ફ્લેક'નો (Mac Flecknoe-1682) પ્રકટ કરી. આ કૃતિમાં ડ્રાયડને અંગત પ્રબળ પ્રહાર કરવાને બદલે શેડવેલને મૂર્ખ અને 'ઠં' રૂપે આલેખીને કૃતિને હાસ્યવિનોદથી રસી દીધી છે. આ કૃતિનું શીર્ષક તેને એક આયરિશ પાદરી રિચાર્ડ ફ્લેક્નો (Richard Flecknoe)નાં નામ-કામ પરથી સૂઝ્યું હતું. એ પાદરીને પોતે મોટો કવિ હોવાનો વહેમ હતો. એના વિશે મજાકભરી કાવ્યકૃતિ પણ એન્ડ્રુ માર્વેલે (Andrew Marvel) રચી હતી. ડ્રાયડને પોતાની કૃતિ રચી તે દરમ્યાન એ પાદરી તો અવસાન પામી ચૂક્યો હતો; પણ એ પોતે 'અકવિ' અથવા 'ઠ કવિ'ના પ્રતિનિધિ રૂપે પ્રચલિત બની ગયો હતો.

ડ્રાયડને આ વિષયબીજ ખપમાં લીધું. એમાં ફ્લેક્નો પોતાના 'ઠં' રાજ્યના વારસદાર તરીકે પોતાનાથી સવાઈ મૂર્ખતા-શક્તિ ધરાવનારા શેડવેલને નિયુક્ત કરે છે. (મૅક ફ્લેક્નો એટલે ફ્લેક્નોનો પુત્ર.) શેડવેલ 'ઠં' સામ્રાજ્યના ગાદીવારસ તરીકે કેવો ઠોઠ, અક્કલહીન અને ચક્રમ છે - તેની એ પાત્રતા વિશે ફ્લેક્નો જાહેરાત કરે છે. મારી પછી એ જ યોગ્ય વારસદાર - શક્તિમાં મારાથી જરાય કમ નહિ એવો આ શેડવેલ છે. મારી જ મુદ્રા તેનામાં ઊપસી છે. મારા બધા જ પુત્રોમાં શેડવેલ એક જ 'મૂર્ખશિરોમણિ' છે. અક્કલવાળા માર્ગે તેની ગતિ જ નથી - કદાચ બીજાઓમાં તો થોડીક પણ બુદ્ધિની છાંટ હશે, શેડવેલ તો સાવ કોરોકટ છે!

Mature is dullness from his tenders yeas
Who stands confirmed in full stupiotity.
Shadwell never deviates into sense.
Some beams of wit on other souls may fall.
But Shadwell's genuine night admits no ray.

આ પંક્તિઓમાં ડ્રાયડનની વ્યાજસ્તુતિ (irony)ની પરાકાષ્ઠા છે. કવિ પોપને આ કૃતિએ ડન્સિયાડ (Duncipad) માટે નમૂનો આપ્યો હતો. 'એબ્સોલેમ એન્ડ એકિટોફેલ'ના બીજા ભાગમાં ડ્રાયડને (જો કે આ કૃતિમાં બસો પંક્તિ જ તેની છે; બાકીની બીજાની છે.) શેડવેલ અને સેટલને ઓગ (Og) અને ડેયુગ (Doeg) તરીકે આલેખીને તેમની ભરપેટ હાંસી ઉડાવી છે - એમને બરાબર ઉપહાસપાત્ર ઠરાવ્યા છે.

ડ્રાયડનની અન્ય કૃતિઓ

ધર્મવિષયક સારાસારની ચર્ચા કરતી ડ્રાયડનની કૃતિઓમાં 'રિલિજિઓ લેઈકી' (Relogio Laici - ૧૬૮૨) અને 'હાઈન્ડ એન્ડ પેન્થર' (Hind and Panther - ૧૬૮૭) નામની છે. પહેલી કૃતિમાં ઈંગ્લિશ ચર્ચની તરફેણમાં તેની દલીલો છે. પણ ત્યાર પછી ઈ. ૧૬૮૭માં તેણે રોમન કેથોલિક સંપ્રદાયનો જેમ્સ બીજો રાજગાદી પર આવ્યો તે કારણે અમુક લાભાલાભની ગણતરીથી અથવા તો પોતાને નવી દૃષ્ટિ લાધી હોય તે કારણે તેણે પોતાની શ્રદ્ધા રોમન કેથોલિક સંપ્રદાયમાં વ્યક્ત કરી અને 'હાઈન્ડ એન્ડ પેન્થર'માં એ સંપ્રદાયની વિશેષતાઓ તેણે દર્શાવી છે.

અલબત્ત, જો રાજકીય ગણતરીથી ડ્રાયડને શ્રદ્ધાપલટો કર્યો હોય તો તેની ગણતરી ઊંધી પડી છે. કારણ જેમ્સ બીજા પછી પ્રોટેસ્ટંટ સંપ્રદાયના વિલિયમ અને મેરીનો રાજ્ય અમલ શરૂ થયો. ડ્રાયડનને માટે દુઃખના દિવસો આવ્યા - ખાસ દુઃખદ ઘટના તો એ બની કે ડ્રાયડનને સ્થાને શેડવેલની રાજકવિ તરીકે નિયુક્તિ થઈ! ડ્રાયડને કારકિર્દીનાં છેલ્લાં વર્ષોમાં અનુવાદનું કાર્ય હાથમાં લીધું. ગ્રીસના મહાકવિ વર્જિલ (Vargil)નું ઈનીડ (Aeniced), હોમરના 'ઈલિયડ' (Iliad)ના કેટલાક અંશો અને બીજી કેટલીક કૃતિઓ તેણે અનુવાદ માટે પસંદ કરી. તેણે 'બોકાશિઓ' (Boccaccio) અને 'ચોસર' (Chaucer)ની વાર્તાઓના અનુવાદો પણ કર્યા. અલબત્ત, ચોસરની કૃતિઓમાં લાઘવથી વાત કરવાની જે કળા છે તે અનુવાદમાં નથી. ચોસર એક શબ્દમાં જે વાત મૂકે છે તેને ડ્રાયડન વિસ્તારીને કહેતો હોય છે અને મૂળ કૃતિનો ભાવાર્થ પણ અનેકવાર કથળી જાય છે. 'વાઈફ ઓવ બાથ' એક દૃષ્ટાંત લેખે નોંધી શકાય.

ડ્રાયડને પોતાના અવસાન-વર્ષમાં ઈસપની (Aesop) 'ફેબલ્સ' (Fables) પ્રાણીકથાઓના અનુવાદ પણ પ્રકટ કર્યા. અલબત્ત, એમાં પણ વાણીની છટા આણવાનું તે ચૂક્યો નથી. □

અનુસંધાન] ગુર્જિએફ [પૃ. ૨૪૮ પરથી

Les Opiumistes' અહીં દર્શાવેલું પુસ્તક 'The Opiumists' પ્રસિદ્ધ થયું નથી. લખાયેલું હોય તો પણ એ પ્રાપ્ત થયું નથી. ગુર્જિએફનું વ્યક્તિત્વ ગૂઢ હતું. એના સાથીઓએ 'The Searchers After Truth' નામનું મંડળ ઊભું કર્યું હતું. ગુર્જિએફે આજીવન એ મંડળ સ્થાપનારનાં નામો ગુપ્ત રાખ્યાં હતાં. પાછળથી એક નામ બહાર આવ્યું - Karl Haushofer - કાર્લ હાઉશોફર. એણે પાછળથી Geopolitiqueની સ્થાપના કરી હતી. ૧૯૦૩માં એ ટિબેટમાં ગુર્જિએફની સાથે હતો અને ૧૯૦૫ થી ૧૯૦૭ અને ૧૯૧૦માં જપાનમાં પણ એ ગુર્જિએફનો સંગાથી રહ્યો હતો. કાર્લ હાઉશોફરે ૧૯૨૩માં 'Esoteric Group'ની સ્થાપના કરી હતી. પાછળથી Thule Group ઊભું કર્યું.

૧૯૩૪માં પેરિસમાં ગુર્જિએફ સ્થિર થયો. એ પહેલાં એ બીમાર પડ્યો હતો. એથી એણે પોતાની જીવનકળાનું તત્ત્વજ્ઞાન દર્શાવવા લખવાનું નક્કી કર્યું. એણે દશ પુસ્તકો લખવાનું વિચાર્યું હતું, પરંતુ એની પાસેથી પાંચ પુસ્તકો જ પ્રાપ્ત થયાં. અન્ય ચાર પુસ્તકો પ્રસિદ્ધ થયાં નથી. ગુર્જિએફનું શિક્ષણ અને જીવનકળા વિષે લગભગ ૬૦૦થી વધુ પુસ્તકો આજે ઉપલબ્ધ છે. આ સાહિત્ય ૪૫ ભાષામાં પથરાયેલું છે. ૧૪૦ કેન્દ્રોમાં ગુર્જિએફની જીવનપદ્ધતિનું શિક્ષણ અપાય છે.

ગુર્જિએફ પોતાના માર્ગને તુરીય માર્ગ ગણાવતા હતા. એમાં પરમાનંદની અનુભૂતિ થાય છે. ગુર્જિએફ હળવાશમાં આ માર્ગને Sly way - ચતુર યુક્તિનો માર્ગ કહેતા હતા. મનુષ્યની બે દુનિયા છે : (૧) આંતરિક અને (૨) બાહ્ય. આ ઉપરાંત ત્રીજી દુનિયા છે. એ જ સત્ય દુનિયા છે. આ ત્રીજી દુનિયા જાણવા-પામવા માટે ગુર્જિએફે ૪૯ જીવનરીતિ દર્શાવી છે. તેમાં ૨૪ મુખ્ય છે.

ગુર્જિએફ જ્ઞાનની પ્રાપ્તિ માટે અવારનવાર પોતાના સાથીઓને છોડીને ચાલ્યો જતો. એની આવી રીતિથી એ દંતકથા જેવો બની ગયો હતો. વળી, એ બહુ ઓછું બોલતો. પત્રકારો તરફ એને એક પ્રકારની સૂગ હતી. આથી ગુર્જિએફ વિષે અનેક કિંવદંતીઓ પ્રસરવા લાગી હતી.


સત્યનો શોધક અને રહસ્યો પામવાનો જિજ્ઞાસુ ગુર્જિએફનું મૃત્યુ ૧૯૪૯ની ૨૭મી ઓક્ટોબર ને શનિવારે સવારે ૧૦-૩૦ વાગે પેરિસની હોસ્પિટલ Neuillyમાં થયું હતું. એની શિષ્યા સોલિતા (S[illegible]a) ગુર્જિએફના મૃત્યુની વાત આમ નોંધે છે :

"એક દીવાન પર ગુર્જિએફના શબને રાખવામાં આવેલ છે. અમેરિકાના પ્રવાસ માટે ખાસ સીવડાવેલ એક આકર્ષક સૂટ તેણે પહેરેલ છે. તેના ગળા સુધીનો ભાગ રંગબેરંગી ઢગલાબંધ ફૂલોથી છવાયેલ છે. ગુર્જિએફનો ચહેરો એક મૂર્તિ સમાન દેખાય છે. આગલા દિવસે એના પર સહેજ સ્મિત વર્તાતું હતું. પરંતુ આજે એ સ્મિત નથી; હવે તે ઘણે દૂર પહોંચી ગયો છે. આંખો ઊંડી ઊતરી ચૂકી છે. જાણે કે તે કહી રહ્યો છે : 'મારાં તમામ રહસ્યો સાથે હવે હું જઈ રહ્યો છું, અહીંનું મારું કાર્ય પૂરું થયું છે.' □

ક્રિકેટ-૧૦

ગોલંદાજી

કુમારપાળ દેસાઈ



ગોલંદાજની દડો નાખવાની રીત (એક બાજુથી દેખાતી)

બેટ્સમેનને દેખાતી ગોલંદાજીની રીત

સામાન્ય રીતે ક્રિકેટમાં બેટિંગને વધુ મહત્ત્વ આપવામાં આવે છે અને બેટ્સમેનની સિદ્ધિઓની વિશેષ પ્રશંસા થાય છે. ક્રિકેટના અહેવાલો પણ કમનસીબે બેટિંગને વિશેષ પ્રાધાન્ય આપે છે અને ગોલંદાજી પ્રત્યે દુર્લક્ષ સેવતા હોય છે. બેટ્સમેન સદી કરે એટલી જ જહેમત ગોલંદાજ ચાર કે પાંચ વિકેટ ઝડપવામાં કરતો હોય છે, પરંતુ બેટ્સમેનની સદીની પ્રશંસા થતી હોય છે જ્યારે ગોલંદાજને એટલું મહત્ત્વ આપવામાં આવતું નથી. બેટ્સમેન ચોગ્ગો કે છગ્ગો લગાવે તો દર્શકો તાલીઓના ગડગડાટથી એને વધાવી લે છે. ગોલંદાજને તો કેટલીય ઓવર નાંખીને ઘણી મહેનતે એકાદ વિકેટ મળતી હોય છે. ઈંગ્લેન્ડના ઓફ સ્પિનર જિમ લેકરે ૧૯૫૬ની માંચેસ્ટરની ટેસ્ટમાં ૯૦ રનમાં ૧૯ વિકેટ મેળવી. પણ આવી સિદ્ધિ તો ગોલંદાજને વર્ષોની આકરી મહેનત પછી ક્રિકેટ-જીવનમાં એક જ વાર મળે છે.

ક્રિકેટમાં સૌથી વધુ મહેનત માગનારું કામ ગોલંદાજ બનવાનું છે. આને માટે કલાકોના કલાકો સુધી તાલીમ લેવી પડે છે.

ઊગતા ગોલંદાજે એક જ જગ્યાએ દડાની ટપ પાડવાની તાલીમ લેવી જોઈએ. આ માટે ઘણી વાર ચૂના કે ચૉકથી નિશાન કરવામાં આવે છે અને પછી ગોલંદાજ એના પર ટપ પાડતો હોય છે. આબાદ વેધકતા માટે જાણીતા ઑસ્ટ્રેલિયાના લેગ-સ્પિનર ક્લેરી ગ્રિમેટ પોતાના ઘરની પાછળના વાડામાં આઠ દડા લઈને અને સામે એક જ સ્ટમ્પ રાખીને એને દડાથી આંટવા પ્રયત્ન કરતા હતા. એ રીતે હજારો દડા નાખતા. એમનો પાળેલો કૂતરો દડા પાછા લાવીને આપી જતો હતો. એ જ રીતે દડાની લેન્થ અને દિશા જાળવવી એ ગોલંદાજ માટે સૌથી મહત્ત્વની બાબત ગણાય. ગોલંદાજીને મદદરૂપ થતી પિચ પર એની લેન્થ અને દિશાવાળી ગોલંદાજી રમવી મુશ્કેલ બને છે. ગોલંદાજ પાસે ખૂબ ઝડપી દડા નાખવાની શક્તિ હોય કે દડાને કાંડા અથવા આંગળીથી સ્પિન કરવાની કાબેલિયત હોય, પરંતુ જો એ લેન્થ કે દિશા જાળવી શકે નહીં તો બેટ્સમેન એના આડાઅવળા પડેલા દડાને ફટકારીને ખૂબ રન મેળવશે. આવા પ્રકારની ગોલંદાજી હોય ત્યારે સુકાનીને માટે ફિલ્ડિંગની ગોઠવણી પણ મુશ્કેલ બને છે.

જેમ વિવિયન રિચાર્ડ્સ કે સચિન તેંડુલકર બેટિંગમાં નૈસર્ગિક શક્તિ ધરાવે છે એ જ રીતે કપિલદેવ, ઑસ્ટ્રેલિયાનો ડેનિસ લીલી, વેસ્ટ ઈંડિઝનો માલ્કમ માર્શલ, ન્યૂઝીલેન્ડનો રિચર્ડ હેડલી, કે પાકિસ્તાનનો ઈમરાનખાન, નૈસર્ગિક શક્તિ ધરાવનારા ગોલંદાજો કહેવાય. આવી શક્તિને ખીલવવા માટે સતત તાલીમ અને સખત પરિશ્રમની જરૂર છે. વેસ્ટઈંડિઝનો રહસ્યમય સ્પિનર 'સોની' રામાધીન ખેતરમાં કામ કરતો હતો. એમાંથી એ ટેસ્ટમેચમાં વિકેટ (૪૩ ટેસ્ટમાં ૧૫૮ વિકેટ) ખેરવતો થઈ ગયો. ખાણમાં કામ કરતા ઈંગ્લૅન્ડના ઝડપી ગોલંદાજ ફ્રેડ ટ્રુમને ૬૭ ટેસ્ટમાં ૩૦૭ વિકેટ લઈને તરખાટ મચાવ્યો હતો. ઑસ્ટ્રેલિયાના જૅક આઈવરઝન છેક ૩૦ વર્ષના થયા, ત્યાં સુધી ટેસ્ટકક્ષાના ગોલંદાજ ગણાયા ન હતા, પરંતુ એ પછી તાલીમ અને અનુભવ મળતાં એમની શક્તિ ખીલી ઊઠી. વળી, ગોલંદાજીના પ્રકાર પ્રમાણે દડાને જુદી જુદી રીતે પકડવામાં આવે છે. પણ ગોલંદાજે એટલું યાદ રાખવું જોઈએ કે કદી પણ દડો હથેળીમાં રાખીને ગોલંદાજી કરવી નહિ. હંમેશા દડાને આંગળીઓની વચ્ચે પકડી રાખવો. એમાં ય લાંબી આંગળીઓ અને મોટો ભરાવદાર પંજો હોય તો ગોલંદાજીની વધુ મજા આવે. ગોલંદાજ પોતાના હાથમાંથી દડો નાખે તે પહેલાં જે દોડ લગાવે છે, તેને 'રન-અપ' કહેવામાં આવે છે. આવી રીતે દોડીને તે સરળતાથી અને જરૂરી ઝડપ સાથે દડો નાખી શકે છે. ઝડપી ગોલંદાજ સીધી અને લાંબી દોડ લગાવે છે, જ્યારે ધીમો ગોલંદાજ ત્રાંસી અને ઓછી દોડ લગાવે છે.

કેટલી ફાળ ભરીને દડો નાખવો તે ગોલંદાજે પોતે જ નક્કી કરવાનું હોય છે અને તે લાંબા સમય સુધી પ્રેક્ટિસ કર્યા પછી જ

નક્કી થાય છે. જેટલી લાંબી દોડી એટલી ગોલંદાજી ઝડપી બને છે તે ખ્યાલ ખોટો છે. ઘણા ઝડપી ગોલંદાજોએ પોતાની લાંબી દોડ ટૂંકાવીને વધારે વેધક અને અસરકારક ગોલંદાજી કરી છે. ઈંગ્લૅન્ડના ઝડપી ગોલંદાજ ફ્રૅન્ક ટાયસને ઈ.સ. ૧૯૫૪માં ઑસ્ટ્રેલિઆના પ્રવાસમાં પોતાનો રન-અપ ઘટાડી નાખ્યો અને પરિણામે એ વધુ ઝંઝાવાતી અને ખતરનાક સાબિત થયો હતો. આ રીતે ગોલંદાજી માટેની દોડ શરૂ થાય ત્યારે એની ફાળ એકસરખી અને સરળ હોવી જોઈએ. એમાં જો અધવચ્ચે કે દડો નાખતાં અગાઉ અટકી જવાય તો અગાઉની દોડ માટે ખર્ચેલી તાકાત અને લીધેલો સમય વેડફાઈ જાય.

કોઈ પણ રમતમાં વિજય એ મહત્ત્વની બાબત છે. ટીમમાં બેટ્સમેન ગમે તેટલા હોય, પરંતુ વિરોધી ટીમને બે વખત આઉટ કરીએ તો જ વિજય મળે. કોઈપણ ટીમને માટે વિજયની આ આવશ્યક શરત છે. છેલ્લા બે દાયકામાં વેસ્ટઈંડિઝની ટીમે જે વિજય મેળવ્યો તેમાં એના સમર્થ બેટ્સમેન જેટલો જ ફાળો એના ગોલંદાજોનો છે. તાજેતરના સમયમાં ભારતીય ટીમની પીછેહઠનું મુખ્ય કારણ એની નિર્બળ ગોલંદાજી છે.

ક્રિકેટના મેદાન પર જોશભેર બેટ વીંઝીને ચોગ્ગા કે છગ્ગા લગાવતા બેટ્સમેનનું પ્રેક્ષકોને ઘણું આકર્ષણ હોય છે; પરંતુ ખરેખર તો ક્રિકેટનું સૌથી રોમાંચક દૃશ્ય કોઈ કાબેલ ગોલંદાજ પોતાની ચતુરાઈભરી ગોલંદાજીથી સમર્થ બેટ્સમેન પર પ્રભાવ જમાવવા પ્રયત્ન કરતો હોય તે છે. કોઈપણ યુવાન ધીમો કે ઝડપી ગોલંદાજ બનવા માગે છે તે બાબત તેની ઊંચાઈ અને શારીરિક શક્તિ સાથે સંકળાયેલી છે. ઝડપી ગોલંદાજ બનવા માટે મજબૂત શરીર અને ઊંચાઈ જોઈએ, જ્યારે સ્પિન ગોલંદાજ થવા માટે ગોલંદાજીની જુદી જુદી યુક્તિઓનો અભ્યાસ જરૂરી છે.



ગોલંદાજ જે દડા નાખે છે તેના સામાન્ય રીતે સરળ અને અઘરા એવા બે પ્રકાર પાડી શકાય. અઘરો દડો એવો કે બેટ્સમેન ચૂકી જાય તો એની દાંડી ગૂલ થઈ જાય. સારી લેન્થ અને દિશા ધરાવતો આવો દડો ગુડ લેન્થ દડો કહેવાય છે. એ પિચ પડ્યા પછી બેટના વિચિત્ર ખૂણે આવે છે અને પરિણામે ખેલાડી દ્વિધા અનુભવે છે. આથી ક્યારેક ઉતાવળે તો ક્યારેક આડેધડ ફટકારવાનો વારો આવે.

સરળ પ્રકારના દડાના ત્રણ વિભાગ છે. દડો ગોલંદાજના હાથમાંથી છૂટીને એટલો બધો ઊંચે આવતો હોય કે બેટ્સમેન એને પિચ પાડે તે પહેલાં ફટકારી શકે છે; તેને 'ફુલ ટૉસ' કહેવામાં આવે છે. દડો પિચ પડ્યા પછી તરત જ ફટકો મારી શકાય તેવો હોય તે 'હાફ વોલી' કહેવાય છે. જ્યારે દડો બેટ્સમેનથી એટલો દૂર પડે કે બેટ્સમેનને એ ધારે તે દિશામાં ફટકારવા માટે પૂરતો સમય મળે, તે 'લૉંગ હોપ' કહેવાય છે.

એક મહત્ત્વની બાબત એ છે કે ગોલંદાજી વખતે બેટ્સમેનની બરાબર સામે રહીને ગોલંદાજી કરવાની નથી. ગોલંદાજનો ડાબો ખભો બેટ્સમેન ભણી રહે અને એની છાતી લેગ બાજુના ફિલ્ડર તરફ હોવી જોઈએ. આને 'સાઈડવેઝ' પદ્ધતિ કહેવામાં આવે છે. દડો ફેંકતી વખતે ગોલંદાજનો જમણો પગ ક્રિસની સમાંતરે રહેવો જોઈએ. દડો નાખ્યા પછી ગોલંદાજ બે-ત્રણ પગલાં આગળ વધી જાય છે. આને 'ફૉલોથ્રૂ' કહેવામાં આવે છે. આ સમયે બોલરે પિચની વચ્ચે ન દોડતાં બાજુ પર જવું જોઈએ. વચ્ચે દોડે તો પિચને નુકસાન થવા સંભવ છે, જેથી અમ્પાયર ગોલંદાજને આમ નહિ દોડવાની સૂચના આપશે. વળી, વચ્ચે દોડવાથી અમ્પાયરને એલ. બી. ડબ્લ્યુ. કે વિકેટકીપરના હાથમાં ગયેલા કૅચને પારખવામાં મુશ્કેલી પડે છે ને ગોલંદાજને જ ખોટ જાય. □

'કુમાર'નાં નવાં પ્રકાશનો

પ્રથમ વીસ વર્ષના અંકોમાંથી ચૂંટેલાં કાવ્યો, વાર્તા અને જીવનચરિત્રના ગ્રંથો જુલાઈ ૧૯૯૧ની આખરમાં તૈયાર થશે. સૌને તે ઓગસ્ટના પહેલા સપ્તાહમાં રવાના થશે. રૂબરૂમાં લેવા આવનારે ઓગસ્ટના પ્રથમ સપ્તાહમાં ૧૨થી ૪ દરમિયાન તે કાર્યાલયમાંથી મેળવી લેવા.

ધારાવાહી લઘુનવલ

સંભવામિ યુગેયુગે

રતિલાલ બોરીસાગર

સ્વપ્ન-શંકા-સમાધાન

નિવાસસ્થાને પહોંચ્યા પછી અમે થોડો વિશ્રામ લીધો. એકાએક ભટ્ટંભટ્ટ જાગ્રત થઈ ગયા ને મને ઢંઢોળવા લાગ્યા, 'અંબારામ! અંબારામ!' હું જાગ્રત થયો. મેં કહ્યું, 'મહારાજ! અત્રે કોઈ આપત્તિનો સંભવ નથી. આપ નિશ્ચિંત બની વિશ્રામ કરો.' મારા કથનથી ભટ્ટંભટ્ટ સહેજ અપ્રસન્ન થયા અને બોલ્યા, 'આપત્તિથી હું ભયભીત થાઉં એવી મારા વિશેની તારી શંકા ઉચિત નથી.'

'અપરાધ માટે ક્ષમા પ્રાર્થું છું, મહારાજ!' મેં દીનભાવે કહ્યું.

'અંબારામ! દિવસે આવેલા સ્વપ્ન વિશે શાસ્ત્રનું શું વિધાન છે?'

'સ્વપ્નશાસ્ત્રનો મારો અભ્યાસ બહુ ગહન નથી, મહારાજ!' મેં સંકોચ સાથે કહ્યું.

'મારો શિષ્ય હોવા છતાં તું અધૂરા જ્ઞાનવાળો હો તે તારા માટે લાંછનરૂપ છે.' ભટ્ટંભટ્ટને પોતાને સ્વપ્નશાસ્ત્રનું સહેજે જ્ઞાન હોતું નહોતું એ સત્ય તરફ અંગુલિનિર્દેશ કરવાનો વિચાર મને આવ્યો, કિન્તુ ગુરુ સમક્ષ જ્ઞાનપ્રાપ્તિ સિવાય કશા પ્રશ્નને કશો અવકાશ નથી એવા ભટ્ટંભટ્ટના મનનું સ્મરણ થવાથી હું કશું બોલ્યો નહિ. જો કે જ્ઞાનપ્રાપ્તિ માટે હું ક્યારેક ભટ્ટંભટ્ટને પ્રશ્ન કરતો ત્યારે પણ એનો ઉત્તર એ દેતા નહિ. 'ગુરોસ્તુ મૌનમ્ વ્યાખ્યાનમ્, શિષ્યાઃ છિન્નસંશયાઃ' એવી ઉપનિષદ વાણીનો આશ્રય લઈ તેઓ કહેતા, 'વ્યાખ્યાન કરીને શિષ્યને બોધ દેવો એ આપણી સંસ્કૃતિથી વિપરીત માર્ગ છે. મારા મૌનથી અને દિવ્ય દૃષ્ટિપાતથી તારા સઘળા સંશયો ટળી જશે. કૃવચિત્ ન ટળે તો તું મારો શિષ્ય થવાને પાત્ર નથી.' ભટ્ટંભટ્ટના શિષ્ય તરીકે મારી પાત્રતા સિદ્ધ કરવા હું છિન્નસંશય થયાની ઘોષણા કરતો. મારી ઘોષણાથી ભટ્ટંભટ્ટ પ્રસન્નતાનો અનુભવ કરતા. જો કે ભટ્ટંભટ્ટની આજની સ્થિતિ મને વિલક્ષણ લાગી. અમારા પૃથ્વીતલનિવાસકાલસમયે ભટ્ટંભટ્ટને સ્વપ્ન આવેલું અને સ્વપ્નમાં આવીને મહાદેવે ઘેલનશંકર એવું નામ ધારણ કરવા બદલ જ ઉપાલંભ આપ્યો અને ભટ્ટંભટ્ટે ઘેલનશંકર એવા નામનો ત્યાગ કરી આ યશસ્વી નામ ધારણ કર્યું હતું એ ઘટનાનું મને સ્મરણ થયું. મેં નમ્રભાવે વિનંતી કરી, 'મહારાજ, આપના સ્વપ્નનું વિવરણ કરો.'

'અંબારામ, કોઈ દેવે સ્વપ્નમાં આવીને મને તીવ્ર ઉપાલંભનું ભાજન બનાવ્યો.'

'મહાદેવ હતા?'

'ના, મૂર્તિરૂપે કે છબી રૂપે આ દેવનાં દર્શન કદી કીધાં નથી. દેવ હિમાલય પર્વત સમા ઊંચા હતા. વૃક્ષની શાખા-પ્રશાખાઓ જેવા અનેક બાહુઓ હતા. સૂર્યચંદ્ર સમાન આંખો હતી.'

'આપના વિવરણ પરથી પર્યાવરણદેવનો આપને સાક્ષાત્કાર થયો હોય એવું લાગે છે.'

'તારું અનુમાન સત્ય છે. એ પર્યાવરણદેવ જ હતા. તેઓ કહે, 'ભટ્ટંભટ્ટ, તું મારો અનન્ય ભક્ત છે તે હું જાણું છું. તથાપિ વલ્કલને બદલે તું વસ્ત્રોનો ઉપયોગ કરે છે. વસ્ત્રની ઉત્પત્તિ પર્યાવરણનો વિનાશ કરનારી છે. પૃથ્વીવાસીઓએ ધાતુનાં વાસણોમાં તને આહાર કરાવ્યો ને તેં કર્યો. લોકો ધરતી ખોદીખોદીને ધાતુઓ કાઢે છે ને એ રીતે વસુંધરાને વસુવિહીન કરે છે. પોતાના સ્વાર્થ કાજે પૃથ્વીને નિર્ધન બનાવે છે. પૃથ્વીના પેટાળમાં રહેલું તેલ કાઢીને આ લોકો પોતાનાં વાહનો ચલાવે છે, કારખાનાં ચલાવે છે. પૃથ્વીવાસીઓ વજ્રચૂર્ણનાં* ભવનોમાં વસે છે અને તેં પણ એવા ભવનમાં વાસ કર્યો છે. પર્યાવરણ-સુરક્ષાઅભિયાનના તારા અનુયાયીઓ ધ્વનિવર્ધક યંત્રો, દૂરવાણી અને દૂરદર્શનના સાધનો વાપરે છે. આ સઘળાં સાધનો પર્યાવરણનો વિનાશ કરતાં રહે છે. તેથી તું આ સઘળાંનો સત્વરે ત્યાગ કર અને પૃથ્વીવાસીઓને પણ એમાંથી મુક્ત કર.' 'સ્વપ્ન ખરે જ ગહન જણાય છે, મહારાજ!' સ્વગતોક્તિ કરતો હોઉં એમ મેં કહ્યું. ભટ્ટંભટ્ટ મારી વાત પર ધ્યાન આપવાની સ્થિતિમાં નહોતા. એકાએક એમના મુખ પર દિવ્ય તેજ ઝળહળ્યું. તેઓ બોલ્યા, 'અંબારામ! મારા દૃઢ સંકલ્પનું શ્રવણ કરવા તત્પર થા.'

'આપની વાણીનું શ્રવણ કરવા હું સદૈવ તત્પર હોઉં છું, મહારાજ!' મેં વિનમ્રતાથી કહ્યું.

'અંબારામ! હવે પછી હું કેવળ વલ્કલ ધારણ કરીશ. વસ્ત્રોનો હું આ જ પળે ત્યાગ કરીશ.' ભટ્ટંભટ્ટની સંકલ્પઘોષણાથી હું પળવાર અવાક્ બની ગયો. પછી દીનભાવે મેં પ્રાર્થના કરી, 'મહારાજ! વલ્કલનાં વસ્ત્રો તૈયાર કરાવવામાં ઠીક ઠીક કાલવ્યય થવાનો સંભવ છે. આપ આ જ પળે વસ્ત્રોનો ત્યાગ કરશો તો દિશારૂપી વસ્ત્રોવાળા આપને કોઈ ઓરડીમાં પુરાઈ રહેવું પડશે. એ ઓરડી વજ્રચૂર્ણની બનેલી હશે એટલે આપની દિગંબરાવસ્થાનું કશું પ્રયોજન નહિ રહે.' મારા કથનથી ભટ્ટંભટ્ટ પળભર શાંત રહ્યા, પછી દૃઢતાથી બોલ્યા, 'હું દિગંબરાવસ્થામાં જ વિચરણ કરીશ. દેવાધિદેવ શંકર દિગંબરાવસ્થામાં રહે છે. અનેક સાધુઓ દિગંબરાવસ્થામાં પરિભ્રમણ કરે છે.' ભટ્ટંભટ્ટની વાત સાંભળી હું ભયભીત થઈ ગયો. મેં કહ્યું, 'મહારાજ! દિગંબરાવસ્થામાં ભદ્રજનોથી વિચરણ કરવાનું ઉચિત નથી. આપ તો ભદ્રોના પણ ભદ્ર એવા સ્વયં ભટ્ટંભટ્ટો છો. આપનાથી અભદ્ર આચરણ થાય તો તે ઘટિત નથી.' મારા કથનથી ભટ્ટંભટ્ટે દ્વિધા અનુભવી. કહે, 'તારું કથન તો યોગ્ય છે. કિન્તુ કશા ઉપાયની આવશ્યકતા છે. જો હું પદ્માસન વાળી આંખો મીંચી સમાધિમાં બેસું છું. તું પણ મારી સામે પદ્માસનમાં બેસ. સમાધિમાં મને ઉપાયોનો સાક્ષાત્કાર થશે. પછી હું એ ઉપાય તારા ચિત્તમાં સંક્રાન્ત કરીશ. તારું ચિત્ત સંક્રાન્તિને યોગ્ય છે કે કેમ તેની

* વજ્રચૂર્ણ = સિમેન્ટ

પરીક્ષા કરવા હું તને પ્રશ્નો પૂછીશ.' આટલું કહી, ભટ્ટંભટ્ટ સમાધિમાં બેસી ગયા. પોતાને સૂઝેલો ઉપાય મારા ચિત્તમાં સંક્રાન્ત કરવાની શી આવશ્યકતા એમને લાગી હશે તે મને સમજાયું નહિ. તથાપિ એમની આજ્ઞા પ્રમાણે હું પણ પલાંઠી વાળીને એમની સામે બેઠો. એકાએક ભટ્ટંભટ્ટ મારા પર ઢળી પડ્યા. એમનું માથું મારા કપાળ સાથે જોરથી અથડાયું એટલે હું પણ બેઠોબેઠો પડી ગયો. ભટ્ટંભટ્ટને ઝોકું આવી ગયાની મને ભ્રાન્તિ થઈ. મેં કહ્યું, 'નિદ્રા આવી ગઈ?' મારા પ્રશ્નથી સહેજ અપ્રસન્ન થઈ ભટ્ટંભટ્ટ બોલ્યા, 'સમાધિની ઉત્કૃષ્ટ અવસ્થાને નિદ્રા કહી તું પાપમાં પડી રહ્યો છે. મારા ચિત્તમાં ઉદ્‌ભવેલા પ્રકાશને તારા ચિત્તમાં સંક્રાન્તિ કરવા સારું મારા મસ્તકનો તારા મસ્તક સાથે સમાગમ થવાનું આવશ્યક હતું. હવે જો સંક્રાન્તિની કસોટી માટે હું તને કેટલાક પ્રશ્નો પૂછીશ.' મારા ચિત્તમાં પીડા સિવાય કશાની સંક્રાન્તિ થઈ નહોતી છતાં હું પ્રશ્નોના ઉત્તર દેવા તત્પર બની રહ્યો.

ભટ્ટંભટ્ટ બોલ્યા, 'વત્સ! મારા ચિત્તમાંથી તારા ચિત્તમાં ઉદીયમાન થયેલા જ્ઞાનના પ્રકાશનું તું વર્ણન કર જેથી આ સમસ્યાનું નિરાકરણ થઈ શકે.' મારા ચિત્તમાં અદ્યાપિ હંમેશ જેવો અંધકાર જ વ્યાપેલ હતો. કિન્તુ ભટ્ટંભટ્ટ જેવા સમર્થ ગુરુના શિષ્ય માટે એવી સ્થિતિ ઇષ્ટ ન ગણાય. ઓછામાં ઓછું સ્વીકાર તો ઇષ્ટ ન ગણાય. એટલે મેં કહ્યું. 'મહારાજ, આ સમસ્યાનો પ્રતીકાત્મક ઉપાય ઇષ્ટ જણાય છે.' ભટ્ટંભટ્ટ દિગ્મૂઢ બનીને મારી સામે જોઈ રહ્યા. મારા કથનનો મર્મ એમને અવગત નથી થયો કે શું એવી શંકા મારા મનમાં ઉદ્‌ભવી. હું કશું કહું તે પહેલાં ભટ્ટંભટ્ટ બોલ્યા, 'વત્સ! હું નથી સમજતો એવું આ જગતમાં કશું નથી તથાપિ તું બરાબર સમજ્યો છે કે નહિ તેની કસોટી કરવા તેં સૂત્રાત્મક શૈલીમાં કહેલા વાક્યનું વિવરણ કરવા તને આજ્ઞા કરું છું.' ગુરુની આજ્ઞા માથે ચડાવી મેં કહ્યું, 'મહારાજ, ગાયને બદલે સુવર્ણની ગાયનું દાન કરવાથી પણ ગોદાનનું પુણ્ય મળે છે. સુવર્ણની ગાય દેવાની અશક્તિ હોય તો સવા રૂપિયાનું દાન કરવાથી પણ ગોદાન જેટલું જ પુણ્ય પ્રાપ્ત થાય છે, એવું શાસ્ત્રનું વિધાન છે. એ જ રીતે આપ પણ શરીર ઉપર વસ્ત્રો ઉપરાંત વૃક્ષનાં ડાળખાં-પાંદડાં ધારણ કરો. પાઘડીમાં તુલસીની બે ડાળખીઓ તો આપે રાખી જ છે. હવે પાઘડી ફરતી ચારે બાજુએ મોટી મોટી પાંદડાંવાળી ડાળીઓ બાંધી દો. મૃગચર્મનો ત્યાગ કરો. આટલા સુધારાથી આપે વલ્કલ ધારણ કર્યાં કહેવાશે.'

"સાધુ, અંબારામ, સાધુ! મારા શિષ્ય હોવાની તારી સંપૂર્ણ પાત્રતા સિદ્ધ થઈ છે. માત્ર 'સુધારો' શબ્દનું ઉચ્ચારણ ને શ્રવણ બંને દોષયુક્ત છે. 'સુધારાથી'ને બદલે 'વધારાથી' એમ કહો."

'જેવી આજ્ઞા, મહારાજ!'

'વલ્કલની સમસ્યા અંગે તો તારા ચિત્તમાં મારા ચિત્તનો પ્રકાશ બરાબર સંક્રાન્ત થયો જણાય છે. હવે વજ્રચૂર્ણનાં ભવનોની સમસ્યા અંગે તને લાધેલા પ્રકાશનું વિવરણ કર.'

'મહારાજ! આમજનોએ આપણને ઊતરવા માટે આપેલો આવાસ ઘણો વિશાળ છે. આ આવાસમાં જ પર્ણકુટિનો પ્રબંધ કરી શકાય.'

'ધન્ય! ધન્ય! તું ખરે જ મારો ઉત્તમ શિષ્ય થવા નિર્માયો છે. મારો શિષ્યગણ વિશાળ બનશે ત્યારે પણ તું જ મારો ઉત્તમ શિષ્ય ગણાશે.' ભટ્ટંભટ્ટને આજ સુધીમાં મારા સિવાય અન્ય શિષ્ય પ્રાપ્ત થયો નહોતો ને હવે પછી પ્રાપ્ત થાય તેવો સંભવ નહોતો તથાપિ એમના કૃપાપ્રસાદથી મેં ધન્યતાની લાગણી અનુભવી. થોડીવાર અટકી ભટ્ટંભટ્ટ આગળ બોલ્યા, 'અંબારામ! ધાતુનાં વાસણને બદલે આપણે પત્રાવલિઓનો ઉપયોગ કરી શકીશું. પણ પત્રાવલિમાં માત્ર ફળો જ ખાઈ શકાશે તો લાડુનો વિરહ દુઃસહ થશે. પત્રાવલિ જોતાં જ લાડુનું સ્મરણ થઈ આવે છે તે તો તું જાણે છે. લાડુની સમસ્યા પર્યાવરણની સમસ્યા કરતાં લેશમાત્ર ઓછા મહત્ત્વની નથી.'

'મહારાજ! સાધુજનોનો સંગ જેમ પુણ્યે કરીને થાય છે તેમ લાડુનો સંગ પણ પુણ્યે કરીને જ થાય છે. એટલે લાડુ પુણ્યનું ફળ છે. માટે લાડુ અને ફળનો અભેદ સિદ્ધ થાય છે; તેથી પત્રાવલિમાં મૂકીને કરેલો લાડુનો આહાર ફળાહાર જ ગણાય.'

'લાડુની સમસ્યા ન રહી એટલે જીવનમાં કોઈ સમસ્યા ન રહી, એમ જ કહેવાય. હા, પણ લાડુ અને અન્ય તમામ ખાદ્યસામગ્રી નર્મદાનાં જળમાં રાંધેલી હોવી જોઈશે. પીવા માટે પણ નર્મદાનાં જળ સિવાયનું અન્ય કોઈ જળ મારા માટે ગ્રાહ્ય નથી તેમ નિશ્ચિત જાણજે.' ભટ્ટંભટ્ટ હવે અતીવ પ્રસન્ન જણાતા હતા. મેં કહ્યું, 'મહારાજ! નર્મદાના જળમાં રાંધેલા સઘળા પદાર્થો ફળની કોટિના ગણાય. માટે આહારની બાબતમાં આપણે માટે કશું નિષિદ્ધ નહિ ગણાય.'

'શાસ્ત્રાધારે કશું નિષિદ્ધ નહિ ગણાય તેમ કહેવું યોગ્યતમ છે.'

'એમ કહીશ, મહારાજ! હવે અન્ય કોઈ આપત્તિ છે, મહારાજ?'

'નર્મદામોક્ષકર્તવ્યપરિપાલનઅભિયાનપ્રવર્તકયુગપુરુષ ભટ્ટંભટ્ટ પાસે કોઈ આપત્તિ ટકી શકતી નથી. શત્રુદળ માટે હું જ સ્વયં આપત્તિરૂપ છું. કિન્તુ એક પ્રશ્ન શેષ રહે છે, જે અંગે તારા ચિત્તમાં મારા ચિત્તમાંથી શો પ્રકાશ સંક્રાન્ત થયો છે તે જાણવા હું અત્યુત્સુક છું.'

'કહો, મહારાજ! મારી સઘળી મતિ આપના થકી જ છે.'

'અંબારામ! તૈલવાહનમાં અગ્નિરથયાનમાં* કે વિમાનમાં પ્રવાસ કરવાનું પર્યાવરણસુરક્ષાર્થી માટે ઇષ્ટ નથી. આ વાહનો વગર પ્રવાસ દુષ્કર છે. આ સમસ્યા અંગે તારા ચિત્તમાં પડેલા પ્રકાશનું વિવરણ કર.' મહારાજ! જીવનાર્થી માટે જે અનિવાર્ય છે તેનો તટસ્થ ભાવે ઉપભોગ કરવાની શાસ્ત્રોની અનુમતિ છે. નર્મદામોક્ષના આપણા મહાન ધ્યેયની સિદ્ધિ અર્થે વાહનોપભોગ આપણા માટે અનિવાર્ય છે. તેથી કરીને આપ નિઃસંકોચ વાહનોપભોગ કરો. શાસ્ત્રોને એમાં કોઈ આપત્તિ નથી. આ વાત હું આપને અગાઉ પણ કહી ચૂક્યો છું.'

'તેં અગાઉ કહ્યું હોય તોપણ મેં તારામાં જે શક્તિપાત કર્યો છે તેના પ્રતાપે જ કહી શક્યો હોઈશ એમાં શંકા નથી. માટે અભિમાન ધારણ કરવાનું ઉચિત નથી.'

'ક્ષમા પ્રાર્થું છું, મહારાજ! મારી મતિ ગતિ પ્રગતિ દુર્ગતિ સર્વનું શ્રેય આપને જ જાય છે એમાં શંકા નથી.' મેં કહ્યું, 'અંબારામ ! હું હવે પુનઃ વિશ્રામ કરું. તું યજમાનોને મળ અને આપણે માટેના પર્યાવરણોચિત પ્રબંધ વિશે એમને પ્રેર.'

'જેવી આજ્ઞા, મહારાજ!' મેં નમ્રભાવે કહ્યું. (ક્રમશઃ)

---

* અગ્નિરથયાન = ટ્રેન

કલાવાર્તા

સાંપ્રત ગુજરાતમાં સ્ત્રી-ચિત્રકારોમાં ઊર્મિ પરીખ, એસ્થર ડેવિડ, સુધાબેન દેસાઈ, શારદાબેન જસાણી, મંદાબેન ગજરાવાલા, અંજલીબેન ભીમાણી ઉપરાંત શ્રીમતી કોકિલા જનક દવેનું નામ પણ ગણાવી શકાય. લગભગ સાડા ત્રણ દાયકાથી વિવિધ પૌરાણિક કથાનકોને સૌરાષ્ટ્રની ભાતીગળ લોકશૈલીમાં અનેકવિધ રંગોની માવજત દ્વારા પોતાની આગવી પ્રતિભાથી કોકિલા દવે ઓળખાતાં આવ્યાં છે.

એમના ગુરુ સોમાલાલ શાહની પૂર્ણરંગી ચિત્રશૈલીની તેમના પર ઊંડી અસર પડેલી છે. પરન્તુ સૌરાષ્ટ્રની લોકશૈલીને તેમણે પોતાનાં ચિત્રોમાં અત્યંત સુરેખતાથી કામે લગાડી છે. પરિણામે દરેક પ્રકારના ચિત્રમાં તેઓ આગવું વાતાવરણ ઊભું કરી શકે છે. રંગો, તેમના રંગરેખાના સંયોજનમાં બંગાળી ચિત્રકાર યામિની રોયના ચિત્રસંસ્કાર પણ ડોકિયાં કરી જાય છે.


વ્યવસાયે ચિત્રશિક્ષિકા કોકિલાબહેનનો જન્મ ૧૯૩૦ના ઓક્ટોબરની ૧૬મી તારીખે પિતા ભવાનીશંકર ભાર્ગવ અને માતા અન્નપૂર્ણાદેવીને ત્યાં થએલો. તેમનાં લગ્ન જાણીતા નાટ્યવિદ જનક દવે સાથે થએલાં. લોકભવાઈમાં રસ ધરાવતા નાટ્યવિદ પતિના શોખની અસર પણ એમનાં ચિત્રોમાં ક્યારેક જોવા મળે છે. ૧૯૫૮માં વિશ્વભારતી રાજકોટ તરફથી યોજાએલી ચિત્રસ્પર્ધામાં એમને પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત થએલો. ૧૯૬૨માં લલિતકલા અકાદમી તરફથી તેમને પારિતોષિક પ્રાપ્ત થએલું. ઉજ્જૈન ખાતે યોજાતા કાલિદાસ સમારોહમાં તેમણે એકાધિકવાર ભાગ લીધો છે. ૧૯૬૫માં એમનું પ્રથમ ચિત્રપ્રદર્શન પતિયાળામાં યોજાયું હતું. તાજેતરમાં એમનાં ચિત્રોનું એક પ્રદર્શન અમદાવાદની કોન્ટેમ્પોરરી આર્ટ ગેલેરિમાં યોજાઈ ગયું. એમના ચિત્રો પ્રશિષ્ટતા, પ્રયોગશીલતા અને લોકશૈલીનો ત્રિવેણીસંગમ દાખવે છે. સંસ્કૃત મહાકાવ્યોમાંથી ચોટદાર અને જીવંત પ્રસંગો પસંદ કરીને એમણે રંગરેખાની સહજતા અને સચોટતાથી તેમને આકર્ષક અને આહ્લાદક બનાવ્યા છે.



કોકિલા દવે

એમની રેખાઓ ધારદાર અને સફાઈદાર છે. એમની રંગપસંદગી જે તે પ્રસંગને અનુરૂપ હોય છે. સમગ્ર ચિત્રસંયોજનમાં એમની આગવી શક્તિનો પરિચય મળી રહે છે. આજે ૬૦ ની ઉંમરે પણ તેઓ સતત ચિત્રકલામાં વ્યસ્ત રહે છે. ઘરસંસારની જવાબદારી સાથે સાથે તેમણે આ ચિત્રસાધના જારી રાખી સુભગ પરિણામો દાખવીને એક પ્રેરણાત્મક દૃષ્ટાંત પૂરું પાડયું છે.

-રજનીકાન્ત જોશી



← ઘરના ઝાંપા પાસે પ્રાંગણમાં વૃક્ષનો સ્કેચ

કાલિદાસ-વિરચિત 'રઘુવંશ' મહાકાવ્યના આરંભમાં રાજા દિલીપ અને રાણી સુદક્ષિણા નંદીનીની પૂજા કરવા જાય છે તેનું દૃશ્યાંકન ↓



સાહિત્યસંપર્ક

ચં. ચી.ની ચિરવિદાય



ગુજરાતી સાહિત્યમાં મિથ બની જનાર કવિ, નાટ્યકાર, આત્મકથાકાર, વિવેચક, નવલકથાકાર, વાર્તાકાર અને પ્રવાસસાહિત્યના સર્જક ચંદ્રવદન ચીમનલાલ મહેતાનું ૪થી મે ૧૯૯૧ના રોજ વડોદરા ખાતે અત્યંત ટૂંકી માંદગી બાદ અવસાન થતાં એક વ્યક્તિવિશેષનો વિલય થયો છે. ગુજરાતી સાહિત્યમાં ચં. ચી. કે સી. સી.ના આદ્યાક્ષરોથી ઓળખાતા આ સર્જકનો જન્મ સુરતમાં ૧૯૦૧ના એપ્રિલની ૬ઠ્ઠી તારીખે થયો હતો. પ્રાથમિક શિક્ષણ વડોદરામાં અને માધ્યમિક શિક્ષણ સુરતમાં પૂરું કરી તેમણે ૧૯૧૯માં મેટ્રિકની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. ઉચ્ચ શિક્ષણ મુંબઈની એલ્ફિન્સ્ટન કોલેજમાં લઈ ૧૯૨૪માં ગુજરાતી વિષય સાથે બી. એ. થયા હતા. એમની વ્યાવસાયિક કારકિર્દીનો આરંભ શિક્ષક તરીકે ૧૯૩૩માં મુંબઈની ન્યૂ એરા હાઈસ્કૂલમાં જોડાયા ત્યારથી. ૧૯૩૬માં એ નોકરી છોડી ત્યાર પછી તેઓ મુંબઈ અને અમદાવાદમાં આકાશવાણીના નિયામક બનેલા. નિવૃત્તિ બાદ વડોદરાની મ. સ. યુનિવર્સિટી તેમજ અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠમાં નાટ્યવિભાગ સાથે સંકળાયેલા રહ્યા હતા.

સર્જક તરીકે એમનું સર્વપ્રથમ પ્રકાશન કાવ્યપુસ્તકનું પણ એમનું સર્વોત્તમ પ્રદાન નાટ્યક્ષેત્રે. ૧૯૨૬માં એમનાં ૧૪ સોનેટનો સંગ્રહ 'યમલ' ૧૯૩૩માં પ્રકટ થયો. ભગિનીપ્રેમાવેગી કાવ્યોનો સંગ્રહ 'ઈલા કાવ્યો' પ્રકટ થયો હતો. ૧૯૩૫માં એમનાં બાળકાવ્યોનો સંગ્રહ 'ચાંદરણાં' પ્રકટ થયો હતો. એમના પર બલવન્તરાયની અને ન્હાનાલાલની અસર સ્પષ્ટ દેખાઈ આવે છે. 'રતન' ૧૯૩૭માં પ્રકટ થએલું કથાકાવ્ય છે. 'રૂપે રબારી' ૧૯૪૦માં પ્રકટ થયેલું કથાકાવ્ય છે. એમનાં ત્રીસ જેટલાં પ્રતિનિધિકાવ્યોનો સંગ્રહ 'ચડો રે શિખર રાજા રામનાં' ૧૯૭૫માં પ્રકટ થયેલો.

'ખમ્મા બાપુ' (૧૯૫૦), 'વાન ચકરાવો' (૧૯૬૭) અને 'મંગલમયી' (૧૯૭૫) એમના વાર્તાસંગ્રહો છે. એમણે 'જીવતી પૂતળીઓ' નામક નવલકથા પણ લખી છે. 'આખો' (૧૯૨૭)થી 'અંતર-બહિર અને બીજાં નાટકો' (૧૯૭૫) સુધીમાં એમણે એકાંકી અને અનેકાંકી મળી ૨૯ નાટકસંગ્રહો આપેલા છે. એમનાં નાટકોની મંચનક્ષમતા એમની નાટ્યસૂઝની પ્રતીતિ કરાવે છે. એમણે ટ્રેજેડિ, કોમેડિ અને પ્રહસન પ્રકારનાં નાટકો સર્જ્યાં છે તો પૌરાણિક, ઐતિહાસિક, સામાજિક સામગ્રીનો કલાત્મક ઉપયોગ કરી જાણ્યો છે. એમનાં નાટકોમાં હાસ્યરસનું નિરૂપણ એ એમનો વિશેષ છે. નાટ્યલેખનની જેમ એમણે નાટ્યક્ષેત્રનાં વિવિધ પાસાં પર વિવેચનાત્મક લખાણો પણ આપ્યાં છે. આવાં લખાણો 'નાટક ભજવતાં' (૧૯૬૨), 'લિરિક અને લગરિક' (૧૯૬૫), 'નાટ્યરંગ' (૧૯૭૩), 'અમેરિકન થિયેટર' (૧૯૭૪), 'યુરોપના દેશોની નાટ્યસૃષ્ટિ' (૧૯૭૪), 'જાપાનનું થિયેટર' (૧૯૭૫), આદિગ્રંથોમાં સંગૃહીત થએલાં છે.

આ ઉપરાંત ચંદ્રવદન મહેતાનું ગુજરાતી ગદ્યસર્જનમાં પણ અનોખું સ્થાન છે. રંગદર્શી મિજાજનું અને પ્રશિષ્ટતાની છાંટવાળું, ક્યારેક તળપદ લહેકાલઢણવાળું એમનું ગદ્ય સવિશેષે એમની 'ગઠરિયાં' શ્રેણીમાં સર્જનાત્મક સ્તરે પ્રકટ થયું છે. આ શ્રેણીમાં એમણે પોતાની આત્મકથાનું નિખાલસ નિરૂપણ કર્યું છે. તો પ્રવાસની સ-રસ વર્ણનગાથા માંડેલી છે. અનેક પ્રસંગો અને અનેકનાં સ્મરણોથી એમની 'ગઠરિયાં' જીવંત બની છે. ક્યારેક એ રોમેન્ટિકતાના આત્યંતિક બિન્દુએ પણ પહોંચી જતા હોય છે.આથી એમ લાગે છે કે એમનો આગ્રહ ભલે પ્રશિષ્ટતાનો હોય પણ એમનો આચાર તો બહુધા રોમેન્ટિક જ રહ્યો છે.

નાટ્યક્ષેત્રમાં એમનું સંશોધનાત્મક કામ પણ એમને વિશ્વવિખ્યાત બનાવી ચૂક્યું છે. દસેક વર્ષની ભારે જહેમતને અંતે એમણે કરેલું સંશોધન એમના અંગ્રેજી ગ્રંથ 'બિબ્લિઓગ્રાફિ ઓફ સ્ટેજેબલ પ્લેઝ ઇન ઇન્ડિયન લેંગ્વેજિસ'ના બે ભાગમાં વિસ્તરેલું છે. એમણે શ્રીઅરવિંદના મહાકાવ્ય 'સાવિત્રી' પરથી રેડિયો રૂપકો તૈયાર કર્યાં છે. મહાત્મા ગાંધીજીનાં જીવન પર આધારિત તેર રૂપકો 'પ્રેમનો તંતં'માં તથા સરદાર વલ્લભભાઈના જીવન પર આધારિત બાર રૂપકો પણ લખ્યાં છે.

ગુજરાતી સાહિત્યક્ષેત્રે આથી જ એમને લગભગ મહત્ત્વનાં સ્થાનો-પદકો પ્રાપ્ત થએલાં છે. ૧૯૭૮માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ-પદે એ વરાયા હતા. ફાર્બસ ગુજરાતી સભાના પણ એઓ વર્ષો સુધી પ્રમુખ રહેલા. ૧૯૩૬માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થએલો. ૧૯૪૬માં નર્મદચંદ્રક એનાયત થએલો. ૧૯૫૦માં કુમારચંદ્રક એનાયત થએલો, પણ એનો એમણે અસ્વીકાર કરેલો. ૧૯૭૧માં દિલ્હીની સાહિત્ય અકાદમીનો એમને પુરસ્કાર પ્રાપ્ત થએલો.

આવા પ્રતિભાશાળી સર્જક ચંદ્રવદન મહેતા એક માતબર મનુષ્ય પણ હતા. ચંદ્રવદન એટલે નર્યો અને નરવો ઉદ્રેક. એમને મળો તો એક સાચદિલ સજ્જનને મળ્યાનો અનુભવ થાય. ચંદ્રવદન એટલે આશુતોષ અને આશુરોષ -એ ગમે ત્યારે ખીજે અને ગમે ત્યારે રીઝે. આમ છતાંય હૈયું નિર્મળ. કદીય ડંખ ન રાખે. તદ્દન અલગારી જીવ. એમનામાં જન્મભૂમિ સુરતનું ફક્કડપણું અને કર્મભૂમિ મુંબઈની મોકળાશ બન્ને હતાં. પંડિતયુગમાં જન્મી એમણે ગાંધી અને અનુગાંધીયુગનું વાતાવરણ પોતાના સર્જનમાં ઝીલ્યું હતું. ગુજરાતી રંગભૂમિને, મંચન

અને સર્જન બન્ને ક્ષેત્રે, ચં.ચી.નું પ્રદાન અવિસ્મરણીય બની રહેશે અને ગુજરાતને વિરલ એવા ચં. ચી ના વ્યક્તિત્વનું પ્રદાન ચિરસ્મરણીય રહેશે. એમની વિદાયથી એમના ચાહકોને ભારે આંચકો લાગે તે સ્વાભાવિક છે. - પી. પ.

પ્રબોધ જોશીનું નિધન

પ્રબોધ જોશીનું નામ ગુજરાતી રંગભૂમિનાક્ષેત્રે એમના ત્રિઅંકી નાટક 'પત્તાંની જોડથી' ખૂબ ખ્યાત થઈ ગયું. આમ તો એ વિજ્ઞાન વિદ્યાશાખાના વિદ્યાર્થી. અમદાવાદમાં ૧૯૨૬ના નવેમ્બરની ૨૮મીએ જન્મેલા પ્રબોધ નવીનચંદ્ર જોશીએ ૧૯૪૨માં મેટ્રિક થઈ અમદાવાદની ગુજરાત કોલેજમાંથી બી. એસસીની ઉપાધિ પ્રાપ્ત કરેલી. ૧૯૬૩માં એમણે ચલચિત્રક્ષેત્રે પ્રવેશ કર્યો. પરન્તુ તે અગાઉ એમણે વિચારોર્મિપ્રધાન કાવ્યો રચ્યાં હતાં, જેમાંનું 'પત્તાંની જોડ' શીર્ષકથી લખાયેલું અને 'કુમાર'માં પ્રકટ થએલું કાવ્ય એમના લોકપ્રિય નાટક 'પત્તાંની જોડ'નું બીજક છે. બોમ્બે ડાયમન્ડ મરચન્ટ્સ એસોસીએશનના તેઓ મંત્રી હતા.

એમનું એકાંકી 'માફ કરજો, આ નાટક નહિ થાય' એક કાળે અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં ભજવાતું. એમના એ નામના એકાંકીસંગ્રહમાં તેમજ 'શાપિત વરદાન' (૧૯૬૮) નામના બીજા એકાંકીસંગ્રહમાં જે એકાંકીઓ એમણે આપ્યાં છે તેમાંની તખ્તાલાયકીને કારણે અને વિષયવસ્તુની ચમત્કારિક રસપ્રદ ગૂંથણીને કારણે ખૂબ ચાહના પામેલાં. 'કદમ મિલા કે ચલો' ૧૯૬૩માં પ્રકટ થએલું એમનું વિચારપ્રધાન અને પ્રહસન શૈલીમાં ઢળેલું સફળ નાટક છે. 'આંબે આવ્યા મોર', 'બીજો રસ્તો નથી' (૧૯૬૮), 'કો જલે કો બુઝાય' એમનાં બીજાં નાટકો છે. પ્રહસન શૈલીનાં એમનાં એકાંકીઓનાં બીજા સંગ્રહો છે : 'સર્જકનાં સર્જન' (૧૯૬૯) અને 'તીન બંદર' (૧૯૭૭). એમણે મુંબઈના 'જન્મભૂમિ' જેવા દૈનિકોમાં અનેક કટારલેખો લખી વાચકોને સતત રીઝવ્યા છે. રંગભૂમિના આવા લોકપ્રિય સર્જકનું ૨૭મી એપ્રિલ ૧૯૯૧ના રોજ મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયું છે. - પી. પ.

પ્રાપ્ત પ્રકાશનો

ધન્વન્તરિ : શિવામ્બુ ચિકિત્સાના એક અગ્રણી પ્રસારક સ્વ. ડૉ. પરાગજીભાઈ ડા. દેસાઈની સ્મૃતિમાં એમનાં જીવન અને કાર્યનો પરિચય કરાવતું પ્રકાશન. સંપાદક : નરેશ ભટ્ટ, મોહન ઑપ્ટિશીઅન્સ, આઝાદ ચોક, વલસાડ. કાચું પૂઠું, ડિમોઈ, પૃ. ૫૭, કિં ૧૬ રૂ

મરોડ મનના : આફ્રિકા તેમજ ગુજરાતના આદિવાસીઓની વિશિષ્ટ જીવનરીતિના વિગતે આલેખન સાથે વિવિધ સ્ત્રીપાત્રો દ્વારા સ્ત્રીના જાતીય આનંદથી માંડી માતૃત્વના ભાવો સુધીના મનના વિધવિધ મરોડને સુરુચિપૂર્વક રજૂ કરતી 'સુદામો પૃથમો'ની નવલકથા. પ્રકાશક : ઈશ્વરચંદ્ર ભ. ભટ્ટ, 'સ્મૃતિ', લક્ષ્મીનારાયણ મહોલ્લો, વલસાડ ૩૯૬ ૦૦૧, ક્રાઉન, પાકું પૂઠું પૃ. ૧૭૬, રૂ ૨૫

દયારામની ગરબીઓ : એક સમીક્ષાત્મક અધ્યયન : મનોજ જોષીનો સંશોધનાત્મક અને સમીક્ષાત્મક મૂલ્યાંકન કરતો લઘુ શોધનિબંધ. પ્રાપ્તિસ્થાન : 'માતૃદીપ', પંચવટીનગર, નાના મવા રોડ, રાજકોટ ૩૬૦ ૦૦૪ કાચું પૂઠું, ક્રાઉન, પૃ.૧૧૮, કિં. ૨૦ રૂ

મૂળ : નિ:સંતાનના કથાઘટક દ્વારા માનવીના મન અને એની સંકુલતાને ઉઘાડતી અશોકપુરી ગોસ્વામીની પ્રથમ નવલકથા. પ્રકાશક : અમન પ્રકાશન, આશી, તા. પેટલાદ, જિ. ખેડા, ૩૮૮ ૧૩૦. પાકું પૂંઠું ક્રાઉન, પૃ. ૧૩૮, રૂ. ૪૫

એક પ્રધાનપુત્રની આત્મહત્યા : હિજરાતા યૌવનની એક લઘુનવલ. લેખક : સુભાષ શાહ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, મહાવીર સ્વામીના દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૧. ક્રાઉન, પાકું પૂઠું, પૃ ૧૦૯, ૧૯ રૂ

સાથીસંગાથી : આ સદીના પૂર્વાર્ધ સુધી અકબંધ લગ્નરૂઢિના વિષય પર રચાયેલી રઘુવીર ચૌધરીની નવી લઘુનવલ. પ્રકાશક : રંગદ્વાર પ્રકાશન, એ-૬ પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૧૫. પાકું પૂઠું ક્રાઉન, પૃ. ૨૫૫, કિં. ૫૦ રૂ

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૨૭૪ પરથી

ચકલી ગુસ્સે ભરાઈ, કહે, 'આમ શું મંડી પડો છો ચીં_ચીં_ધીરાં પડો ને_! જુઓ _આ તમારાં માસા-માસી આવ્યાં છે. એ તમારાં નામ પાડશે_'

પછી પેલાં બીજા ચકા-ચકીએ તેમનાં નામ પાડ્યાં. ચકા બચ્ચાનું નામ ઢીચકુ અને ચકી બચ્ચીનું નામ ઢીચકી રાખ્યું ને ચકલાએ સૌનાં મોં મીઠાં કરાવ્યાં.

ચકલી કહે, 'હવે તો ખુશને!'

બચ્ચાં તો રાજીના રેડ થઈ ગયાં. નાનીનાની પાંખો ફરકાવવા લાગ્યાં. ધીમું ઊછળવા લાગ્યાં. ચકી બચ્ચું બોલ્યું, 'એય ઢીચકુ!'

ચકો બચ્ચુ બોલ્યું, 'શું કહે છે, બેન ઢીચકી?'

પછી તો એકબીજાંને નામ દઈ બોલાવી ગેલ કરવા લાગ્યાં.

એ જોઈ પેલાં ચકલા-ચકલી પણ આનંદિત થઈ ગયાં. ઢીચકુ ગાવા લાગ્યું :

માકું નામ ઢીચકુ, તારું નામ ઢીચકી,
માળામાં બાંધીશું નાનકડી હીંચકી.
હીંચકી પર બેસીને ઝીલશું રે કાલ,
બ્હેનીનું મળશે મને મોંઘેરું વ્હાલ!

એ સાંભળી ઢીચકીએ ય ગાયું :

મારું નામ ઢીચકી, તારું નામ ઢીચકુ,
નાનકડી હીંચકી પર સાથે રે હીંચશું,
હીંચશું ને ઊડશું દુનિયાને દેખશું.
મીઠું મીઠું બોલશું ને સંગાથે ખેલશું!

બસ, પછી તો ઢીચકુ-ઢીચકી હરખાતાં હરખાતાં સૂઈ ગયાં. એમને તો નામ મળ્યાનો આનંદ આનંદ હતો ! □

ઉખાણાંના ઉત્તર

૧. વિમાન ૨. ઘડિયાળ ૩. કાગળ

તમને આવી કુટેવ ખરી કે?...

તમને એ તદ્દન મામૂલી લાગે છે, અને તમે તો એમ જ જાણતા હો છો કે કોઈનું ધ્યાન ખેંચાતું નથી; પરંતુ એવાં નાનાં નાનાં વર્તનથી પણ તમે કેવા કઢંગા દેખાઓ છો તેનું આ નીચેનું નિર્દેશન તમારી શાન ઠેકાણે લાવશે.

આપણને ખાસ ખ્યાલ પણ નથી હોતો એમ કેટલીક કુટવો જાણ્યે-અજાણ્યે પેસી ગઈ હોય છે. જાહેર આરોગ્ય કે સામાજિક શિષ્ટતાની દૃષ્ટિએ જ નહિ? પણ આપણા પોતાના સદ્‌વર્તન માટે પણ એ કેવી નુકસાનકારક હોય છે અને એના આચરણથી આપણે કેવા ભૂંડા દેખાઈએ છીએ તેનું આપણને ભાન નથી હોતું. એનો એક તદ્દન નજીવો દાખલો લઈએ કે આપણે કોઈ છાપાં, ચોપડી કે વાંચવાના કાગળોનાં પાનાં છૂટાં પાડવા માટે થૂંકવાળી આંગળીની મદદ લઈએ છીએ; પણ ગમે તેનો સ્પર્શ પામેલા અથવાં ગમે તે રીતે રજોટાઈ-રગદોળાઈ ગએલાં એ પાનાં કે કાગળો અને આપણી જીભ વચ્ચેનો થૂંક દ્વારા થતો સંસર્ગ આરોગ્યની દૃષ્ટિએ કેટલો ખતરનાક છે, ને એમ કરતાં આપણે દર વખતે કેવા વરવા દેખાઈએ છીએ તેનો કદિ જ વિચાર કરીએ છીએ ખરા? સામાજિક શિષ્ટતાની દૃષ્ટિએ કઢંગી એવી જે સંખ્યાબંધ કુટેવો કાળજીને અભાવે આપણામાં પેસી જવા પામે છે તેમાંની થોડીક આ નીચે આપી છે.

(૧) તમે પાંચ માણસની વચ્ચે બેઠા છો ને અચાનક તમારા કાનમાં સળવળાટ જાગે છે. તરત પેન્સિલ, હોલ્ડર, સળી કે જે કાંઈ હાથમાં પડે તે લઈને તમે એ સળવળાટના કારણરૂપ મેલને બહાર કાઢવા પ્રવૃત્ત થાઓ છો; પણ કાનમાંની સુંવાળી ચામડી પર એ અડવાથી તેમજ મેલ ખોતરવાથી થતી ગલીપચીની તથા સળવળાટ શમવાની મીઠી લાગણીને કારણે તમારું મોં કેવું કઢંગુ થાય છે તે તો કોઈ તમારી સામે અરીસો ધરે તો જ જણાય! અને એમ જાહેરમાં મેલ કાઢવો એ અશિષ્ટ છે. (૨) એવું જ અશિષ્ટ, દાંતમાં ભરાયેલું તરણું કે કચરો જાહેરમાં કાઢવો એ છે. જોકે એ ખરું છે કે પગમાં કાંટો, ધોતિયામાં ડાભળિયું કે દાંતમાં શકટું પેઠું હોય એ નીકળે નહિ ત્યાં સુધી કરાર નથી વળતો; પણ દાંતમાંની વસ્તુ ખોતરી કાઢવા માટે આપણે ટાંકણી, સળી, પેન્સિલ, ચશ્માની દાંડી કે છેવટે આંગળી - જે કાંઈ સાધન હોય તે વડે મથીએ છીએ ત્યારે ગુફા જેવું મોં ઉઘાડીને જે વિચિત્ર ચેડાં કરીએ છીએ તે અત્યંત કઢંગાં હોય છે. આંગળી મોંમાં નાખી થૂંકવાળી થવા દેવી એ સભ્ય આચાર નથી ગણાતો, તેથી ઘણા રૂમાલ પણ વાપરે છે; પરંતુ એમ થૂંકવાળો રૂમાલ વારેવારે મોમાં કાઢઘાલ કરવો એ ય અશિષ્ટ તો છે જ (૩) એવી જ અશિષ્ટતા પાંચ માણસની વચ્ચે રૂમાલમાં નાક સાફ કરવું એ છે. જો કે રસ્તામાં ગમે ત્યાં લીંટ કે ગળફા ફેંકવાની આપણી પ્રજાવ્યાપક ટેવ કરતાં એ સારું છે; પણ એ કામ બને ત્યાં સુધી એકાંતમાં અગર શાંતિથી થાય તો સારું પરંતુ કેટલાક તો રૂમાલમાં જે મોટો અવાજ કરીને ને ડોળા બહાર કાઢીને એ ક્રિયા કરે છે એ તો ત્રાસજનક છે. (૪) એ પ્રકારની અન્ય કુટેવ તે છીંક ખાવાની. છીંક આવે તે રોકી રોકાઈ શકતી નથી એ ખરું; પરંતુ તે રૂમાલમાં નાક દબાવીને તથા મોં આડું રાખીને બને તેટલો ઓછો અવાજ કરીને કરાય તો સારું, પણ માણસ અત્યંત તુચ્છકારપાત્ર તો ત્યારે થાય છે કે જ્યારે તેને ખાતાંખાતાં છીંક કે ઉધરસ આવે છે! છીંક અનિવાર્ય હોય છે. એ કબૂલ પણ મંડળીમાં જમવા બેઠા હોય ને મોંમાં ડબૂચો હોય ત્યારે છીંક આવે ત્યારે છીંક આવતાં ચોતરફ તમારાં કોળિયાનાં જે છંટકાવ ઊ?... શી દુર્દશા થાય (તમારી ને મંડળીની બંને... તેનો ખ્યાલ કરો. (૫) જમતી વખતની એક એવી જ બીજી કુટેવ તે ડબૂચા મારીને ખાવાની ને મોં ખૂબ પહોળું ઉઘાડવાસ કરીને ચાવવાની. કેટલાક તો વાગોળતા હોય એવી રીતે બંને જડબાંને દળતા હોય છે! ચાવવાની ક્રિયા તો સૌને કરવાની હોય છે, પણ એ ક્રિયા કેમ થાય છે તે મોં ઉઘાડીને બીજાને બતાવવાની શી

(અનુસંધાન પૃ. ૨૬૩ પર)

અતીતમાં અવગાહન

આ માસ (જૂન) ઇતિહાસમાં

તા. ૩ છેલ્લો પેશ્વા બાજીરાવ અંગ્રેજોને શરણે જતાં મરાઠી સત્તાનો અંત ૧૮૧૮

તા. ૪ હૂણોના હુમલાઓને પાછા વાળનાર અને હિંદના સર્વોચ્ચ સાંસ્કૃતિક વિકાસકાળના રાજવી મહારાજા હર્ષવર્ધનનો જન્મ, ૫૯૦

તા. ૬ ગાંધીજીએ ઉપાડેલી ચંપારણ્યની લડતનો અંત, ૧૯૧૭

તા. ૯ લોકશાહીને મંજૂર કરતાં મેગ્ના ચાર્ટા પર રાજા જોનને સહી કરવાની અંગ્રેજ પ્રજાએ ફરજ પાડી.

તા. ૧૦ પંજાબ-કેસરી મહારાણા રણજીતસિંહનું મૃત્યુ, ૧૮૩૯

તા. ૧૨ અમેરિકાએ પોતાનું સ્વતંત્ર રાજ્ય બંધારણ ઘડ્યું, ૧૭૮૧

તા. ૧૬ જેને લીધે અમદાવાદમાં જુમા મસ્જિદ તથા બીજી ભવ્ય ઈમારતોના મિનારા તૂટી પડ્યા તે ભયંકર ધરતીકંપ, ૧૮૧૯

તા. ૧૮ ભારતની સ્વાતંત્ર્ય-સૌદામિની મહારાણી લક્ષ્મીબાઈનું ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામમાં લડતાં લડતાં વીર મૃત્યુ, ૧૮૫૮

તા. ૨૧ વર્ષનો લાંબામાં લાંબો દિવસ

તા. ૨૪ માત્ર ૧૧ દિનના યુદ્ધમાં ફ્રાન્સ હિટલરને શરણે થયું, ૧૯૪૦

તા. ૨૯ વિકાસવાદના સ્થાપક ટોમસ હક્સલેનું મૃત્યુ, ૧૮૯૫

('કુમાર' અંક ૨૮૨માંથી)

ટીચકુ

નામ મળ્યાનો આનંદ

બેત્રણ ઓરડાવાળું એક ઘર હતું. એ ઘરમાં એક ઓરડાની બારી ઉપર એક ફોટો હતો ભગવાનનો. ભગવાનના એ ફોટા પાછળ ચકલા-ચકલીએ માળો બાંધ્યો હતો. તે ફોટાની છેક ઉપર અજવાળિયું હતું. એ અજવાળિયાની જાળી તૂટેલી હતી. એમાંથી ચકલો-ચકલી આવ-જા કરતાં હતાં.

એક સવારે જેવાં ચકલો-ચકલી આવ્યાં કે તરત પેલા માળામાંનાં બચ્ચાંઓએ ચીં...ચીં...ચીં શરૂ કર્યું.

ચકલીએ પૂછ્યું, 'શું છે? કેમ આટલો બધો કકળાટ કરો છો?'

એક બચ્ચું બોલ્યું, 'મારું...મારું...નામ શું છે?'

'આપણાં નામ ન હોય...નામને વળી શું કરવાનાં?' ચકલો બોલ્યો.

બીજું બચ્ચું બોલ્યું, 'આ પેલી છોકરી...છે ને...ઓરડામાં...એને એની મા મમતા કહે છે...ને પેલા નાના છોકરાને સચીન કહે છે...ત્યારે જ સાંભળે છે એ...તો -'

ચકલો વચ્ચે જ બોલ્યો, 'એ તો માણસજાત. એમના નામ પડે... આપણામાં કોઈ નામ ના પાડે...આપણે તો સૌ સરખા...એમનાં નામ તો વેરઝેર કરાવે...સમજ્યાં?'

'એં...ચીં...ચીં...એં...એં...ચીં...ચીં...એં ...ચીં...!'

બચ્ચાં તો બસ રડવા લાગ્યાં. જોરજોરથી રડવા લાગ્યાં. કાળો કકળાટ કરી મૂક્યો. રડતાં રડતાં કહેવા લાગ્યાં, 'અમારાં નામ પાડો... એં...ચીં... એં...ચીં... એં...એં...!'

અડકો દડકો

ચકલો અને ચકલી તો એમનું રુદન જોઈને ડઘાઈ જ ગયાં! જાળિયામાંથી ઊડીને બહાર નીકળી ગયાં... જઈ બેઠાં ઝાડની ડાળે!

ચકલી કહે, 'ખરાં છે આપણાં બચ્ચાં! ખરું તૂત લઈ બેઠાં. આવું એમને ક્યાંથી સૂઝયું હશે; હેં?'

ચકલો મરક્યો અને બોલ્યો, 'આપણી જાતમાં આ નવું વળી...આપણાં બચ્ચાં હવે વિચારતાં થયાં...જોયું...આ નવો તુક્કો નામ પાડવાનો તેમને સૂઝ્યો. બાકી આપણી જમાતમાં ક્યાં કોઈનાં નામ હોય...!'

ચકલી સૂનમૂન થઈ ગઈ. થોડીવાર પછી કહે, 'ચાલો, આપણે પેલા ઝાડ તળે સફરજન પડ્યું છે એને કોચી રસ લઈ જઈ એમને પીવડાવીએ...હવે એ ભૂલી ગયાં હશે...નામની વાત!'

ચકલો કહે, 'તું રસ ભરી જા ચાંચમાં...હું એમને માટે પેલા સૂકવેલા ભાતનું ચણ લઈ આવું...એમને એ ભાવે છે. રાજીના રેડ થશે. નામ પાડવાનું ભૂલી જશે. ઊડ ...હું તારી પાછળ જ આવું છું...!'

ચકલી ઊડી. સફરજન કોચી ખાસ્સો રસ ચાંચમાં ભર્યો...ને ઊડી જાળિયામાં થઈ માળામાં પહોંચી. તેને જોતાં જ બચ્ચાં રાજી થયાં. ને ચકલીએ તેમને રસપાન કરાવ્યું. એ પત્યું કે તરત બચ્ચાં તો...'એં...ચીં...ચીં...એં...ચીં...ચીં... એં...' કરી રડવા લાગ્યાં ને કહેવા લાગ્યાં, 'અમારાંય નામ પાડો... અમને કોઈ નામ આપો!'

એટલામાં ચકલો ચાંચમાં પોચા ભીના ભાત ભરી લાવ્યો. બચ્ચાનું રુદન સાંભળી...એમની રઢ સાંભળી એ અજવાળિયાની ધારે જ બેઠો.

ચકલી ગુસ્સામાં ગરજી, 'જંપો...જંપો...છાનાં રહો...આ શી રઢ લગાડી છે ?'

પણ બચ્ચાં તે બચ્ચાં. એમનું 'એ...ચીં...એં...ચીં...' ચાલું જ રહ્યું.

ચકલો બચ્ચાં પાસે પહોંચ્યો. તરત ચકલી બોલી, 'જુઓ...ચકો તમારા માટે પોળો મેવો લાવ્યો છે...તમને ખૂબ ગમે છે ને! મારાં ડાહ્યાં...લો ખાવ...તો...એ તમને ખવડાવે છે!'

ઉખાણાં

(૧)
પાંખ વિનાનું પાંખડું,
ઊંચે ઊડી જાય;
માણસ સ્વાર થયો છતાં
જરા ન હરકત થાય.

(૨)
વાચા વિના બોલે ખરી,
પગ વિના ચાલે ખરી,
કાંટા નહિ પણ બોરડી;
ઉત્તર એનો આલ:

(૩)
ચીતરેલો મોરીઓ
દેશ-વિદેશે જાય,
પાણી પીવા ઊતરે તો
તરત મરી જાય.

ચકલાએ વારાફરતી બંને બચ્ચાંને પોચો ભાત ખવડાવ્યો. ભૂખ્યાં બચ્ચાં પાંખો ફફડાવતાં ચપોચપ ખાવા લાગ્યાં. તાજાંમાજાં થયાં. મલકી રહ્યાં. એટલામાં સચીનની મમ્મીએ બૂમ પાડી, 'સચીન, બેટા...ક્યાં ગયો? લે...તારો નાસતો કરી લે જો!'

અને પેલાં બચ્ચાં આ સાંભળી રહ્યાં. થોડાં ચકળવકળ થયાં. ચકલોચકલી એકબીજાં સામે જોઈ રહ્યાં. તેમને ફડક પેસી ગઈ...

અને ખરેખર એ બેઉ બચ્ચાંએ રોકકળ શરૂ કરી દીધી. 'એં...ચીં...ચીં... એં...ચીં...ચીં...એં...એં...એં...'

ચકલોચકલી વળી અકળાયાં. આમને કેમ સમજાવવા, કેમ કરી મનાવવા? સમજતાં જ નથીને....ચકલી તો કંટાળીને ઊડી ગઈ જાળિયા વાટે બહાર....ચકલોય પાછળ ઊડ્યો... ને બચ્ચાં તો રડતાં જ રહ્યાં.' અમારાં નામ પાડો...એં...ચીં.ચીં...એં...એં...ચીં...ચીં...ચીં.'

બહાર ઝાડ પર બેઠાં બેઠાં ચકલી-ચકલો વિચારે છે. આ કાબર...કબૂતર... કાગડા...મોર...સમડી...બધાંથી આપણે જુદાં છીએ. પણ છીએ તો પક્ષી જ ને! છે એમનામાં કોઈ નામ? તે પાછાં આપણાં બચ્ચાં નામ માટે રડે છે. અરેરે...નામ પાછળ પડ્યાં છે આ બચ્ચાં...તેમની જીદથી તો તોબા!

ચકલી કહે, 'નામ પાડી દઈએ. એમુને નામ જોઈએને! પછી તો રડતાં છાનાં રહેશે ને! એમાં શું એમને રડતાં જોઈને મારો જીવ બળે છે...મૂઉં...મરશે...'

ચકલો ચકલીને તાકી રહ્યો.

'પણ શું પાડીશું એમનાં નામ? આપણામાં વળી નામ ક્યાં હોય છે?' ચકલો નરમ પડતા બોલ્યો.

ચકલી કહે, 'પણ શું થાય? આ તો નવી દુનિયા છે. જુઓને કેટલું બધું બદલાયું....આપણે વળી નાનાં હતાં ત્યારે આવા ઝગારાધગારાવાળી લાઈટો ક્યાં હતી? અને માણસના લગન થતાં ત્યારે આવું બધું સંગીત ક્યાં વાગતું? આજે તો...'

ચકલો કહે, 'તારી વાતેય ખરી, બધું બદલાયું... પહેલાં તો નાનાંનાનાં ઘરો હતાં. અંધારિયાં ઘરો હતાં...અને આજે...હવે તો આપણે ઊડીને ઊંચે જતાં થાકી જઈએ એવાં મોટાં મકાનો...બાપ રે! તોબા! માણસજાત શું કરશે હેં?

ચકલી કહે, 'ને ઊંચે પેલું ઘરર ઘરરર કરતું ઊડે છે... શું કહે છે એને એ લોકો...?'

ચકલો કહે, 'વિમાન!'

ચકલી કહે, 'હં, એ વિમાનમાં બેસી માણસ તો આપણા ગરુડ રાજાથી યે ઊંચે ઊડે છે. બાપરે, મને તો બીક જ લાગે! મારું તો હાર્ટફેઈલ જ થાય!'

ચકલો કહે, 'ના...એવું અશુભ ન બોલ...આપણે ક્યાં એટલું ઊંચું ઊડવું છે!'

ચકલી કહે, 'પણ આપણે હવે બદલાઈએ...ભલે એમનાં નામ પાડીએ.'

ચકલો કહે, 'તું કહીશ એમ કરીશ...પણ ભાઈ જીવ ના બાળ...ચાલો કંઈક નામ શોધીએ...વિચારીએ...'

એટલામાં એ ઝાડ તળેથી બે છોકરા પસાર થયા. એક બોલ્યો, 'અલ્યા, પેલો ટેણિયો શી ડંફાસ મારતો હતો?'

'કયો ટેણિયો?' બીજા છોકરાએ પૂછ્યું.

પહેલો છોકરો બોલ્યો, 'પેલો...પેલો ટેણિયો...તને લાલ લાલ બદામ આપે છે તે!

બીજો છોકરો બોલ્યો, 'હં...પેલો ઢીચકુ ઢોલ!'

'ઢીચકું ઢોલ?' બીજો છોકરો કહે, 'એ ઢીચકુ ઢોલ છે!' પહેલો છોકરો હસ્યો, ને કહે, 'એ બદામ જેવો છે ને એટલે અમે એને ઢીચકુ ઢોલ કહીએ છીએ!'

ચકલી ઝાડની ડાળી પર કલરવી ઊઠી,' મળી ગયું! મળી ગયું! નામ મળી ગયું !

ચકલો કહે, 'કેવું નામ?'

ચકલી કહે, આપણે ચકાનું નામ 'ઢીચકુ' રાખીએ તો કેવું?'

ચકલાએ પાંખ પહોળી કરી ચકલીની પીઠ થાબડી કહ્યું, 'તું બુદ્ધિશાળી તો ખરી! સરસ નામ ગોત્યું.' પછી ઉમેર્યું, ને ચકી બચ્ચીનું નામ ઢીચકી રાખીએ તો કેવું!'

'વાહ વાહ! 'ચકલી બોલી, તમેય કેવા ચબરાક છો! હાશ, મને નિરાંત થશે હવે. છેવટે સારાં નામ મળ્યાં...ચાલો હવે!'

ચકલો કહે, 'ના...એમ નહીં, નામ પાડીએ તો એમનું મોંય મીઠું કરાવવું પડે ને!'

એટલામાં બીજાં ચકલાચકલીની જોડ ત્યાં આવી. પેલા ચકલાએ તેમને બધી વાત કરી. ને ચકલો બોલ્યો, 'લો ત્યારે, હું પેલા મીઠાઈવાળાને ત્યાંથી થોડું ગળ્યું ચાંચમાં ભરી લાઉં! તમે અહીં રહો!'

ચકલો મીઠાઈવાળાને ત્યાં જઈ ચાંચમાં મીઠાઈનો ભૂકો ભરી લાવ્યો.

ચારે જણા જાળિયા વાટે ઓરડામાં ઘૂસ્યા, કે તરત પેલાં બંને બચ્ચાંઓએ કકળાટ કરી મૂક્યો...

'એં...ચીં...ચીં...એં...એં...ચીં...ચીં...એં ...અમારાં નામ પાડો...સરસ, નામ આપો...' (અનુસંધાન પૃ. ૨૭૪ પર)



પત્તાંની જોડ

છે જિંદગી આપણ સૌ તણી તો
રે! ગંજિપા બાવન પાનના-શી
મળે ન પત્તાં મનમાગતાં કૈં,
લેવાં પડે છે ચિપ'માં મળેલાં :
ક્યાં મળે તે તકદીર-હાથે.

પાનાં તણી જોડ જ જિંદગાની,
સંજોગ-પાનાં નિજ જોડ કેરાં.
પરંતુ તે તેર થકી, છતાં યે,
ક્યારે ક્યાં ઊતરવાં તમારે
સ્વાધીન છે તે, - વળી હોશિયારી
છે માનવીની નિજમાં જ સાચી

- પ્રબોધ જોષી

સદગત્ પ્રજારામ રાવળ

૧૯૫૬માં સુંદરમે જેમને 'નોળવેલનો કવિ' કહીને આવકાર્યા હતા તે પ્રજારામ નરોત્તમ રાવળનું ૨૮ એપ્રિલ ૧૯૯૧ના રોજ પંચોતેર વર્ષની વયે સુરેન્દ્રનગરમાં અસવાન થતાં અરવિંદના જીવનદર્શનથી પ્રભાવિત થઈને પૂર્ણ સભાનપણે યોગાભિમુખ થનાર એક કવિ આપણી વચ્ચેથી વિદાય થયા. પ્રજારામનું વતન વઢવાણ, જન્મ પણ વઢવાણમાં- ૩ મે, ૧૯૧૭ના રોજ. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ વતનમાં લીધું. પિતા વૈદ્ય હતા એટલે ઉચ્ચ અભ્યાસ આયુર્વેદમાં કર્યો અને ૧૯૪૧માં આયુર્વેદમાં પ્રથમ વર્ગ લઈને ઉત્તીર્ણ થયા. એ પછી પિતાનો વૈદકનો વ્યવસાય શરૂ કર્યો અને લગભગ તેરેક વર્ષ એ વ્યવસાયમાં પસાર કર્યાં. ૧૯૫૪માં ભાવનગરમાં આયુર્વેદ વિદ્યાલયમાં ઉપાચાર્ય તરીકે જોડાયા પછી ત્યાં જ આચાર્ય બન્યા. નિવૃત્ત પણ ત્યાંથી જ થયા. નિવૃત્તિથી નિધન લગી સુરેન્દ્રનગરમાં રહ્યા.

કાન્ત, ન્હાનાલાલ, બળવંતરાય દ્વારા સ્થપાયેલી અને ઉમાશંકર-સુંદરમે પુરસ્કારેલી અર્વાચીન ઊર્મિકવિતા સાથે પ્રજારામની કાવ્યબાનીનું અનુસંધાન છે. એમની પાસેથી છંદોબદ્ધ કાવ્યો અને ગીતો મળ્યાં છે. 'ચંદ્રોદય' જેવું પદ્યનાટક પણ પ્રાપ્ત થયુ છે. કવિએ ઠીક ઠીક પ્રમાણમાં સૉનેટોની રચના પણ કરી છે. એમાં 'નૈવેદ્ય'માંનુ નવ સૉનેટોનું ગુચ્છ મહત્ત્વકાંક્ષી છે. એમાંની લાલિત્યમય કાવ્યબાની કવિની મુગ્ધતામાંથી કોળી વિદગ્ધ થયેલી પ્રતિભાની પ્રતીતિ કરાવે છે. 'પર્ણા', 'નાંદી' અને 'નૈવેદ્ય'માં પ્રજારામની કવિતા ગ્રંથસ્થ થવા પામી છે. ઋતુઓ અને તદન્વયે પ્રકૃત્તિ પ્રત્યેનો લગાવ એમની કવિતાનો પ્રધાન સૂર છે. એમાં પ્રસન્ન રસિકતા પણ રહેલી છે. 'ન્યાળું હું મુગ્ધ મુગ્ધ દ્યુતિ ગગનભણી' એમ કહેતાં કવિની વાણીમાં આકાશપ્રીતિ છલકાય છે. કવિની પૃથ્વીપ્રીતિ અને વતનપ્રીતિ પણ પ્રભાવક છે. 'વસન્ત આવી', 'ફાગણનો વાયરો', 'અગની લાગિયો', 'શિશિર-વસંત'. 'મધુમાસ' ઇત્યાદિ ગીતોમાં પ્રકૃતિની લીલા કવિએ ગાઈ છે. એમાં ક્યાંક પ્રણયની અનુભૂતિ પણ આમેજ થઈ છે. પ્રજારામની વતનપ્રીતિના સંદર્ભે 'ઝાલાવાડી ધરતી' ગીતનું સ્મરણ કરવા જેવું છે. એ ગીતમાં ઝાલાવાડી ધરતીનું એક સુરેખ શબ્દચિત્ર આપ્યું છે :



પ્રજારામની કવિતાનું ધ્યાન ખેંચતું તત્ત્વ છે લયસૌષ્ઠવ અને અર્થસૌષ્ઠવ. એમની કવિતામાં છંદ અને ભાવનું વિચક્ષણ સાયુજ્ય જોવા મળે છે. ભક્તિકાવ્યોમાં કવિની આરતનો રણકાર સંભળાય છે.

દાદુરની દુનિયા

વૃક્ષ દેડકા



આ દેડકાનું વૃક્ષ દેડકો શાસ્ત્રીય નામ Hyla Versicolor છે. તે વૃક્ષપર રહેતા હોવાથી તેને વૃક્ષવાસી એટલે કે tree frog કહે છે. પ્રજનનઋતુ દરમિયાન આ દેડકાં પાણીમાં વસવા જાય છે. શિયાળામાં જમીનમાં, પથ્થરોની નીચે કે મોટા લાકડાઓની નીચે ઠંડીની સામે રક્ષણ મેળવવા શીતસમાધિ (hibernation) ભોગવે છે. જે વૃક્ષપર તે રહેતાં હોય છે તેને અનુરૂપ રંગની વિવિધતા તેમનામાં જોવા મળે છે. કેટલાંક કાળા તો કેટલાંક ભૂખરા કે લીલા રંગનાં જોવામાં આવે છે. તેમની પીઠ તરફની ચામડી લીસી હોય છે, જ્યારે છાતી તરફની અંકુરમય હોઈ ખરબચડી લાગે છે. તેની કેટલીક જાતિમાં વિષગ્રંથી આવેલી હોય છે.

વૃક્ષવાસી હોવાને લીધે તેમની આંગળીનાં ટેરવાં ચપટાં અને ગ્રંથીમય હોઈ ચીકણાં હોય છે. તેથી તે આધાર-સપાટીને ચીપકીને રહે છે એટલું જ નહીં, પરંતુ ગરોળી અને કાચીંડાની જેમ તદ્દન ઊભી સપાટી ઉપર પણ ચડી જાય છે. તેમનાં પાછળનાં ઉપાંગોનાં આંગળાં વચ્ચે પડદા નહીંવત્ હોય છે. તેમને ફક્ત ઉપરનાં જડબામાં જ દાંત આવેલા હોય છે.

તેમના શરીરની નીચેની સપાટી ઉપર છિદ્રમય ભેજચૂષક ગ્રંથીઓ આવેલી હોય છે. તેના દ્વારા પર્ણની સપાટી ઉપરથી તેઓ પાણીનું શોષણ કરે છે. કદમાં તે બુલ દેડકા કરતા નાનો હોવા છતાં અવાજ મોટો કાઢી શકે છે. અવાજ કાઢે છે ત્યારે તેની સ્વર-કોથળી ખૂબ મોટી અને ફૂલીને ફુગ્ગા જેવી ગોળ બને છે. તેઓ ખૂબ અવાજ કરવાનો શરૂ કરે છે પછી સામાન્ય રીતે વરસાદ આરંભાતો હોવાથી તેમને 'હવામાનનો વરતારો બહાર પાડનારા' તરીકે ઓળખવામાં આવે છે. (અનુસંધાન પૃ. ૨૫૮ પર)

કાવ્યસર્જન સાથે પ્રજારામે જે અનન્ય કાર્ય કર્યું તે કાલિદાસના 'રઘુવંશ'ના સમશ્લોકી અનુવાદનું. 'રઘુવંશ'ના જે અનુવાદો થયા છે તેમાં પ્રજારામનો અનુવાદ 'એક આનન્દયાત્રા' સમો બની રહ્યો હતો. આ નિમિત્તે ઉમાશંકર જોશીને લખેલા પત્રમાં ગુજરાતી ભાષાના સામર્થ્યની વાત કરતાં પ્રજારામ લખે છે : 'વળી, ગુજરાતી ભાષા ઘણી નમનીય. વાળી વળે તેવી, ગુજરાતી પ્રજા જેવી, કોઈ સારા માણસ જેવી છે. ઉત્તમ રેશમના વસ્ત્રની ગજી જેવી, કોઈ રીતે ન ભાંગી શકે તેવી છે એ. એને ગમે તેમ ચોળી નાખો તો ય એ તો ઈસ્ત્રીબંધ જ રહે. સારા કુટુંબની દીકરી સાસરિયામાં સરખી ગોઠવાઈ જાય તેવી છે એ. સંસ્કૃત ભાષાને બરોબર ઝીલી લે છે જાણે ખોળો પાથરીને.'

નવમા દાયકામાં પ્રજારામનું નામ વિસરાતું ગયું છે. પરંતુ ગુજરાતી ઊર્મિકાવ્યના સંદર્ભે ભવિષ્યમાં પ્રજારામને ભૂલવા સરળ નથી. આ ઊર્મિકવિ આજે આપણી વચ્ચે નથી.

-પ્રફુલ્લ રાવલ

હીરાલાલ ખત્રી, સ્વર્ગસ્થ



કલાગુરુ સ્વ. રવિશંકર રાવળે ગુજરાતમાં કલાજાગૃતિ પ્રકટાવ્યા પછી ચિત્રકળાના ક્ષેત્રે જે અનેક ગુજરાતી ચિત્રકારોનાં નામ ખ્યાતિ પામ્યાં હતાં તેમાં છબિચિત્રણામાં પોતાની આગવી સિદ્ધિને કારણે અમદાવાદના ચિત્રકાર હીરાલાલ ખત્રીની પણ ગણના હતી. ગઈ તા. ૨૩ એપ્રિલે ૮૫ વર્ષની વયે એમનું અવસાન થયું. આ સદીના આરંભકાળથી આપકર્મે આગળ વધી ચિત્રકામમાં- ખાસ કરીને છબીચિત્રોના ક્ષેત્રમાં એમણે પોતાનું આગવું નૈપુણ્ય સિદ્ધ કર્યું હતું. અમદાવાદના રીચી રોડ, હાલના ગાંધી રોડ પરનો એમનો સ્ટૂડિઓ છબિચિત્રોના ઉત્તમ સર્જન માટે ખ્યાત હતો. વિવિધ ક્ષેત્રની અનેક ખ્યાતનામ વ્યક્તિવિશેષોની એમણે ચીતરેલી છબીઓ અનેક ઘરો અને જાહેરસ્થાનોમાં એમના નામને જેબ આપતી એમની કલાસિદ્ધિની સાક્ષી પૂરે છે. ગાંધી આશ્રમમાં એમણે કરેલાં ગાંધીજીનાં અનેક ચિત્રો આજે ત્યાં જોવા મળે છે. દેશના વિભાજનથી સર્જાયેલી કરુણતાને અભિવ્યક્ત કરતી '૧૫ ઓગસ્ટ' નામની એમની એક કૃતિ સ્વ. જવાહરલાલ નેહેરુને અત્યંત પ્રભાવિત કરી ગઈ હતી. આમ તો તેઓ ફોટોગ્રાફી પણ સારી કરી શકતા હતા. પણ ચિત્રકામમાં એમને સવિશેષ રસ હતો. છબીચિત્રોમાં પશ્ચિમના રેમ્બ્રાં, વર્મીઅર વગેરે જેવા વિખ્યાત ચિત્રકારોની તેજછાયાના રંગપલટાની છટાથી તેઓ પ્રભાવિત હતા. અને પોતાનાં ચિત્રોમાં એમણે તેને સફળતાપૂર્વક પ્રયોજી હતી. છબીચિત્રો ઉપરાંત વિવિધ વિષય પર આધારિત ચિત્રસર્જન પણ એમણે કરેલું, જેમાં ઉત્તરાવસ્થામાં એમનું વલણ આધ્યાત્મિકતા તરફ ઢળ્યું હતું. ચારેક દાયકા પહેલાં ગુજરાતના ભદ્ર સમાજમાં ગુજરાતી ચિત્રકારોના વિવિધ ચિત્રસંપુટોની બોલબાલા હતી એ કાળે એમણે પણ 'જ્યોતિદર્શન' નામે એક ચિત્રસંપુટ પ્રકટ કર્યો હતો. છબીચિત્રકાર તરીકે તો કદાચ ગુજરાતના એ એક બેજોડ ચિત્રકાર હતા. ચિત્રકલાક્ષેત્રે એમની દેણગી અને સિદ્ધિને દિલ્હીની ઓલ ઈંડિયા ફાઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી, ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી અને અમદાવાદ નગરપાલિકાએ સમ્માની હતી.

કલા પ્રત્યેની ચાહનાથી પ્રેરાઈને એકલવ્યની પેઠે તેની સતત સાધના કરતા રહી તેમાં સિદ્ધિ હાંસલ કરનાર એમના જેવા એકનિષ્ઠ ચિત્રકાર સેહેજે પ્રેરક બની રહે એ સ્વાભાવિક છે, પરંતુ હાલ તો એમના જેવા કલાને સમર્પિત કલાસાધકની ખોટ ગુજરાતને અવશ્ય સાલશે.

બિ.ટાં.

તડબૂચ

ગરમીની ઋતુમાં તડબૂચનો મહિમા ઘણો છે. રસ્તા પર ઠેર ઠેર આ ઋતુમાં તડબૂચ વેચાતાં હોય છે. અને લોકો તે હોંશે હોંશે ખાય છે. અંગ્રેજીમાં તડબૂને વૉટર મેલન (Water melon) કહે છે. તડબૂચના ગરમાં પાણીનો ભાગ ખૂબ છે. ફારસીમાં તેને તડબૂઝ કહે છે. સંસ્કૃતમાં તેને કાલિંદ કે કાલિંગ કહે છે. આને આજ કલિંગર પણ કહે છે. તડબૂચ સહુ ફળોમાં કદ, દળ અને વજનમાં ઘણું મોટું હોય છે. કેટલાંક તડબૂચ તો ૨૦થી ૨૨ કિલોના હોય છે.

તડબૂચ જલપ્રધાન ફળ છે. આથી તે તૃષા છીપવવામાં ઉપયોગી છે. પ્રકૃતિએ તે ઠંડું હોઈ પિત્તશામક, દાહશામક છે. શ્રમિકો માટે થોડું તડબૂચ પણ શ્રમહર લેખાય છે. થાક પછી તડબૂચ ખાવામાં આવે તો તે તાજગીનો અનુભવ કરાવે છે. તડબૂચ ખાવાથી પેશાબની પણ છૂટ રહે છે. દાંત કે પેઢાંમાંથી ક્યારેક લોહી નીકળતું હોય, શરીરે ખંજવાળ આવતી હોય, નસકોરી ફૂટતી હોય તો તડબૂચનું નિયમિત સેવન લાભદાયી થાય છે.

તડબૂચનાં બીનો પણ મુખવાસ તેમજ ઔષધિ તરીકે ઉપયોગ થાય છે. તડબૂચનાં બીને સૂકવી તેને ફોલી તેમાંથી નીકળતાં સફેદ મીંજ મુખવાસમાં, ઠંડાઈમાં કે મીઠાઈ પર પાથરવામાં કામે લાગે છે. આવાં ૨૦-૨૫ મીંજનું એકાદ માસ સેવન કરવાથી કૃમિનો નાશ થાય છે. તડબૂચના સેવનથી અજીર્ણમાં પણ લાભ થાય છે.

તડબૂચ નદીના ભાઠામાં થાય છે. હવે તો તેની પણ સંકર જાતો થવા લાગી છે. બી વગરના તડબૂચનું ઉત્પાદન હવે વધતું જાય છે. કેટલાક લોકો એના ગરનો લાલ રંગ જોઈ એ ખાવાનું ટાળે છે, પરંતુ ગરમીની ઋતુમાં એના ઔષધીય ગુણોને કારણે એ ઘણું આવકાર્ય ફળ છે.

સારું તડબૂચ કેમ ખરીદવું એ પણ એક કસબ છે. સામાન્ય રીતે તેના ડીંટાના ભાગ પાસે સહેજ ઊંડું ઊતરી ગયેલું હોય, પાછલો છેડો રંગીન હોય તથા દબાવતાં તડબૂચ પોચું લાગે તે તેની પકવતાની નિશાની છે. (સંકલિત)

દોષ ન દેવો કોઈને, કર્માધીન છે સર્વ;
મેં, તેં, તેણે આ કર્યું, અજ્ઞાનીનો ગર્વ.

મહાત્મા ગાંધી પાસે એક વાર એક ભગવાંધારી સ્વામી જઈ પહોંચ્યા. તેમણે જનસેવા કરવાની પોતાની ઇચ્છા મહાત્મા ગાંધી પાસે વ્યકત કરી. ગાંધીજીએ એમને જણાવ્યું કે તેમનાં ભગવાં વસ્ત્રો જોઈ લોકો તેમને પગે પડશે, તેમને વીંટળાઈ વળશે અને જનસેવા કરવા નહિ દે. માટે જો તેમણે ખરેખર જનસેવા કરવી જ હોય તો સૌપ્રથમ ભગવાં વસ્ત્રોનો ત્યાગ કર્યા પછી જ પોતાની પાસે આવવું. પેલા સ્વામીએ ગાંધીજીની વાતનો સ્વીકાર કરી ભગવાં ત્યાગી તેમની સાથે જનસેવામાં ઝંપલાવ્યું. આ વ્યકિત તે મહાન ગુજરાતી ગદ્યકાર સ્વામી આનંદ.

¤

શરીરે અળાઈ ફૂટી નીકળવાની આ ઋતુ. તેને નિવારવાના થોડા ઉપાય : કેરીનો રસ શરીરે ચોપડીને નહાવું, કેરીની ગોટલી વાટી શરીરે ચોળીને નહાવું, પાણીમાં સારું રસદાર લીંબું નીચોવીને નહાવું, દૂધની મલાઈમાં સુખડ અને ઝિંક ઓકસાઈડ મેળવીને ચોળવાથી અળાઈઓ તથા તેથી થતાં ગરમીનાં ગૂમડાં કે તોપાડિયાં (ધામીઓ) પણ મટશે.

¤

કાળી પડની કોણી ઉપર દશેક મિનિટ સુધી લીંબુંનું ફાડિયું ઘસી, થોડીવાર રહેવા દઈ, ગરમ પાણીથી કોણી ધોવી. ત્રણ ચમચા હાઈડ્રોજન પેરોક્સાઈડમાં સાતઆઠ ટીપાં એમોનિયા ભેળવીને લોશન બનાવી રાખવું. આ લોશનને પંદરેક મિનિટ કોણી પર લગાડી રાખી એને ધોઈ નાખીને કોણી ઉપર થોડું કોલ્ડ ક્રીમ લગાવવું. દૂધની મલાઈમાં લીંબુનો રસ ભેળવીને લગાવવાથી પણ કોણી સાફ રહે છે અને કાળી દેખાતી નથી.

¤

હીંગને અગ્નિમાં નાખતાં વેંત જ જો તે ભભૂકી ઊઠે તો જાણવું કે એ સાચી હીંગ છે.

¤

એક કેલરી એટલે કેટલી ગરમી? બે રતલ પાણીને બરફની સ્થિતિમાંથી વરાળ નીકળે એ સ્થિતિ પર લઈ જાય તેટલી ગરમી.

¤

જોડણીભેદે અર્થભેદ

વારિ- પાણી ; વારી-ઘોડો, વારો, ક્રમ, પાળી

¤

ગણીતગમ્મત : પાંચની સંખ્યાને એવી રીતે પાંચ વાર લખો કે જેનો સરવાળો ૧૬ થાય.

¤

પૃથ્વીના સમગ્ર ભૂભાગ ઉપર ઊંચામાં ઊંચું બિન્દુ માઉન્ટ એવરેસ્ટ- સમુદ્રની સપાટીથી ૨૯૦૨૮ ફૂટ છે, જ્યારે નીચામાં નીચું બિન્દુ ડેડસીની કંઠારનો ભાગ છે. સમુદ્રની સપાટીથીય તે ૧૨૦૬ ફૂટ નીચે છે. જ્યારે સમુદ્રમાં વધુમાં વધુ ઊંડાઈ ફિલિપાઈન્સ ટાપુ પાસે, સમુદ્રની સપાટીથી ૩૬૧૯૮ ફૂટ છે.

¤

'આપ કલકત્તા કેમ જાવ છો?'

'એક માણસને મળવું છે.'

'તે શું અહીં આપણા ગામમાં ઓછા માણસો છે કે એકને મળવા માટે તમે છેક કલકત્તા સુધી લાંબા થાઓ છો?'

¤

ગણીતગમ્મતનો ઉત્તર : ૫+૫+૫+ ૫/૫

¤

જન્મ અને મૃત્યુ બંને જીવનના જ અંગો છે. પગલું ઉપાડવું અને પગલું નીચે મૂકવું તે બંને ગતિનાં અંગ છે.

રવીન્દ્રનાથ ઠાકુર

દરિયાઈ પ્રાણી સિપિયાના શરીરમાં એક 'ઈંક ગ્લેન્ડ'- શાહી ગ્રંથિ હોય છે. આ ગ્રંથિ તેના મળદ્વાર સાથે જોડાએલી હોય છે. આ ગ્રંથિમાંથી કાળી શાહી તે ઉત્સર્જે છે. આ શાહીનો ઉપયોગ તે આત્મરક્ષા માટે કરે છે. જ્યારે શત્રુનો ભય પેદા થાય છે ત્યારે મળમાર્ગ દ્વારા સિપિયા પેલી ગ્રંથિમાંથી શાહી પાણીમાં ફેલાવી તેને કાળું કરી મૂકે છે, જેથી શત્રુ સિપિયાને પાણીમાં શોધી શકે નહિ. આ શાહીનો ઉપયોગ શિલ્પિઓ પણ કરે છે તે હવે વિદિત છે.

¤

ઈ. સ. ૧૨૯૬માં અલ્લાઉદ્દીને તેના લશ્કર સાથે દિલ્હી પર હુમલો કર્યો હતો ત્યારે તોપગોળા તરીકે સોનું ભરેલી કોથળીઓ વાપરી હતી!


¤

ખાવામાં ઝેરી પદાર્થ આવી ગયો હોય તો વમન દ્વારા તે બહાર કાઢવો જોઈએ. આ માટે એક ચમચો રાઈનો ભૂકો પાણી સાથે ફકાવી દેવામાં આવે તો ઊલટી થઈ જાય છે.

¤

ફ્રીજ ન હોય ત્યારે ગરમીની ઋતુમાં કેરીનો રસ વગેરે ઠંડો કરવા તપેલી પર ચુસ્ત ઢાંકણ મૂકી તેના પર બરફ રાખવો.

¤



કલાકણિકા ઈ. સ. પૂર્વે ત્રીજી સદીના રોમન કલાકૌશલનો આ એક નમૂનો ૧૫ સે.મી. લાંબો અને ૧૭૪૦ ગ્રામ વજનનો કાંસાનો ચલણી સિક્કો છે. તેની એક તરફ હાથી અને બીજી બાજુ ભૂંડની આકૃતિ ઉપસાવેલી છે. ઇટલીમાં ત્યારે કદાચ પહેલી વાર હાથી લાવવામાં આવ્યો હશે તેની સ્મૃતિમાં તેની આકૃતિ આમ અંકિત કરાઈ હશે. વ્યવહારમાં આવા ભારે સિક્કાની લેવડદેવડની અગવડ અનુભવ્યા પછી અને એ જ અરસાના ગ્રીસના ગોળ નાના સિક્કાઓ જોયા બાદ એ સદીની આખરમાં રોમનોએ પણ નાનાકડા ગોળ અને હળવા સિક્કાનું ચલણ અપનાવ્યું અને તેમાં ચાંદી તથા સોનાનો ઉપયોગ પણ કરવા માંડેલો.